૧૯૩૧ – 1931

નવું વર્ષ.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2133.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના પોષ વદી ૧. | છુટક નકલ: |
| અંક ૧ લો. | તા૦ ૫-૧-૩૧ | ૦॥ આનો. |

## આટલું તો કરજો!

તમે પત્રિકાના ગ્રાહક છો?

ન થયા હો તો આજેજ થઇ જાઓ!

પત્રિકા તમારી છે! જો તમો ગ્રાહક થએલા હો તો!

તમારે એક ગ્રાહક વધારી આપવોજ જોઇએ!

યુવક સંઘના સભ્ય તો હશોજ! તેમાં તમને કહેવાપણું નજ હોય! નવા વર્ષનું લવાજમ તો આપે મોકલાવી આપ્યું હશે, ભુલ્યા હો તો તરત મોકલી આપજો.

રખે! સંઘને મજબુત બનાવવાનું ભુલતા! તમારે તમારા મિત્રો, સગાઓ ને સભ્ય તરીકે જોડવાજ જોઇએ!

સંઘના કાર્યક્રમને આગળ ધપાવવા તમારો ફાળો આપતા હશો, ભુલ્યા હો તો જાગૃત થાઓ!

તમારા ગામમાં યુવકસંઘ સ્થાપો!

તમારૂ બળ સંગઠીત કરો!

તમે જાણતા હશો કે પત્રિકા કદ વધારે છે. જાહેરાતનું બહોળું સાધન છે શિક્ષસમાજમાં હોંશપૂર્વક ખુબ વંચાય છે. તમારો ધંધો ખીલવવોજ જોઇએ!

આજેજ જાહેરાત આપી દો!

યુવક તરીકે ઉપરના લખાણનો અમલ જરૂર કરી બતાવવો જોઇએ!

કારણ!

હવે જરા પણ પ્રમાદ આ ગાંધી યુગમાં નહિ ચાલે!

જર્જરીત પ્રણાલીકાને તોડવા જલદી સંગઠીત બનો!

યાદ રાખજો નવસર્જન તમારે હાથે સરજાવું છે.

## આવતી લગ્નસરા.

સમગ્ર ભારત આજ કટોકટીના વખતમાંથી પસાર થઇ રહ્યો છે. લોકોની આર્થિક-સ્થિતિ દીનપરદીન ખમતી જાય છે. જીવન નિર્વાહનાં ફાંફાં થઇ પડવાં છે ત્યાં ધણાઓને તો આજે દેખાદેખી કરવાની ટેવને લઇ કરજના ભારમાં ડુબી જઇને પણ દીકરાઓને પરણાવવામાં ધામધુમ કરવાની મરજી થઇ જાય છે. પણ આજનો યુગ મિષ્ટ ભોજનોથી નહિ, પણ લુખી સુખી ભાખરીથી ચલાવવાનો છે ત્યાં આપણે લગ્નના ઉત્સવો ધામધુમપૂર્વક નજ ઉજવી શકીએ. કેટલાંક ભાઇ બહેનોને પહેરવાને પુરતાં વસ્ત્ર કે ખાવા એક ટંક પુરૂં અન્ન નથી. તો આ બધી પરિસ્થીતી ધ્યાનમાં લઇ ચાલુ વર્ષમાં થનાર લગ્નો ખુબ સાદાઇથી કરવાનું દરેક મહાજનો પોત પોતાના વિસ્તારમાં નક્કી કરે તો સમાજને અનેક દ્રષ્ટિએ ખુબ લાભદાયી નીવડે એમ અમારૂં માનવું છે. લગ્નના મેળાવડામાં ભાગ લેનાર ભાઇ બહેનો ખાદીમય કે સ્વદેશીમયજ લગ્નના ઉત્સવો ખુબ સાદાઇથી ઉજવે એ વધારે ઇચ્છવાજોગ છે. લગ્નના મેળાવડા આ વર્ષે મોજ કે મિજાજ ઉડાવવાનું સાધન બની રહે ન બને તેની કાળજી જરૂર રખાશે એવી આશા ચાલુ સમયમાં નકામી નજ ગણાય. અમે ઇચ્છીએ છીએ કે જૈન બધુઓ તો મહેફીલો અને ભારે લગ્ન સમારંભો ન કરતાં સ્વદેશીનો પ્રચાર થાય તેવા મેળાવડા યોજી બહાર લોકોને આઝાદીનો મંત્ર તેમના કાનમાં જરૂર ફુંકશે.

અત્યારે આખું વાતાવરણ એવું હોવું જોઇએ કે નવયુગલો કે બનેવાઓના હૃદયમાં દેશભાવના ભરપુર વધારે કરવી જોઇએ અને તેને માટે લગ્ન વગેરેના પ્રસંગો ખુબ સાદાઇથીજ ઉજવાવા જોઇએ.

જે ભાઇઓ શ્રીમંતો છે તેઓએ લગ્ન પ્રસંગોએ થતા ખરચો ઓછાં કરીને જે પૈસા બચે તે સ્વદેશી પ્રચારમાં કે બેકાર ભાઇઓને ધંધે લગાડવાના કાર્યમાં અગર તો નિરાશ્રિતોને આશ્રય આપવાના વગેરે એવા એવા ઉપયોગી ખાતાઓમાં ખરચશે. જેથી સમાજને અને દેશને અનેક ઘણો લાભ થશે.

લોક મત અત્યારે સાદાઇ ચાહી રહ્યો છે. તેવા પ્રસંગે ભાવનગરમાં માગસર માસમાં કેટલાક લગ્નો સંપુર્ણ સ્વદેશની ભાવના જળવાઇ રહે તેવી રીતે ઉજવવામાં આવેલાં પણ એક લગ્ન પ્રસંગનો દાખલો ખાસ અત્યારે જાણવા જેવો છે. જે વરરાજા સંપૂર્ણ સ્વદેશી વસ્ત્રો પહેરીને ઘોડે ચડેલા તેના પગમાં ભુલથી વિદેશી મોજાં રહી ગએલા તે જોઇને લોકોએ પોકાર કરી તે વિદેશી મોજાં ઉતરાવ્યાં અને પરિણામે વરરાજા વગર મોજાં પહેરે પરણવાને ગયા આ ઉપરથી સમજાશે કે લોકોને વિદેશી વસ્ત્રો સામું જોવાનું પણ મન ભાગ્યેજ થાય તેવો પ્રસંગ આવી રહેલો છે. તો પછી શા માટે ખોટાં ખરચો કરી ખોટી વાહવાહ લેવી જોઇએ.

લગ્નના બચત પૈસા તમારા ગરીબ બંધુઓને ભણાવવામાં ખરચો અનેક બોર્ડીંગો આજે જર્જરીત સ્થિતિમાં પડી છે. તેમને સહાય કરો, સ્કોલરશીપો લગ્ન નિમીત્ત આપવાનું કરો જેથી લગ્નની ખરી યાદ રહે બાકી અત્યાર સુધી વેડફી નાખ્યા તેમ હવે તમારા પૈસા વેડફી નાખવાનું કલંક ન વહોરતા.

યુવક બંધુઓ તમારી ફરજ છે કે મૈયા ભારતીના આ કટોકટીના સમયે એક પણ પાઇ નકામી ન વેડફાવા દેતાં સૌને સમજાવવા પ્રયત્ન કરજો. જેઓ ન સમજે તેને ફરી ફરી સમજાવશો પણ ભાન ભુલેલાઓની સાન ઠેકાણે લાવવી એ આજના નવ યુવાનોની પ્રમાણિક ફરજ છે બોલો "ભારત મૈયાકી જય."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# નવું વર્ષ.

પરમાત્માની કૃપાથી આ પત્રિકા એક વર્ષ પૂર્ણ કરી આ અંકથી બીજા વર્ષમાં પ્રવેશ કરે છે 'જૈન યુવક સંઘ પત્રિકા' પ્રથમ ચાર માસ માટે એક અખતરો તરીકે શરૂ કરવામાં આવી હતી. તે પછી સને ૧૯૩૦ ના જાનેવારીની પહેલી તારીખે, ભારત સ્વાતંત્ર્યવાદના શરૂ થવાની સાથે આ પત્રિકાએ કાયમી સ્વરૂપ લીધું; તેને એક વર્ષ પૂરૂં થયું છે; તે પ્રસંગે કેટલીક હકીકત સમાજ પાસે નિવેદન કરીએ છીએ. આ પત્રિકા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની માલેકીની છે. આ પત્રિકામાં કોઈનો અંગત સ્વાર્થ બિલકુલ નહિં. પત્રિકાની તમામ વ્યવસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની મેનેજીંગ કમિટિએ નિમેલી સમિતિ તરફથી કરવામાં આવે છે તે સમિતિ, તંત્રીની નિમણૂંક, લેખોની પસંદગી વિગેરે કરે છે હાલ તે સમિતિમાં ત્રણ સભ્યો કામ કરે છે. અને પત્રિકાને લગતું દરેક કામકાજ સંભાળે છે.

ગયા વર્ષમાં પત્રિકા નિયમિત એક ફારમની કાઢવામાં આવતી હતી. પ્રસંગોપાત વધારે પાના આપવામાં આવતા હતા. નવી સાલથી દોઢ ફારમ નિયમિત આપવાનું શ્રી યુવક સંઘે નક્કી કર્યું છે છતાં લવાજમ ગયા સાલની માફકજ રાખેલ છે.

**પત્રિકાનો હેતુ** :—પત્રિકા સાધુ સંસ્થાની જરૂરીઆત સ્વીકારે છે અને તે સંસ્થા સમાજને ઉપયોગી અંગ રહે તેમ પ્રચ્છે છે. દીક્ષાની પ્રવૃત્તિને પ્રચ્છે છે; પણ અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ સામે તેનો પોકાર છે. દીક્ષામાં અયોગ્યતાનો પ્રકાર હોઈ શકે નહિં એમ તો કોઈ જૈન શાસ્ત્રનો અભ્યાસી કહી શકશે નહિં. "આ અયોગ્ય દીક્ષા કહેવાય આને દીક્ષા આપી શકાય નહિં" તેવા વિધાનને વર્ણવનારા ઘણાં ગ્રંથો પ્રમાણભૂત આચાર્યોએ બનાવેલા છે. આજ અંકમાં સુધિષામાંથી ઉધૃત જે લેખ આપવામાં આવ્યો છે તેમાં પણ તેવાં વર્ણનો છે. એટલે ગમે તેવી દીક્ષા ગમે તેને આપાતી હોય, ગમે તેવા સંજોગોમાં આપાતી હોય છતાં તે દીક્ષા સામે કાંઈ બોલી ન શકાય તેવી માન્યતાની સામે અમોએ પ્રબળ વિરોધ દર્શાવ્યો છે અને દર્શાવીશું.

પત્રિકાને કોઈ પણ સાધુ માટે અંગત વિરોધ નથી. સાધુઓની અયોગ્ય પ્રવૃત્તિ હોય તો તે નિંદ્ય કહેવાયું છે અને કહેવાશે. સાધુ લડત જેમાં અહિંસા માર્ગની અનેક પ્રકારે પુષ્ટિ થાય છે. જે હકીકતનો સ્વીકાર દુનિયા ભરના મહાન વિદ્વાનો કરે છે. વળી ત્યાગ ઉપર જે લડતનો મુખ્ય આધાર છે. જે લડત ક્ષમાના, સહનશીલતાના ગુણને ઉત્તમ પ્રકારે પોષવે છે. જે લડત માનસીક અનેક પ્રકારના સંયમ કેળવે છે તે લડતની સામે પોતાના અભીમાનથી અથવા તો અંગત કારણથી કોઈ સાધુ ખોટા આક્ષેપો કરે ને લડતને અવળા સ્વરૂપમાં મૂકે; જૈન સમાજને તે લડતથી પરાંગમુખ કરવાના વ્યાખ્યાનો કરે તો તે સાધુની તેવી પ્રવૃત્તિઓ સામે આ પત્રિકા હાલ સુધી વિરોધ કરતી આવી છે ને કરશે.

જૈન શાસન સાતે ક્ષેત્રની પુષ્ટિની જરૂરીઆત સ્વીકારે છે પત્રિકા તે સિદ્ધાંતને માન્ય રાખી દરેક ક્ષેત્રની પુષ્ટિની ભાવના રાખે છે; જે જે ક્ષેત્ર દુબળું હોય, જે જે ક્ષેત્રમાં સમયોચીત દ્રવ્ય ખર્ચવાથી અન્ય ક્ષેત્રોની રક્ષા થવા સંભવ હોય તે ક્ષેત્રને અંગે હાલ વધુ દ્રવ્ય વ્યય કરવાને સમાજને ભલામણ કરે છે. દેવદ્રવ્ય ઉપર દરેક દેવ મંદિરનો હક્ક હોઈ શકે એમ તે માને છે દેવદ્રવ્ય ઘણું હોવા છતાં દેવ મંદિરો જીર્ણ રહે તે અમો પસંદ કરતા નથી.

**કેળવણી** :—સાચી કેળવણીને અમો કોમની ઉન્નતિ થવામાં મુખ્ય કારણરૂપ માનીએ છીએ. સાચી વસ્તુની ઓળખાણ વગર સાચી વસ્તુની શ્રદ્ધા થતી નથી તે કેળવણીનો પ્રચાર થાય, વધારે પ્રમાણમાં કેમ થાય, તેની સંસ્થાઓ આબાદ કેમ થાય, જ્યાં ન હોય ત્યાં તેવી સંસ્થાઓ કેમ સ્થપાય, જરૂર કરતાં ઓછી હોય ત્યાં વધારે પ્રમાણમાં કેમ સ્થપાય, જે જાતની કેળવણી લેવાના સાધનો ઓછા હોય તેવા સાધનવાળી કેળવણીની સંસ્થા ઉભી કરવાની જરૂરીઆત સમજાય તેવા વિચારોનો ફેલાવો કરવો તેને અમો જરૂરનું માનીએ છીએ.

આ અને આવા બધા વિચારો કરવાનું સમગ્ર ભારતની જૈન કોમને માટે એકજ સ્થળ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સજ છે. તેના વિકાસમાં, તેના પ્રચારકાર્યમાં, યોગ્ય સહકાર આપવો તે અમારી ફરજ સમજી તેને લગતા લેખો આ પત્રિકામાં સ્થાન પામે છે. આ પત્રિકા સાર્વજનિક વહીવટોની ચોખવટમાં માને છે. તે સંબંધોની ખામીઓ અમે ચલાવી શકતા નથી. વિચારોની સ્વતંત્રતા ખીલે, જૈનોમાં નિર્ભયતાનો ગુણ ખીલે, સમાજના યુવાનો ખોટા ભયમાંથી ઉગરી કોમની સાચી સેવા બજાવવા કટીબદ્ધ થાય. યુવાનો પોતાનું સંગઠ્ઠન કરે અને સામાજીક બદીઓ સામે સામનો કરીને બદીઓને નિર્મૂળ કરવાનું બળ પ્રાપ્ત કરે જેથી જૈન કોમની ધાર્મિક અને વ્યવહારીક ઉન્નતિ થાય તેવા લેખો, વિચારો, ફેલાવવાનું અમારૂં ધ્યેય છે. તે અમો આ વર્ષમાં પાર પડે તેવા પ્રયાસો કરીશું. ગયા વર્ષ દરમિયાન કોઈપણ મુનિ અગર ગૃહસ્થને અંગત અમારા લખાણોથી દુઃખ થયું હોય તો ક્ષમા માગી આ લેખ પૂરો કરીએ છીએ.

---

## સમાચાર.

મુલુંડના કાર્યકર્તાઓ રા. રા. વીરજીભાઈ ગંગાજર મૈશેરી તથા રા. શીવજીભાઈ ચત્રભુજ તા૦ ૩ ને દીને નવ માસની સજા ભોગવી થાણા જેલમાંથી છુટા થયા છે. બન્ને બંધુઓ મુલુંડની દરેક જાહેર પ્રવૃત્તિમાં આગેવાનીભર્યો ભાગ લેતા હતા. મુલુંડ ગામે તેમને સારૂં માન આપ્યું હતું જેલના દરવાજેથી સરઘસ રૂપે નીકળી મુલુંડ સ્ટેશને આવતાં વાનર સેનાએ હર્ષનાદના પોકારો વચ્ચે તેમનું સ્વાગત કર્યું હતું. મુલુંડના બધા આગેવાનો સરઘસમાં સામેલ હતા. રા. શીવજીભાઈ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય છે. તે ઉપરાંત કચ્છી સંસ્થાઓમાં આગેવાનીભર્યો ભાગ લે છે.

શ્રી ... લાલ ... 
... વાચનાલય અને પુસ્તકાલય
... શ્રી. પી. શાહ



# શ્રીયુત્ વીરચંદ પાનાચંદ શાહના જીવનની ટુંકી રૂપરેખા.

સમઢીઆળાં તો સૌરાષ્ટ્રને આંગણે પંદરેક હશે. અને એ બધાનાં નામ પ્રમાણે ગુણ એકવાર હશેજ. એ બધાં એકવાર સમૃદ્ધિવાળાં હશેજ.

સિંહોર સ્ટેશનથી ત્રણેક ગાઉ દૂર, આટકોટ પાસે આવું એક સમઢીઆળું આવેલું છે. નાનકડું ગામડું. થોડીક વસ્તી, સાદા, શાંત અને સજ્જન લોકો.

મહેમાનીના હલવા આ ગામને ભાગે ઠીક ઠીક લખાયા છે. કારણ કે જામનગરથી શત્રુંજય અને શત્રુંજયથી ગીરનાર જતાં રસ્તામાં બરાબર મધ્ય ભાગે એ ગામડું ઉભું છે. જૈનયાત્રિકોનો વિસામો, જૈન સાધુઓનું વિશ્રાંતિસ્થાન અને અન્ય સાધુબાવાઓને પણ ટાઢે કટાણે ઠરવાનું એ ઠેકાણું છે.

આ ગામડામાં વાણિયાનાં પાંચ સાત ઘર. તે પણ એકજ કુટુંબના. પૈસે ટકે સામાન્ય સ્થિતિનાં, પણ સ્વભાવે ઉદાર અને સંતોષી.

શાહ પાનાચંદ વિઠ્ઠલજી એ સમઢીઆળાનાં વણિક કુટુંબોના એક અગ્રેસર, એ આપણા યુવકના પિતા થાય. વીરચંદભાઇ પહેલાં રાજકોટ ભણ્યા. વિદ્યાર્થી અવસ્થામાંથીજ એમનામાં દેશસેવાનાં બીજ અજાણ્યે અજાણ્યે રોપાયાં હતાં.

આશ્રમના વાસી, ગૌરક્ષા કલ્પતરુના લેખક, અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત સાહિત્યના અધ્યાપક અને પ્રખર લેખક, પ્રતિભાશાળી વક્તૃત્વવાન; પૂ. બાપુજીની પહેલી સેનાના એક સૈનિક શ્રી. વાલજી દેસાઇનો સહચાર એમને રાજકોટમાં થયો. બન્નેગાઢ મિત્રો બન્યા અને તે મિત્રતા હજુ પણ તાજી ને તાજીજ છે. રાજકોટ હાઇસ્કુલમાં એકવાર હડતાલ પડેલી તેમાં બન્ને મિત્રોએ અગ્ર ભાગ લીધેલો, અને શ્રી. દેસાઇને તો હાઇસ્કુલમાંથી તે વેળાએ કાઢી મૂકવામાં આવ્યા હતા.

મુંબઇની વૉર કાઉન્સીલના પહેલા જૈન પ્રેસીડન્ટ



ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહ, બી એ.
જેમનો છુટકારો ફેબ્રુઆરીની તા. ૫ મીએ થવા વકી છે.

વીરચંદભાઇનામાં આજના જૈન યુવકત્વની ઝાંખી તે વ્હાડે પણ થતી હતી. એ કાળ એટલે સુરતની કોંગ્રેસનો સમય. પ્રત્યેક સહૃદયી જૈન યુવકના હૃદય તે વ્હાડેથી રાષ્ટ્ર સેવા તરફ વળવા મંડ્યાં હતાં, અને તેનું મન મહાવીરની તાત્વિક જીવન સરણીમાં દેશસેવા જોવા તલસવા માંડ્યું હતું. શ્રી. વીરચંદભાઇ એ યુવકો માંહેના એક છે.

મુંબઇમાં પ્રીવિયસનો અભ્યાસ શરૂ કરી, ત્યાંના જીવનની ઝાંખી કરી, કોલેજ જીવનનો સ્વાદ ચાખી તેઓ સૌરાષ્ટ્રમાં પાછા આવ્યા. ભાવનગર જૈન બોર્ડિંગનો એ કાળો આલપાકાનો કોટ, એ કાળી બેંગ્લોર ટોપી અને એ ગજવામાં આજ પણ કોના સ્મરણમાં નહિ આવતાં હોય ?

દાદા સાહેબ બોર્ડિંગમાં ત્રણ વર્ષ એમણે ગાળ્યાં. બોર્ડિંગના ઓ. સુપરીન્ટેન્ડન્ટ તરીકેની એમની કારકીર્દી આજ પણ બોર્ડિંગને અને વિદ્યાર્થીઓને મગરૂર કરી રહી હશે તે સમયના યુગ પ્રમાણે વિદ્યાર્થીઓમાં તનમનાટ રેડવો, સેવાની લગની લગાડવી, નાનાં મોટાં કાર્યો હિમ્મતથી કરવાં અને ઉદાર ભાવે સૌને સહાય કરવી એ તેમને મન જીવનનો સાચો અભ્યાસ હતો. ભાવનગર જૈન બોર્ડિંગના સ. ૧૯૧૩ થી ૧૯૧૭ સુધીનાં વર્ષો એટલે ભાવનગર જૈન બોર્ડિંગની પૂર જુવાની. વિદ્યાર્થીઓનું પૂર, વિવિધતા, સાહાઇ અને સભાઓ, ભાષણો, હડતાલો, સાહિત્યચર્ચા, સેવા કાર્ય વગેરે અનેક વિવિધ પ્રવૃત્તિમાં તે કાળે ભાવનગર જૈન બોર્ડિંગ અગ્રેસરપદ ભોગવતું. એનું સુકાન તે કાળે વીરચંદભાઇના હાથમાં હતું. ત્યાર પછી તેમણે નાના વિદ્યાર્થીઓ માટે ઉઘાડેલા શ્રી. રતનજી વીરજી દશા શ્રીમાળી બોર્ડિંગનું સુપ્રીન્ટેન્ડન્ટ પદ સ્વીકાર્યું અને જૈન બોર્ડિંગની વ્યવસ્થા બીજા યુવકને સોંપાણી પણ છતાં તેમનો સંબંધ બન્ને સંસ્થા સાથે જોડાએલોજ હતો.

તે કાળે ખાનપાનની તેમજ જીવનની સાદાઇ તે પણ લોભ કે ખોટી કરકસર વિના રાખવી દુર્લભજ ગણાતી. કોલેજનાં જીવન વિલાસને ચકડોળે ચડ્યાં હતાં. પણ શામળદાસ

કોલેજ કાંઇક સાદી તો ખરીજ. જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓ સાદો ખોરાક લેતા અને સાદો પોષાક પહેરતા છતાં સ્વસ્થ અને સુંદર દેખાતા, એ પણ શ્રી વીરચંદભાઇની વ્યવસ્થાનું ફળ હતું.

એમના મનોરથ કુટુંબને સાથે પાડી, કાંઇક કમાણી કરી, સ્વસ્થ થઇ દેશસેવા કરવાના હતા, તે તે દહાડે પણ પરખાઇ આવતું. આવા મનોરથ બાંધવા સહેલા છે, પાર પાડવા કે પાર પડતા બહુ કઠણ છે. એમણે પોતાના કુટુંબને સમયધર્મ પ્રમાણે કેળવ્યું, કુટુંબસેવા સાધી, કોમસેવા સાધી અને દેશસેવાની સાધનામાં વ્રત આદર્યાં. કેળવણીના સંસ્કારથી એમણે પોતાના કુટુંબને પણ સુધાર્યું અને સારી હાલતમાં મુક્યું.

બી. એ. માં એ કાળે ત્રણ વિદ્યાર્થીઓ બોર્ડિંગમાં હતા. ત્રણે ઉપર સદ્‌ગત શ્રી નરોત્તમદાસની નજર ઠરેલી, અને એમણે ત્રણેને પ્રસંગ મુજબ સારી લાઇનમાં કેળવવાનું ધારેલું પણ દૈવેચ્છા તેવી ન હતી. એમાંના એક આજ નિરેદ્દેશ થયા છે, એકને મુંબઇનું પાણી અને વાતાવરણ રુચ્યું નહિ અને શ્રી. વીરચંદભાઇ વ્યાપારી બન્યા. ગ્રેજ્યુએટ તરીકે વેપારી બનીને એમણે એ ક્ષેત્ર પણ ભારે ખેડ્યું, અને ભણેલો યુવક અનુકૂળતા હોય તો ગમે તે ક્ષેત્ર ખેડી શકે તે બતાવ્યું.

એ વેપાર ખેડતા પણ તેમનું ધ્યેય તો ધર્મસેવા અને દેશસેવામાંજ હતું. તે ઘણીવાર કહેતા કે સ્થિતિની થોડીક અનુકૂળતા મળી જાય એટલે મારે તો આ બધી લપ છોડી દેવી છે. એમના સંસ્કાર એમના પત્નીમાં, એમના ભાઇ અને ભત્રીજાઓમાં તેમજ એમનાં બાળકોમાં પૂરેપૂરા ઉતર્યા છે.

એમની કાયા પણ માયકાંગલી ન હતી, આજે પણ એવી નથી, રમતગમત પણ ઠીક રમતા, વાતોમાં પણ રસ ઠીક રેડતા અને ઉજાણી ને જમણવારના પ્રસંગોમાં પણ એમનો નંબર ઉંચો આવતો. પગે ચાલવાની મુસાફરીમાં પણ એમને થાક લાગતો નહિ. લેખન ગ્રાન અને વકતૃત્વકળાની સાધના પણ એમણે ઠીક ઠીક કરી હતી.

સં. ૧૯૧૫ માં ગાંધીજી ભાવનગર પધાર્યાં અને જૈન બોર્ડિંગમાં પધરામણી કરી, તે કાળે એકજ રાતમાં ગાડા ગાડે કચરો કાઢી જૈન બોર્ડિંગની આસપાસના સ્થાનને ઝાડી ઝપટીને સાફ કરવાનો ઉત્સાહ પણ "એ મોટી વીશીના મુખ્ય મુખી"એજ રેલાવ્યો હતો.

આજની જૈન ચર્ચાનાં બીજનો, તત્ત્વ ને બુદ્ધિથી કરવાના તનમનાટનો અને અંધશ્રદ્ધાને દૂર કરવાનો આરંભકાળ પણ તેજ હતો. અને તેનાં શુભ પગરણ પણ તેજ બોર્ડિંગમાં શરૂ થઇ રહ્યાં હતાં. તે સમય એજ હતો કે જ્યારે પૂ. મુનિશ્રી પ્રેમવિજયજી "બોર્ડિંગના મહારાજ" કહેવાતા અને નાસ્તિક જેવા પ્રશ્નોની ચર્ચા અને ખુલાસા કરતા. શ્રી. મેઘાણી પણ શ્રી. વીરચંદભાઇના સહાધ્યાયી અને સહચારી હતા. વ્યાપારી બનીને વેપાર ખેડીને નાનકડી ખોજાગલીમાંની ઓફીસમાંથી ગૌણુપ્ય જીવનની દેશસેવા અને ધર્મચર્ચાની સ્વતંત્રતાપોષક પેઢી ખોલી જૈન યુવકોના તેઓ માર્ગદર્શક બન્યા, અને મહાસભાની અને જૈન કોમની વિવિધ સેવાની તેમણે સાધના સાધી, અને છેવટે મહાસભાની સંગ્રામ સમિતિના સૂત્રધાર બની વ્યાપારી આલમનાં જાગૃતિનાં તેજની જવાબદારીઓ વધારી તેઓ આજ સરકારના મહેમાન બન્યા છે.

એકવાર બોર્ડિંગની કલબની સભા હતી, ચર્ચા ગરમા ગરમ હતી. બે ત્રણ ઉગ્ર વિચારના વિદ્યાર્થીઓ, ખુદ તેમનાજ સહાધ્યાયીઓ તેમની વિરુદ્ધ પડ્યા. સિદ્ધાંતની ચર્ચાનોજ એ વિરોધ હતો. એજ કાળા આલપાકાનાં કોટવાળી, ચશ્મા અને કાળી ટોપીથી શોભતી પ્રમુખની મૂર્તિએ હસતાં હસતાં નમતું દીધું અને કલબનો નિરધાર સ્વીકાર્યો.

લેખક દેખાવમાં પણ એવીજ ઉદાર ભાવના. કોટ, ટોપી, અને ચશ્માવાળી એ મૂર્તિને જોતાંજ અનેક વેપારી ડોઢો ખમણો ભાવ કહે, અને એ ઉદાર મૂર્તિ હસતી હસતી કાંઇક ઓછું કરીને મૂલ્ય ચૂકાવી દે.

શ્રીમાન દાનવિજયજી એજ કાળે એકવાર ભાવનગરમાં બિરાજતા હતા. પ્રેમવિજયજી બોર્ડિંગના વિદ્યાર્થીઓને દર્શન દેવા અને શંકા સમાધાનને ચર્ચા કરવા રોજ બોર્ડિંગમાં પધારતા ઉદાર ચિત્ત, ભાવિક ભાવી, શાંત અને સાચી સાધુતાની મૂર્તિ શ્રી. વીર વિજયજી ઉપાધ્યાય તે કાળે ત્યાંજ હતા.

કોઇક વસમે ટાણે કાન ભંભેરણીને પરિણામે શ્રી. દાનવિજયજીએ બોર્ડિંગને "નાસ્તિક, અધર્મી અને મિથ્યાત્વી" સંસ્થાની ઉપમા આપી હતી એક બે વિદ્યાર્થીઓને તેમનાં અધ્યાત્ર માબાપોએ એ સંસ્થા છોડવાનો હુકમ કર્યો. શ્રી. વીરચંદભાઇને ખબર પડતાં તેઓ બે સહાધ્યાયીઓ સાથે શ્રી જૈન શાળાશાળાના સ્થાપક સદ્‌ગત શ્રી. નરોત્તમદાસને લઇને મહારાજશ્રી પાસે ગયા. મહારાજશ્રી ઉગ્ર હતા. એમણે ઉગ્ર અને ખોટો આક્ષેપ કર્યો હતો, અને સંસ્થાના હિતને હરકત આવે એવી સ્થિતિ ઉભી થઇ હતી. બે ત્રણ વિદ્યાર્થીઓ પણ તેવાજ ઉગ્ર હતા, તેમણે મહારાજશ્રીનો જવાબ ઉગ્રતાથીજ માગ્યો. પણ વીરચંદભાઇએ તેમને ઠાર્યા. અને તેમના શાંત સભ્ય વિરોધે ઉપાધ્યાયજીની અમૃત આશિષ પ્રાપ્ત કરી અને દાનવિજયજીએ પોતાની ભૂલ પારખી.

એકવાર જૈન બોર્ડિંગને જમવાનું નોતરું આવ્યું; સાથે સાથે વાણીયા ભાઇએ કુશળતા વાપરી દીધી કે "વેલા આવજો કે પીરસવામાં કામ આવો." ઉદાર સુપ્રીન્ટેન્ડેન્ટે હા પાડી. વિદ્યાર્થીઓમાં ખળભળાટ થયો અને તેઓ તેમની સામા થયા. જમવા કે પીરસવા કોઇ ગયું નહિ. વીરચંદભાઇએ વિરોધનું સત્ય જોયું અને પોતે પણ જમવા કે પીરસવા ન ગયા અને વિરોધકોને શાબાસી આપી.

ભાવનમાં એક વિદ્યાર્થી બહુ હરામખોર હતા. લેખકનો ડોળ કરતા. એ ભાઇને ઘણીવાર મીઠો ઠપકો અપાતો પણ તે તેમની દરકાર નજ કરતા. ઉગ્ર સ્વભાવના કડવાબોલા કેટલાક ભાઇઓએ વીરચંદભાઇને તે વિદ્યાર્થીને દૂર કરવા સખ્ત આગ્રહ કર્યો ને થોડાંક મેણાં પણ માર્યાં પણ એમણે કહ્યું; "આ! ઘડો ભરાશે એટલે ફૂટયા વિના ન રહેશે! હમણાં તો ઉપેક્ષાજ કરી છે. જો સંસ્થાને બહુ કનડશે તો આપણે તેને જરૂર દૂર કરીશુંજ પણ હવે છ એક માસ માટે તેનું ભવિષ્ય ન બગાડ્યા તો ઠીક."

આમ તે દયાળુ પણ હતા છતાં જ્યારે ઘડો ફૂટયો અને તે વિદ્યાર્થીને દૂર કરવાની વેળા આવી ત્યારે તેમને તેને દૂર કરતાં જરાએ ક્ષોભ કે સંકોચ થયો નહિ. એ વિદ્યાર્થીએ પછી સંસ્થાને નિન્દવામાં બાકી રાખી નહિ, પણ વીરચંદભાઇએ એને પામરતા ગણી એ સામી નજર કરી કાદવ ઉપાડવાનું યોગ્ય ગણ્યું નહિ.

તેમની ધાર્મિક લાગણી તીવ્ર છતાં અંધ ન હતી. એક વાર એક વિદ્વાન મુનિરાજ પધારેલા અને તે વેળાએ એમને "જૈન યુવકોની લાગણી" વિષે પુછવામાં આવતાં તે બોલી ઉઠયા કે, "મહારાજશ્રી શું કરીએ; અમને તો કાંઇ સુઝતું નથી, ઉત્તર કે દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ, ઇશાન, અગ્નિ અને નૈઋત્ય કે વાયવ્ય, ઉર્ધ્વ કે અધો દિશામાં જ્યાં જોઇએ ત્યાં પાપ, પાપ અને પાપજ બતાવાય છે કારણ કે અમને પાપનીજ વાતો સંભળાવાય છે. આમ જોઇએ તો પાપ, આમ ફરીએ તો પાપ, આમ ખાઇએ તો પાપ, આમ બોલીએ તો પાપ, આમ ઉંઘીએ તો પાપ. તે પાપના પરદા તે જૈનોને માટેજ બન્યાં છે કે શું ?"

સમાજ સુધારામાં પણ તેમની ધગસ તેવીજ હતી. હમણાંજ કરેલાં તેની પુત્રીનાં લગ્નમાં તેમણે કેવું શૌર્ય બતાવ્યું તે સૌને વિદિત છેજ.

એમને અને એમના જેવા બીજા વિદ્યાર્થીઓને જોઇને કેટલાક પુસ્તકના કીડા ઘણીવાર બોલતા કે "આ શું દાળદર મારશે! જરૂર ફ્લુસ (નાપાસ) થવાના છે, આખો દી' સભા, સભા ને સમાજ બીજી વાતજ નહિ, આમ તે ભણાતું હશે."

છતાં વીરચંદભાઇ ભણતર અને ગણતર બન્ને કરતા. શ્રી. વાલજીભાઇ, પાછળથી શ્રી. મેઘાણી, દેશળજી પરમાર, સદ્દગત શ્રી દાણી, રા. ચંદુભાઇ પટેલ, શ્રી. કપિલ ઠક્કર વગેરે એમના સહાધ્યાયીઓ હતા.

આજે એ હોંશિલો સેવાભાવી વિદ્યાર્થી, જૈન બોર્ડિંગનો એક વખતનો સમર્થ સૂત્રધાર, જૈન રાત્રિશાળાનો એક ઉત્સાહી ચાલક, શાંત અવરોધક અને વિચારક, કુટુંબ અને કોમનો નમ્ર સેવક, મિત્રોનો લાડીલો સાથી, ઉત્સાહી વ્યાપારી, કેંક નિરાધાર જૈન તરૂણોનો માર્ગદર્શક અને સહાયક યુવક, જૈન કેળવણી મંડળનો મંત્રી, પાલીતાણા જૈન બાળાશ્રમનો સેક્રેટરી, અનેક નાની મોટી સભાઓનો સભ્ય, શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો એક ચેતનવાળો આત્મા, ભારત મહાસભાની મુંબઇની સંગ્રામ સમિતિનો અવિશ્રાંત કાર્યકર પ્રમુખ, બાપુજીની પ્રેરણા પીનારો અહિંસક યુવાન અને ભગવાન મહાવીરનો સાચો વીરપુત્ર, સમઢીઆળા અને સૌરાષ્ટ્રને સમૃદ્ધિવાળું બનાવતો, કુટુંબ, કોમ ને દેશની સેવા બજાવતો, મહાત્માજીને પથે અહિંસક વીરતાનાં પગલાં પાડતો, જૈનત્વને જીવન્ત અને જાગૃત કરતો, વીરત્વની ઉજાશનો ઓપ ચઢાવતો આજ જેલમહેલમાં સીધાવે છે.

જૈન યુવક ! જૈન જનતા ! એની પ્રેરણાનાં પાન યથા શક્તિ જરૂર પીજો.

પોપટલાલ પું. શાહ.

## તાજી બાતમી.

સંભળાય છે કે, રામજી મહારાજ ઉપધાનમાંથી એક પાલનપુરીને છૂમંતર મુંડી નાખવાના વિચારમાં હતા, ત્યાં તો બાવી બનાર ગુરૂજી ! ના પતિએ ને બીજાઓએ કહેણ મોકલ્યું, રામજી બાપુ સંભાળજો, પાલનપુરીઓથી પનારૂ પાડતાં ? રામ બાપુ ગભરાયા ને કહેવા લાગ્યા કે, વાત વિચારવી જરૂરી છે. અહિં તો પોલ ચાલે તેમ નથી, એટલે કંઠાળી હમણાં બાજી સંકેલી લીધી ને 'આગે આગે ગોરખ જાગે' એ સૂત્રના આધારે તરત ઉપધાનમાં બેઠેલા આ બાવી ચેલાને તેની બૈરીને હવાલે કરી દીધી ? પાલનપુરી જબરા તો ખરા હો !

"ગુપ્તચર."

# દિક્ષાનું શાસ્ત્ર.

[અંક ૫૨ થી ચાલુ.]

આ પ્રાયશ્ચિત્તને અંગે એક વાત વધારે સમજાવવી જરૂરની છે. જે જે પ્રવૃત્તિઓ માટે શાસ્ત્રકારોએ આવાં ભયંકર પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે તે સર્વ પ્રવૃત્તિઓને શાસ્ત્રને પ્રમાણિક માનનાર કોઇ પણ વ્યક્તિ કદી આચરી શકે નહિ; તેવી પ્રવૃત્તિઓને પણ સાધરણપણે આચારમાં મૂકી શકાતી હોત તો પછી તેને માટે આવાં ભયંકર પ્રાયશ્ચિત્ત શાને ? તો પણ ચાણા શાસ્ત્રકારે આવી પ્રવૃત્તિની પણ બે બાજુ જોઇ, અને તેને પણ લગતો અપવાદ દર્શાવ્યો. અપવાદ દર્શાવ્યા પછી શાસ્ત્રકાર સમજ્યા કે રખેને આ અપવાદજ ધોરી માર્ગ કાં ન બને ? એ માટેજ એમણે ઉમેર્યું કે કોઇ ગ્રંથમાં આવો અપવાદ જોઇને અને એકાદ પ્રાચીન દાખલાને ઓથે રહીને આ અપવાદને અનુસરશે તો તે અનુસરનાર અને તેની પંચાયત કરનારા જિનાજ્ઞાની બહાર છે; એઓના સંયમધર્મનો નાશ થશે વગેરે બધી હકીકત જણાવી છે. વળી એ અપવાદને અનુસરવાનો અધિકાર પણ કાંઇ બધાને નથી આપ્યો; એ તો કોઇ અતિશય જ્ઞાની (અવધિજ્ઞાનીની કોટીના ચારિત્રશીલ, વિવેકી સત્યનિષ્ઠ) એવા સાધુ પુરૂષનેજ હોઇ શકે.

આવા અપવાદો તો શાસ્ત્રમાં અનેક છે; તો શું એ અપવાદનું નામ લઇને કોઇથી એને અનુસરાય ખરૂં ?" આજના સાધુઓ તો અહંમિંદ્ર રહ્યા; એટલે આગેજ એઓ આવી બાબતો પર વાંચે કે વિચારે ! જો તેમ ન હોય તો આવું હડહડતું જુઠાણું આ વીસમી સદીમાં ધોળે દિવસે કેમ ચલાવી લે ?

આવી હકીકત કાંઇ એક જગ્યાએ છે એમ નથી પણ પંચકલ્પભાષ્યમાં પણ આ વિષે વિગતથી જણાવેલું છે. આ ઉપરાંત પંચસૂત્ર અને પ્રવચનસારોદ્ધારમાં પણ આ વાત નોંધાયેલી છે.

દીક્ષાને માટે અઢાર પ્રકારના અયોગ્ય પુરૂષ બતાવ્યા છે તે નીચે પ્રમાણે :

बाले वुड्ढे नपुंसे य जड्डे कीवे य वाहए (य वाहिते)
तेणे रायावकारी य उम्मत्ते य अदंसणे ॥
दासे दुट्ठे य मूढे य अणत्ते जुंगिए इय ।
उबद्धए य भयए सेहनिप्फेडिया इय ॥

इत्थीसु एए चेव नवरि गुव्विणी बालवच्छा य अहिया भाणियव्वा ॥

પંચકલ્પચૂર્ણિ.

"બાલ, વૃદ્ધ, નપુંસક, કલીબ, જડ, વ્યાધિત, સ્તેન રાજાપકારી, ઉન્મત્ત, અદર્શન, દાસ, દુષ્ટ, મૂઢ, ઋણાર્ત્ત, જુંગિત, અવબદ્ધ, ભૃતક અને શૈક્ષનિસ્ફેટિકા." સ્ત્રીઓના માટે પણ આ અઢાર ઉપરાંત ગર્ભિણી સ્ત્રી અને બાળકવાળી સ્ત્રી એ વીશ પ્રકારની અયોગ્યતા જાણવી.

૧. બાલ—જેની ઉંમર આઠ વર્ષથી વધારે નથી તે દીક્ષાને અયોગ્ય છે; કારણ કે તે સંયમમાં સમજતો નથી. આમ તે દીક્ષાને તો અયોગ્ય છેજ, પણ દેશવિરતિ (શ્રાવક ધર્મ) ને પણ અયોગ્ય છે.

૨. વૃદ્ધ—જેની ઉમર સાઠ કે સીત્તેર વર્ષથી વધારે હોય તે દીક્ષાનો અધિકારી નથી.

૩. નપુંસક—નપુંસકના બે પ્રકાર છે. પુરૂષાકૃતિ નપુંસક અને નપુંસકાકૃતિ નપુંસક.

જે કામદગ્ધ મનુષ્ય, સ્ત્રી અને પુરૂષ બન્નેનો અભિલાષ કરે અથવા જે મનુષ્ય કામાર્ત સ્ત્રીદ્વારા નિમંત્રિત થયો છતો કામાભિલાષ કરે, કે સ્ત્રીને નગ્ન જોઇને વા તેના ક્રીડા શબ્દ સાંભળીને કામાભિલાષ કરે તે પુરૂષાકૃતિ નપુંસક આ **જાતનો મનુષ્ય દીક્ષાને લાયક હોઇ શકતો નથી.**

૪ કલીબ—'પુરૂષાકૃતિ કલીબ.' આની પીડાના ચાર પ્રકાર છે: (૧) સ્ત્રીને નગ્ન જોતાંજ જે ક્ષોભ પામે તે દષ્ટિ કલીબ (૨) સ્ત્રીનો સ્વર સાંભળતાંજ ક્ષોભ પામે તે શબ્દ કલીબ; (૩) કામાસક્ત સ્ત્રીથી આમંત્રિત થયો છતો જે વ્રતને નજ જાળવી શકે તે નિમંત્રણ કલીબ અને (૪) સ્ત્રીથી આલિંગન કરાયેલ પણ જે વ્રતને ન સાચવી શકે તે અભિલષ્ટ કલીબ.

(૫) જડ—આની પીડાઓ ત્રણ રીતે થાય છે. (૧) પાણીના પરપોટાની જેમ બોલનાર, બોલતા થોથવાતો અને બકરાની માફક અવ્યક્ત બોલનાર તે ભાષા જડ (૨) જે શરીરે એટલો બધો ભારે હોય કે ભિક્ષા લેવા જવાને કે વડીલનો વિનય કરવાને પણ અશક્ત હોય તે શરીર જડ અને (૩) જેને વારંવાર ઉપદેશ દેતાંય સંયમને લગતી કોઇ ક્રિયાની સમજણજ ન પડે તે કારણ જડ. આ બધા પ્રકારના કલીબ અને જડ પણ દીક્ષાના અધિકારી નથી.

૬ વ્યાધિત—જે કોઇ પ્રકારના અસાધ્ય વ્યાધિથી ઘેરાયેલ હોય તે. એવાને દીક્ષા આપીને ઔષધ કરતાં છ કાય જીવની વિરાધના થાય છે અને સારવારમાં રહેનાર સાધુના સ્વાધ્યાયમાં વિઘ્ન આવે છે.

૭ સ્તેન—ખાતર પાડે કે ચોરી કરે તે:

૮ રાજાપકારી—રાજદ્રોહી મનુષ્ય.

૯ ઉન્મત્ત—ગાંડો હોય કે જેને કોઇ પ્રકારનો વળગાડ થયો હોય તે.

૧૦ અદર્શન—જે જોઇ શકતો નથી તે.

૧૧ દાસ—કોઇએ ખરીદીને જેને નોકર તરીકે રાખેલ હોય, કે કોઇના લેણા બદલ નોકરી કરતો હોય કે ગુલામ આદિ; આવા મનુષ્યને તેના માલિકની રજા વિના દીક્ષા આપી શકાય નહિ.

૧૨ દુષ્ટ—બે પ્રકારના છે: અતિ વિષયી હોય તે વિષય દુષ્ટ; જે અત્યંત ક્રોધી, માની, કપટી કે લોભી હોય તે કષાય દુષ્ટ.

૧૩ મૂઢ—અજ્ઞાનતા, દષ્ટિરાગ કે તેવા બીજા કોઇ મોહના કારણથી જે વસ્તુ ન સમજી શકે, માત્ર સ્નેહને લઇ જી જી કરે તે મૂઢ.

૧૪ અણુત્તં ઋણાર્ત—દેવાદાર.

૧૫ જુંગિત—જે અશુભ સંસ્કારપ્રધાન જાતિમાં જન્મ્યો છે; જેની પ્રવૃત્તિ પણ તે પ્રકારની છે તે; અથવા શરીરની ખોડખાંપણવાળો હોય તે.

૧૬ અવબદ્ધ—જે કોઇ પોતાના પૈસા કે વિદ્યાના પ્રયોજન અર્થે ક્યાંઇ બંધાઇને રહેલ હોય તે.

૧૭ ભૃતક—જે અમુક ધન રોકડ લઇ અમુક ધનવાનને કે અમુક શેરીમાં રોજ મજુરી આપતો હોય તે.

૧૮ શૈક્ષ નિસ્ફેટીકા—માતા, પિતા, ભાઇ, બ્હેન વગેરે વડીલોની રજા વિના અપહાર કરી, ચોરી, સંતાડીને જેને દીક્ષા આપવામાં આવે તે.

**આ અઢાર પ્રકારના મનુષ્યો દીક્ષા માટે અયોગ્ય પુરૂષો જાણવા.**

ચોરીને દીક્ષા આપવાથી દીક્ષા લેનારના વડીલોને ક્લેશ થાય છે; તે નિમિત્તે કર્મબંધ થાય છે, દીક્ષા દેનારને અદત્તાદાન વ્રતની વિરાધના લાગે છે: તેના પરિણામ રૂપ પાપ છુપાવવા અસત્યનો આશ્રય લેવોજ રહ્યો; ચોરી કરતાં પ્રમત્ત યોગને લઇ પ્રવૃત્તિ થતાં હિંસા પણ થઇ ચૂકી; લોભને લઇ પરિગ્રહ લાગતું પણ વ્રત ગયું અને પ્રતિજ્ઞા ભંગ રૂપ વ્યભિચાર પણ થઇ ગયો. એ રીતે પાંચે વ્રતોને લોપ કરાવનાર આ માર્ગ છે.

આ અઢાર પ્રકાર, પુરૂષો માટે કહ્યા છે; સ્ત્રીઓને આ અઢાર ઉપરાંત અયોગ્યતાના બે પ્રકાર વધારે બતાવ્યા છે; ગર્ભિણી સ્ત્રી કે બાળકવાળી સ્ત્રીને દીક્ષા લેવાનો નિષેધ છે. આ સંબંધી વિશેષ માહિતી પ્રવચનસારોદ્ધારમાં મળી છે. (જુઓ શ્રી. દેવચંદ લાલભાઇ પુસ્તકોધ્ધાર ફંડ તરફથી પ્રકાશિત થયેલ પ્રવચનસારોદ્ધાર—નવી આવૃત્તિ પૃ૦ ૨૨૯ થી ૨૩૧.)

આ પ્રમાણે શાસ્ત્રે તો દીક્ષાના અનધિકારીઓ બતાવ્યા છે, તેઓને અયોગ્ય રીતે દીક્ષા આપનાર માટે પ્રાયશ્ચિત્તમાં પણ વિધાન કર્યાં છે. આથી વિશેષ શાસ્ત્ર તે શું કરે? શાસ્ત્ર તો મૂંગું છે; તેની કાંઇ થોડી સરકાર છે? શાસ્ત્ર તો માર્ગ બતાવે અને તેજ તેની આપણા ઉપર મહાન સેવા.

વિશેષમાં છોકરાંને નસાડવાની આ પ્રવૃત્તિથી માબાપો સાધુઓ પાસે પોતાનાં છોકરાંઓને મોકલતાં ડરશે અને એથી એવું પરિણામ આવશે કે છોકરાંઓ ધર્મના સંસ્કાર વિનાના રહેવા પામશે. આમ થવાથી શાસનનું હિત વધશે કે કેમ! વળી જુનાકાળમાં સંયમ માર્ગમાં મુશ્કેલીઓ ઓછી હતી; કેમકે શરીરબળ સારા, મોજશોખ ઓછા, અને વાતાવરણ પણ સંસ્કારી અને સંયમી હતાં. આજ કાલનું વાતાવરણ કેટલું બધું અસંયમી, વિલાસી અને તામસી છે કે જેથી આ પ્રકારની પ્રવૃત્તિ દ્વારાજ હિત થાય ખરૂં? આ સંજોગોમાં તો કહેવાતા શ્રાવકોને સાચા શ્રાવકો બનાવવાની જરૂર છે; અને તેઓ સામાન્ય રીતે સાત્વિક પ્રકૃતિના સારા સંસ્કારવાળા, સંયમની ભાવનાવાળા અને વિલાસના (મોહના) સંસ્કારથી વિમુખ બને તેવી પ્રવૃત્તિ કરવાની જરૂર નથી શું?

પ્રશસ્ત કષાય કયા અને તેનો ઉપયોગ કેટલો સંકુચિત અને ગુંચવણ પ્રસંગે કરવાનો છે તે પણ જાણવું જરૂરનું છે. પ્રશસ્ત કષાય પણ આચરણીય તો નથીજ; તે તો કોઇ ગુંચવણ પ્રસંગેજ માત્ર અણુપુરતે ટેકા રૂપ છે. જો તેને સ્વાર્થસાધક અને વાસનાજન્ય બનાવી દેવામાં આવે તો તે પ્રશસ્તકષાય પ્રશસ્ત ન રહેતાં મોહજ બની જાય.

આજની પ્રજાને સાચી શ્રદ્ધા સહિત શાસ્ત્રનો વિવેકપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે, તે ઉપરની વસ્તુ વાંચવાથી સમજાશે. ગમે તે પ્રકારે ઉપદેશાતી અને છપાતી વસ્તુને અંધ શ્રદ્ધાથી સાચી માની લેવાને બદલે શ્રદ્ધારૂપી અગ્નિ અને બુદ્ધિ રૂપી કસોટી દ્વારા તપાસી ગ્રહણ કરવામાં આવે તોજ આવી પરિસ્થિતિમાંથી ઉગરવાનો આરો છે.

("સુઘોષા"માંથી.) (સંપૂર્ણ.)

## શ્રી
## ?

"નર જાત કદી સુખી હશે, અહીં મ્હાલતી સ્વચ્છંદથી,
પણ નારીને રોયા વિના નહીં; કર્મમાં બીજું કંઇ."

* * *

'જૈન' પત્રના તા૦ ૨૧-૧૨-૩૦ ના અંકનો "જૈન વિધવાઓનો પ્રશ્ન" એ શિર્ષક આગ્રલેખ વાંચી એક બ્હેને મ્હને પ્રશ્ન કર્યો: "તમે પુરૂષો સ્ત્રી જીવનના પ્રશ્નોની ચર્ચા શા માટે કરતા હશો ? ?"

* * *

"વડોદરા આર્ય કુમાર આશ્રમમાં ત્રણ જૈન ગુજરાતી વિધવાઓએ પુનર્લગ્ન કર્યાં છે." એ સમાચાર જાણી "જૈન વિધવાઓનો પ્રશ્ન દિવસે દિવસે વધુને વધુ ગંભીર થતો જાય છે." એમ આપણને લાગે છે. અત્યાર સુધી સૂચવેલા કે અમલમાં મુકેલા ઉપાયો નિષ્ફળ ગયા છે એમ આપણને સમજાય છે અને હવે શું કરવું ? એ પ્રશ્ન આપણી સ્હામો ઉભોજ રહે છે.

પુનર્લગ્નના પ્રશ્ન પરત્વે "જૈન" કારનો અભીપ્રાય નોંધીએ :

"—આદર્શ જૈનત્વનો ધ્રુવ કાંટો તો સંસાર શુદ્ધિની દિશામાં નજ હોય. પરિસ્થિતિને અંગે વિધવાઓ પુનર્લગ્ન કરે એ ભલે ક્ષમ્ય હોય, ગર્ભ હત્યા કે ભ્રુણ હત્યા કરનારી વિધવાની અપેક્ષાએ પુનર્લગ્ન કરનારી વિધવા ભલે ઓછું પાપ કરનારી લેખાય, વિષયમાં રગદોળાતી કોઇ વેશ્યાની તુલનામાં બીજા પતિના ગૃહિણી બનેલી વિધવા ભલે ઓછી આક્ષેપાર્હ હોય. કોઇવાર સમાજને કે ન્યાતને એ કોયડો અત્યંત મુઝવનારો લાગતાં ભલે તેને કદાચ વિધવા વિવાહની છુટ પણ મુકવી પડતી હોય, તો પણ આદર્શ આર્યત્વ કે આદર્શ જૈનત્વ ભૌતિક સુખને ઉચ્ચ શિખર ઉપર સ્થાપી શકેજ નહી. અને તે વિધવાને પુનર્લગ્ન કરવાની તો શું પણ કુંવારી બાળાને પણ સંસારમાં પડવાની સલાહ આપી શકે નહી. કથનનું તાત્પર્ય એ છે, કે સમાજ કે વ્યક્તિઓ પોતાના સંરક્ષણને અર્થે, ભૌતિક સુખને અર્થે જૂની ભૂલોને લીધે પડેલાં ગાબડાં પુરવાને ભલે ગમે તેવાં થીગડાં દે પરંતુ તેનો પરમોચ્ચ આદર્શ તો નજ બદલાય."

—આર્યત્વ અને જૈનત્વનો પરમોચ્ચ આદર્શ એજ કે: "વિધવાને પુનર્લગ્ન કરવાની તો શું પણ કુંવારી બાળાને પણ સંસારમાં પડવાની સલાહ આપી શકે નહિ." પરંતુ આતો સ્ત્રી જાતિને માટે. પુરૂષો માટે પરમોચ્ચ આદર્શ શો હશે ? ! સ્ત્રી જીવનના પ્રશ્નોની ચર્ચા અને ઉહાપોહ કરનારાઓ—પુરૂષ વર્ગ પોતાના પગ નીચે બળતું પ્રથમ ઓલવાની તકલીફ લેતા હોત તો કેટલું સારૂં ! આપણી માફક સ્ત્રીઓ પણ 'મનુષ્ય' છે. તેમને હૃદય અને મન હોય છે. તેઓ સુખ દુઃખની લાગણી અનુભવે છે. તેમને વૃત્તિઓ સતાવતી હશે. અને તેમને પણ આત્માની ભૂખ જેવું કંઇક હશે ! એ બધું આપણે કેમ ભૂલી જતા હોઇશું ? કોઇ સ્ત્રી ચારિત્રભ્રષ્ટ થઇ કલંકિત બને તેમાં શું એકલી સ્ત્રીજ જવાબદાર છે ? કોઇ સ્ત્રી પુનર્લગ્ન કરે તેમાં પાશવતાનાં દર્શન કરનારા તેની સાથે જોડાનાર પુરૂષની પાશવતા તરફ આંખ મીંચામણાં કેમ કરતા હશે ? "પુનર્લગ્ન કરનારી વિધવાઓ સમાજમાં હીણતમ છે ખરી," એમ અભિપ્રાય આપી દેવો એ યુગયુગથી સ્ત્રીઓને પોતાની ગુલામીમાં સબડાવનાર પુરૂષવર્ગને માટે ભલે સહેલું હોય; પણ વિધુર બનતાં સહચરી વિના તરફડતા આત્માને શાન્તિ આપવા સ્મશાનભોમ સાથે નક્કી કરી 'સંસાર માંડી પ્રયાણ' કરવા તત્પર બનનાર એ પુરૂષ વર્ગ પોતાની એ હીણતમતા માટે શો જવાબ આપે છે ? બાળ વિધવાઓ માટે સંયમનો માર્ગ માર્ગ ચીંધનારા કે વિધવાશ્રમો અને ઉદ્યોગ આશ્રમો કાઢવાની સૂચના કરનારાઓ લગ્ને લગ્ને કુંવારા ગણાતા એ વિધુરો માટે અને સાઠ વર્ષે પણ જેઓની વિષયલાલસા તૃપ્ત થઇ હોતી નથી એવા વરરાજાઓને માટે આવી કોઇ યોજના ઘડવાને તૈયાર છે ખરા ? સહેજ પણ ગંભીરતા છોડયા સિવાય અમે એ કહેવા માગીએ છીએ કે: સ્ત્રીઓના પ્રશ્નોની ઉહાપોહ કરવા પહેલાં સ્ત્રી જાતિ તરફ આપણે કયી દ્રષ્ટિએ જોઇએ છીએ તે વિચારવાની અને આપણું દ્રષ્ટિબિન્દુ ફેરવવાની પ્રથમ જરૂર છે. આપણું દ્રષ્ટિબિન્દુ ફરતાં આ પ્રશ્ન આટલો બધો વિકટ અને ગંભીર નહિજ લાગે."

—આપણે આશા રાખીએ કે: "વર્તમાન જાગ્રત સ્ત્રીત્વ આપણી સાન ઠેકાણે લાવે તે પહેલાંજ આપણે સમાજના એ મહત્વના અંગને 'માનવતા'ની દ્રષ્ટિએ જોતા થઇએ ! અને સ્ત્રીજીવનના પ્રશ્નોની ચર્ચા 'સ્વાર્થ'ની દ્રષ્ટિએ નહી પણ યુગ યુગથી ગુલામીમાં સબડતા એ આપણા અંગના 'જીવનવિકાસ' ની 'સ્વાતંત્ર્ય'ની દ્રષ્ટિએ કરતાં શીખી જઇએ !"

* * *

જોધપુર રાજ્યના સાંડેરાવ ગામમાં એક બાળાનો બાનદાનીના ખપ્પરમાં ભોગ અપાયાની કરૂણ કથા 'જૈન' પત્રના તા૦ ૨૮-૧૨-૩૦ ના અંકમાં છપાય છે. ટુંકામાં કથાનો સાર આમ છે:

"સાંડેરાવ ગામમાં ગુડાલાથી વરરાજા પરણવા આવ્યા હતા. વરરાજા માંદાજ હતા કે, લગ્નના દિવસે માંદા થયા. તે ગમે તે હો. પણ પોતાની વધારે બગડતી દશા જોઇ યુવકે 'ચવરી'માં આવવાની ના પાડી, કન્યાએ પણ પોતાની અનઇચ્છા પ્રગટ કરી. પણ...પણ વરરાજાના બાપનું કપાઇ જતું નાક તેને સ્થાને રાખવા માટે હઠ કરી વરને 'ચવરી'માં લાવી, જેમ તેમ કરી ફેરા ફેરવી લીધા. પછી ?......પછી દૈવ રૂઠયો. વરરાજાને ન્યુમોનીઆ થઇ ગયો. ડોકટરોના હાથ હેઠા પડયા. અને વરરાજા પરલોક સીધાવ્યા. અને...અને એક નિર્દોષ બાળા વિધવા બની......અને મરણ પામેલાના વારસદારોના કપાઇ જતાં નાકને બચાવવાની ખાતર તેના કહેવાતા સાસરામાં તે કહેવાતી વિધવાને લઇ ગયા."

આપણે જૈન સમાજને અને તેના સુત્રધારોને પુછીએ કે આ બાળા વિધવા ગણાય ખરી ? આ કહેવાતી વિધવાના જીવનના અણઉકલ્યા પ્રશ્નનો આપણી પાસે શો જવાબ છે ? શાસ્ત્રના આધારો ટાંકનારા અને ભૂતકાળમાં ગોથાં ખાનારાઓ આનો શો ઉપાય સૂચવે છે ?

* * *

"વ્યક્તિ એ સમાજનું એક અંગ છે. સમાજ વ્યક્તિને ન્યાય આપવા અને તેને થતા અન્યાય પ્રસંગે તેની પડખે ઉભા રહેવા નૈતિક રીતે બંધાએલો છે. જો સમાજ

એક વ્યક્તિ ઉપર ગુજરતા ત્રાસ અને જુલ્મને નિભાવી લેવા તૈયાર હોય તો એ સમાજને એવી કોઇ પણ વ્યક્તિ પાસે પોતાના કાયદા કાનુનો ફરજીઆત પળાવવાનો શો હક્ક છે? અન્યાય અને જુલ્મનો ભોગ બનનારને માટે એજ માર્ગ ખુલ્લા રહે છે, કાંતો તેણે રીબાઇ રીબાઇને મરવું. યાતો જે સમાજ તેને ન્યાય આપવાના, તેમજ થતા અન્યાયમાંથી બચાવવાના બખાડા કરે છે તેની સામે બંડ કરી તેના કાયદાનો છડે ચોક ભંગ કરવો! સમાજ અને તેના સુત્રધારોને સાચો ન્યાય કરવો નથી અને પોતે માનેલા કાયદાઓનો અમલ ન થાય એટલે એ વ્યક્તિ ઉપર શાસ્ત્રના નામે, સમાજના કાયદાઓને આધારે અને નિતી અનિતીના સવાલોની ઓથે રહી એમના હાથમાં હવે બાકી રહેલું છેલ્લું હથીઆર 'બહિષ્કાર' અજમાવવા તેઓ તૈયાર થાય છે. પણ એ થઇ બેઠેલા આગેવાનોને અને કહેવાતા શાણાઓને ક્યાં ખબર છે કે તમારું એ અમોઘ શસ્ત્ર હવે બુઠ્ઠું બની ગયું છે. તેની કશીજ કીંમત નથી. ક્યાંતો સમાજના શરણું નીચે રહેનારને ન્યાય આપવા તત્પર રહો. યા તો તમારા એ કહેવાતા કાયદાઓનો અંત થતો નિહાળ્યા કરો અને પોકાર પાડ્યા કરો!!"

* * *

તા૦ ૩૧-૧૨-૩૦ ના મુંબાઇ સમાચારમાં એક ભાઇ લખે છે કે: હાલમાં ભરાતા પ્રદર્શનને પ્રસંગે ચતુર્વિધ સંઘને એકત્ર કરવાનો સારો પ્રસંગ છે. અને તેમ થાય તો કમભાગ્યે પ્રદર્શનના આમંત્રણને માન આપી અત્રે પધારતા આચાર્યોમાં લગભગ બધાજ શાસનપ્રેમી પક્ષનાજ હોવાથી કંઇ આવું વેતરાઇ ન જાય. તેને માટે સાવચેતીનો સૂર કાઢી ત્યાં બિરાજતા વિજયનેમીસુરિજી અને વિજયનિતીસૂરીજીને આગેવાની લઇ બધાને પક્ષભેદ વગર આમંત્રણ આપવાની નમ્રપણે સૂચના કરે છે.

—આપણે એ પુજ્ય વર્ગ સાચી 'વિતરાગતા' સિદ્ધ કરી બતાવશેજ એટલી આશા રાખી હાલ તો મૌન સેવીએ!

* * *

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું મુખપત્ર 'જૈન યુગ' માસિક મટી પાક્ષિક બને છે. તેનો પહેલો અંક તા૦ ૧ જાનેવારીએ બહાર પડી ચુક્યો છે. કોઇપણ જાતનો અભીપ્રાય હાલ કેમ આપી શકાય? બાકી એટલું ખરું કે તેની 'નિતી રીતી' સંબંધી આપણે ટીકા ન કરીએ. પણ જો સાચેજ જૈન યુગ સમાજની સેવા કરવા માગતું હશે તો તેણે જીવનના પ્રત્યેક પ્રશ્નોની ચર્ચા કર્યા વિના નહીજ ચાલે. ભાષાની ગંભીરતા કે વિચારોની પૌઢતા તરફ આપણને ઝાઝો વાંધો ન હોય. પણ સત્યને જાહેર કરવાની નિડરતા તો અવશ્ય હોવી ઘટે!" એટલો ચેતવણીનો સૂર કાઢ્યા પછી આપણે નોંધીએ કે: "જૈન યુગ" ભલે ઉગે!—માત્ર પુરાતત્વનાં સુંઘણાં સુંઘવા માટે નહી પણ સમાજના સળગતા પ્રશ્નોનો ઉકેલ કરવા માટે. અસ્તુ

3/1/31 — Fedist.

**જાહેર ખબર:** પત્રિકામાં જાહેર ખબર લેવાનું નક્કી કર્યું છે. ભાવ વગેરેની માહિતી પત્રવ્યવહારથી મળી શકશે.

# ચર્ચાપત્ર.

જૈન યુવક સંઘ પત્રિકાના તંત્રી જોગ,

નીચેનું ચર્ચાપત્ર આપ પ્રસિદ્ધ કરશો.

વીરશાસને તા. ૨૬-૧૨-૩૦ નાં અંકમાં પત્રિકાના તંત્રીની ભાવનગરના વેપારને અંગે ટીકા લખી છે. વીરશાસનના તંત્રીને બીજી બાજુ જોવાની છેજ નહિં; પણ ભાવનગરના રેશમી કાપડના વેપારીઓ તરફથી 'જાહેર નિવેદન' એ નામે બે પત્રિકાઓ બહાર પાડી છે, તે આખી વાંચવાથી ભાવનગર પીકેટીંગ મંડળની રેશમી કાપડના વેપારીઓ સાથેની વર્તણુંકનો સમાજને સાચો ખ્યાલ આવશે. તેમાંથી નિચેનો ઉતારો ખાસ જરૂરનો હોવાથી પ્રકટ કરવા મોકલી આપું છું.

"અમદાવાદમાં બનારસી માલ તથા કીનખાબ, મોળીઆં, પાલવજોટા વિગેરે હિંદુસ્તાનની કારીગરીવાળા માલ ઉપર પીકેટીંગ નથી એ અમો ભારપૂર્વક ફરીથી સમગ્ર જનતા સમક્ષ જાહેર કરીએ છીએ."

"પ્રથમ દ્રષ્ટિએ રા. ફુલચંદભાઇ તથા સંગ્રામ સમિતિએ રેશમી કાપડમાં સ્વદેશી શું શું વસ્તુઓ મળ્યુ છે તે સમજી લઇ તેનો નિર્ણય કર્યા પછીજ વિદેશી વસ્તુઓ ઉપર વ્યાજબી રીતે પીકેટીંગ શરૂ કરવું જોઇતું હતું!"

"અમારી સહેજ પત્રિકાનો કશો પણ ખુલાસો તેઓથી અથવા તેમની સંગ્રામ સમિતિ આપી શક્યા નથી તેમજ અમારા કોઇપણ મુદ્દાઓને 'અસત' જાહેર કરી શક્યા નથી."

"અમો જાહેર જનતાને નમ્રતાપૂર્વક જણાવીએ છીએ કે આ પીકેટીંગ સ્વદેશી કાપડ ઉપરનું છે કે વિદેશી ઉપરનું?"

"અમારો સ્વદેશી સાડી, સાડા વિગેરે બનારસી માલ, અમદાવાદી કીનખાબ, ખંડ વિગેરે અમદાવાદી માલ, સુરતી મોળીઆં, કનેરી વિગેરે સુરતી માલ, જામનગરી અતલસ, પોરબંદરી સાડા વિગેરે વિગેરે જે જે સ્વદેશી માલ છે અને જેમાં ઓછામાં ઓછા પચાસ ટકા અને વધારેમાં વધારે નેવું ટકા સુધી હિંદુસ્તાનની કારીગરીનો સમાવેશ થાય છે એટલે કે હિંદુસ્તાનના સંખ્યાબંધ કારીગરોનો નીભાવ થાય છે—તેવા માલને માટે સખ્ત પીકેટીંગ હોવાથી અમો લગભગ પોણા બે માસ થયાં પુષ્કળ નુકશાન સહન કરી રહ્યા છીએ." લી૦ જૈન.

## પહોંચ અને સ્વીકાર.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું મુખપત્ર "જૈનયુગ" જે પહેલાં માસિક હતું તે નવા વર્ષથી (તા૦ ૧-૧-૩૧) પાક્ષીક તરીકે બહાર આવ્યું છે તેનો પ્રથમ અંક અમને મળ્યો છે, જે આભાર સાથે સ્વીકારીએ છીએ. "જૈનયુગ" જૈન સમાજને ખાસ વાંચવા અને સમજવા લાયક છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો **પંદરમો વાર્ષિક રિપોર્ટ** જેમાં સને ૧૯૨૯-૩૦ નો હિસાબ વગેરે બાબતો જણાવવામાં આવી છે, તે વાંચી કોને સંતોષ ન થાય? જૈન સમાજની દરેક ધાર્મિક સંસ્થા આવું સુંદર કાર્ય કરે એમ અમે ઇચ્છીએ છીએ.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, બાવા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮; ચહાવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

બ્રહ્મચર્ય અને વ્યાયામ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના પોષ વદી ૯. | છુટક નકલ: |
| અંક ૨ જો. | તા૦ ૧૨-૧-૩૧ | ૦॥ આનો. |

## નોંધ અને ચર્ચા.

### કેટલાક બળતા પ્રશ્નો : લગ્નમાં કજોડા.

હજુ જૈન સમાજમાં લગ્નવિષયમાં સોળમી સદીના જેવું નિંદ્ય વર્તન આચરવાના દાખલાઓ વાંચી હૃદય દુભાય છે. આપણે દયા ધર્મની બડી બડી વાતો હાંકવામાં જરા પણ પાછું વાળી જોતાં નથી—અરે આપણામાંના કેટલાક ધર્માન્ધો તો દેશમાં પ્રવર્તી રહેલ અહિંસક યુદ્ધને પણ જૈન ધર્મની અહિંસા સાથે સબંધ વગરનું લખતાં શરમાતા પણ નથી. મોક્ષ અને આત્માની વાતો કરનારા આપણાજ ભાઇઓ લગ્નના લ્હાવો, સંતાનનો મોહ અને વિષયની અભિલાષા છોડી શકતા નથી. એ પર ઉપેક્ષાવૃત્તિ દેખાડવાને બદલે એમાં ગૃદ્ધિથી રાચતા દૃષ્ટિગોચર થાય છે!

દેશકાળ જોતાં શું એમ નથી લાગતું કે ભૂતકાળમાં ગમે તેમ ચલાવ્યું પણ હવે તો આવા કજોડાથી હાથ ઉઠાવવોજ જોઇએ. ઉમ્મર લાયક વરકન્યાના વિવાહનેજ ખરા લગ્ન કહી શકાય. એમાં પણ ગુણ, શિક્ષણ અને સ્વભાવનું સામ્ય ખાસ કરી જોવાની જરૂર છે. વર કરતાં કન્યાની વય ઓછી હોવી જોઇએ, એ સહજ સમજાય તેવું છે. ઉપરાંત કુળ સનાથતા કે ધન એ ચાલુ કાળમાં ખાસ અગત્ય આપવા જેવા સાધનો નથી. 'समान शीलेषु सख्यम्' એ સૂત્રપર સવિશેષ ધ્યાન અપાય તો પણ વાંધા જેવું નથી.

છતાં આજે શું અનુભવાય છે? કુલીનતાના નામે કેટલી કન્યાઓના ભવને આગ મૂકવામાં આવે છે! અને ધનવાનો સ્વ દ્રવ્યબળે બાળાઓને વિક્રયની વસ્તુ બનાવી રહેલા આપણે શું નથી જોતા? માબાપોના ભૂલભર્યા લ્હાવા માણવાના લોભથી કેટલાયે યુવકોના સંસારમાં ઠંડું પાણી રેડાઇ જાય છે. આમ છતાં નરજાતિ કરતાં નારિજાતિના કષ્ટોનો પાર નથી. જ્યાં ધન લાલચુ માબાપ હોય છે ત્યાં તો આડો આંક આવે છે. ધોળીઆના રાગમાં અંધ બનેલ પિતા મડા સાથે મીંઢળ બાંધતા પણ અચકાતો નથી. એની ચક્ષુઓ સામે ડોકીયા કરતાં દિકરીના વૈધવ્યને જોઇ શકતી નથી એ વેળા દયા ધર્મની વાત તો એ કોઇ ગહન ગુફામાં છુપાવી દે છે. પાપ તો એને યાદજ આવતું નથી. સ્વાર્થ બધું ભૂલાવી દે છે. પોતાની તનયાનો ભવ બાળનાર આવા જનકો કસાઇ કરતાં પણ ભૂંડા છે.

કોન્ફરન્સના પ્રચારથી અને કેળવણીના ફેલાવાથી ઘણા ભાગમાં ઉપરોક્ત સ્થિતિ ઘણે અંશે બદલાઇ ગઇ છે! આમ છતાં હજુ કેટલા એવા સ્થળો છેજ કે જ્યાંથી આ રોગ નાબુદ નથી થયો. કેટલેક સ્થાને આવા દુઃખદ કાર્યને જ્ઞાતિના કાનુનથી કે વહેવારના દાબથી જકડવામાં આવે છે. વળી આ અનિષ્ટ તરફ જો કોઇ ધ્યાન ખેંચે છે કિંવા આંખ ઉઘાડે છે તો ધર્મી ગણાતા ધર્માંધો ભાવી ભાવને આગળ કરતાં પણ શરમાતા નથી. આંખો મીંચીને કુવામાં પડતું મૂકનાર કઇ રીતે ભાવી ભાવને શીરે દોષ ઢોળે છે! આશ્ચર્ય જેવું તો એ છે કે આ બધી કર્મની ફીલોસોફી ને તકદીરની વાતો માત્ર સ્ત્રી જાતિના સંબંધમાંજ આગળ ધરવામાં આવે છે. પુરૂષ વર્ગને માટે તો કંઇ નિયમન કે ધર્મ-કર્મનો રોધ છેજ નહિં! ધર્મના ઓઠા તળે પ્રવર્તી રહેલ આ ચોકખો દંભજ છે યુવાનો હવે તેને ઘડીભર ન સહી શકે એ સામે યુવતી વર્ગે પણ હાથ ઉપાડવા જોઇએ. 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' ના જમાનાથી આપણે આગળ નીકળી ગયા છીએ એટલે એવી ખોટી શરમ ન રખાય. બાર વર્ષની બાળકી કે સોળ વર્ષની તરૂણી સાથે ચાલીસ પચાસના બુઢ્ઢાઓનો હસ્તમેળાપ પળવાર સાંખી શકાયજ કેમ? જ્યાં આવું બનતું હોય ત્યાંના યુવકો જો એ પરત્વે આંખ આડા કાન કરતા હોય તો અવશ્ય તેઓ નામર્દ છે. જરૂર તેઓ ધર્મ ને સમાજનો દ્રોહ કરી રહ્યા છે. વીસમી સદીના આ કાળમાં, સુધારણાના આ યુગમાં આઠ દશ વર્ષના બાળકો પૈડે ચઢે અમર ડોસાજીઓ વાડી લાવવાના કોડ કરે એ અનુચિત છે. એ સામે પડકારવા સારૂ યુવાનો પાસે પુરતી સામગ્રી છે માટે યુવાનો ઉંઘમાં નજ રહે.

"અભ્યાસક."

---

## યુવાનોના આદર્શ.

નાની મોટી વાતો અહીં પૂરી થાય છે. દેશમાં ચારે તરફ સંગ્રામનાં જુવાળ પથરાયા હોય ત્યાં બીજી લાંબી વાતો શું કરીએ! અમને ભવિષ્ય તરફ બહુ વિશ્વાસ છે. આપણે અત્યારે ઉદયકાળની સન્મુખ ઉભા છીએ. આપણા અહિંસાના મહાન સિદ્ધાન્તનો જગતભરમાં જે પ્રસાર થતો જાય છે તેનો ખ્યાલ કરતાં છાતી ગજ ગજ ઉછળે છે. આપણા યુવક ભાઇઓના ભોગ, સેવા અને આદર્શો સંભારતાં હર્ષનાં આંસુ આવે છે, આપણા વ્યાપારી વર્ગનો ત્યાગ જોતાં મન આર્દ્ર થઇ જાય છે, આપણી બ્હેનોને જેલમાં જતી જોતાં અને પીકેટીંગ કરતી જોતાં ભાવી ભારતનાં વીર સંતાનોનો અજબ માર્ગ મનમાં પ્રેરણા કરે છે; અને આપણા સ્વાતંત્ર્યના સૂર્યના અરુણોદયના વિચારો મનમાં પ્રેરણા ભરી મૂકે છે.

નવયુવકના ઉત્સાહનો અત્યારે પાર નથી. એના આદર્શને અત્યારે મર્યાદા નથી, એની પ્રેરણાને અત્યારે પરિસિમા નથી, એના વેગને અત્યારે પ્રત્યાઘાત નથી, એની ભાવનાને અત્યારે ભૂખ નથી, એના ત્યાગને અત્યારે સ્ખલન નથી, એના વિકાસને આજે ક્ષોભ નથી; એ ખૂબ વધે છે, એ ખૂબ ગાજે છે, એ ખૂબ મ્હાલે છે. એનો આદર્શ સેવાનો છે, એની ભાવના સેવાની છે, એની વાણીમાં સંયમ છે, એની ગતિમાં શિસ્ત છે, એની દોડાદોડમાં નિયમન છે, એના વસ્ત્રમાં સાદાઇ છે, એના ખોરાકમાં બેદરકારી છે, એની બોલીમાં સ્વાતંત્ર્ય છે, એના વિચારમાં ભવ્યતા છે, એની ચાલમાં શોભા છે, એના વિનયમાં વિવેક છે, એના વિવેકમાં અક્કલ છે, એની અક્કલમાં દીર્ઘ નજર છે અને એની નજરમાં રાષ્ટ્રની સ્વતંત્રતા છે.

(મહાવીર જૈન વિદ્યાલયના રિપોર્ટમાંથી.)

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

श्रीमद् हरिभद्रसूरि.

# બ્રહ્મચર્ય અને વ્યાયામ.

બ્રહ્મચર્ય એટલે સંપૂર્ણ સ્ત્રી વર્જન, જે ભાઇઓ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાને શક્તિમાન હોય અને પાળતા હોય તેને તો વંદનજ છે. પરંતુ જેઓ સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પાળતા હોય તેઓએ પોતાની પત્નિ સિવાય બાકીની સ્ત્રીઓ પ્રત્યે માતા બહેની કે પુત્રીસમ પ્રેમ રાખવો. યુવાન અવસ્થામાં લગ્ન થયું હોય તો ગૃહસ્થ મન, વચન ને કાયાથી આવા પ્રકારનું બ્રહ્મચર્ય પાળી પોતાની પત્નિમાં સંતોષ એટલે ઢોરા પેઠે નહિ; પરંતુ જેમ બને તેમ વિર્યનું રક્ષણ કરી જવલેજ ન છુટકે સેવે તો યુવાન વયે લગ્ન લાભદાયી નીવડે છે. નહિ તો ભયંકર નુકસાન કરે છે.

પાકી વયે લગ્ન થાય તો શરીરના સ્નાયુઓ, અંગો, ખાટીલા અને મજબુત બને છે, આ પ્રમાણે ઘાટીલું અને મજબુત શરીર બંધારણ થયા પછી લગ્ન થાય તો, શરીરને નુકશાન થતું નથી. આથી શરીર બળની વૃદ્ધિ માટે અને ટકાવ માટે બાળવયમાં લગ્ન કરતાં પાકી વયે (યુવાન અવસ્થાએ) લગ્ન થવું જરૂરી છે, વ્યાયામનું આધ્યબિંદુ શરીર સંપતિ છે, પાકીવયે લગ્નનુ ધ્યેય પણ શરીર સંપતિ છે, માટે વ્યાયામ અને પાકી વયે લગ્ન એ બે ગૃહસ્થ જીવનની ગુટીકાઓ છે

બ્રહ્મચારી આત્માનો ઉદ્ધાર કરે છે, પારકાના ભલા માટે સદા ઉત્સુક રહે છે. તેની શક્તિ અથાગ ઉદ્યમથી મંદ પડતી નથી. પરંતુ વધારે ખીલે છે, એક બ્રહ્મચારી અનેક અબ્રહ્મચારીઓમાં સેંકડો શિયાળવા વચ્ચે સિંહ સરીખો છે. બ્રહ્મચારીએ શરીર બળ સાચવ્યુ છે. વીર્યની વૃદ્ધ કરી છે. તેથી તે પોતાનુ અને પરનું ભલુ કરી શકે છે. અબ્રહ્મચારીએ વીર્યરક્ષાની દરકાર કરી નથી તેથી તે આત્માના બળ અને આત્માની અનંત શક્તિથી જે વંચિત રહે છે, શરીર બળની ઉપેક્ષા કરવી તે આત્મબળની અવગણના કરવા બરાબર છે. અથવા શરીરઘાત તે આત્મઘાત છે.

બ્રહ્મચર્ય પાલનને અર્થે શારિરીકબળ, શારિરીક તેજસ્વીતા અને શારિરીક સંપત્તિની ઉપયોગીતા કેટલી છે તે જાણ્યા પછી શારિરીકબળની પ્રાપ્તી માટે વ્યાયામની જરૂર કેટલી છે તે જાણવું લાભદાયી છે.

જગતમાં મનુષ્યને હેરત પમાડે તેવાં મહા મોટાં યંત્રો બનાવ્યા છે. પરંતુ તે બગડે ત્યારે તેને સુધારવાનાં સાધનો પણ હોઇ શકે છે. પરંતુ શરીરરૂપી યંત્ર જ્યારે બગડે ત્યારે તેને સુધારવાને ડોકટરી કે વૈદક કૃત્રિમ ઉપાયો નકામા છે પરંતુ તેને બગડતુંજ અટકાવવા એટલે મુળથીજ રોગના તંતુઓ ઘર કરીને ન બેસે તે માટે ખરો ઉપાય વ્યાયામ છે. કારણ કે શરીર માટે જે કૃત્રિમ ઉપાયો યોજવામાં આવે છે તે આયુષ્યને ઘટાડે છે પરંતુ વ્યાયામ આયુષ્ય વધારે છે, વ્યાયામ ઉત્તમ દવા છે, ઉત્તમ ગુટીકા છે, ઉત્તમ ભસ્મ છે, ઉત્તમ એનીમા છે.

ગુમાવેલી શક્તિ ફરીથી પ્રાપ્ત કરવા તમે શું કરશો? કોઇ પણ ઉપાય અજમાવો તે પહેલાં અંગ કસરત શક્તિ પ્રમાણે કરજો. તમારા મ્હોનાં તેજ ઓછાં થયાં હોય, ગાત્રો ઢીલાં થયાં હોય અને હાથ પગ કરામી થયા હોય તો કદાગ્રહ કરીને તમારા શરીરમાં શક્તિનો હોજ ભરવામાં પાછા હઠશો નહિ.

શરીર અનેક રોગોનું સંગ્રહસ્થાન છે શરીર અનેક પ્રકૃતિઓનું સંમેલન સ્થળ છે, એ જીવન શક્તિઓનો કીલ્લો છે. એ કીલ્લાને સુરક્ષિત રાખવા કસરતરૂપી તોપ પુરતી થઇ પડશે.

વ્યાયામ એટલે શરીરબળ ખીલવવાનું સાધન. શારિરીક બળ અને સુઘડતા જ્યાં હોય ત્યાં મનની પવિત્રતાનો વાસ થાય. જો આત્માને રહેવાનું મંદિર મલિન હોય તો આત્મા પણ તેવો બને છે. કારણ કે નિર્બળ માણસ અનેક ખરાબ ભાવનાઓનું સભાસ્થાન છે અને તંદુરસ્ત માણસનો આત્મા હમેશાં પ્રફુલીત, પ્રગતિમાન, અને પૂર્ણાનંદી રહે છે અને તેથીજ સત્ય કહ્યું છે કે શારિરીક કેળવણી એટલે મનનો વિકાસ છે, મન અને શરિરનો સંબંધ અતિ નિકટ છે, આથી આત્મ ઉન્નતિ અર્થે જેટલી બ્રહ્મચર્યની જરૂર છે તેથી લેશ પણ ઓછી જરૂર વ્યાયામની નથી. માટે દરેક ભાઇએ અને બ્હેને નિયમિત કસરત કરવાની ટેવ પાડવી જોઇયે. જેઓને તે તરફ રૂચીજ થઇ નથી, તેઓએ અખતરા તરીકે રૂચી કરી જુએ અને થોડાજ દિવસોમાં તેને ખાત્રી થશે કે કસરત એ સાધારણ વસ્તુ નથી પરંતુ અણુમોલી ગુટીકા છે.

## આબુ તિર્થ.

—(૦)—

આબુ તિર્થપર જતા જૈન યાત્રાળુ પાસેથી મુંડકું વધારવાની બાબતની ઉહાપોહ જાહેર પેપરોમાં આવવાથી અત્રેની જૈન શ્વેતાંબર કોન્ફરન્સે તા૦ ૨૪-૧૨-૩૦ ના રોજ એક તાર શીરોહી સ્ટેટ ઉપર કરેલો હતો તેનો જવાબ ૩૧-૧૨-૩૦ ના રોજ મળવાથી બીજો તાર તા૦ ૧-૧-૩૧ ના રોજ કર્યો હતો

"ચીફ મીનીસ્ટર: શીરોહી,

કોન્ફરન્સ તરફથી કરવામાં આવેલો તાર તા૦ ૧-૧-૧૯૩૧. ચીફ મીનીસ્ટર શીરોહી. તાર મળ્યો એક આઠવાડીયાથી વધારે રોકાનાર જૈન યાત્રાળુઓ પાસેથી ફરી ફરીને ચોકીદારી અથવા વધારાનો કર આપવો પડતો નથી એમ જાણી અમે ખુશી થયા છીએ. આ ખબર જૈન યાત્રાળુઓને પણ અમે આપીએ છીએ અને અમે નામદાર મહારાવ સાહેબનો આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપ પણ દેલવાડાના ઇન્સ્પેક્ટરોને તે મુજબ ખબર આપશો. રણછોડભાઇ રાયચંદ ઝવેરી અને મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ."

## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો:—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૯૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઇ નાં. ૩.

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# જૈનો અને સત્યાગ્રહ.

લેખક: એ. કે. દોશી.

### અહિંસા ધર્મની મહત્તા.

દુનિયામાં પરાપૂર્વથી પુણ્ય અને પાપ વચ્ચે ઝઘડો ચાલ્યા કરે છે. સૌ સૌનાં પુણ્ય પરવારે છે અને પાપનો ઘડો હદ ઉપરાંત ભરાય છે, ત્યારે દુનિયામાં મહાન ઉથલપાથલ થાય છે. 'અહિંસા પરમોધર્મ:' નો વિશ્વવ્યાપી સિદ્ધાંત આજે પુનર્જીવન પામી રહ્યો છે. જે સર્વમાન્ય પુરૂષ, સાબરમતી આશ્રમનો ઉત્પાદક, અને હિન્દની સૈકાઓની ઉંઘ ઉડાડનાર વ્યક્તિ, આજે યરોડાના પુણ્યધામમાં તપ તપી રહ્યો છે તે જૈનોનો મહાન સાધુ કહેવડાવાને લાયક છે. તેનું ચારિત્ર, તેજ, તેનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ, તેની સત્ય અને અસરકારક વાણી એ સૌ પયગંબરતાનો પડઘો પાડી રહ્યાં છે. એણે અહિંસાનો અજોડ પ્રયોગ આદરી માનવ સંઘને મુગ્ધ કર્યો છે.

અને તે પુરૂષે અહિંસાનો વ્યવહારીક ઉપયોગ દેખાડયો છે. હિંસામાં રાચનારી પ્રજાઓ આજે મહાત્માને પગલે ચાલવા માંડી છે. આ કર્તવ્યયુગના જમાનામાં ઉપાશ્રયમાં 'હાજીઆ' કરનાર શ્રાવકને, ફક્ત ઉજમણાં અને ઉપધાનમાંજ ધર્મની વાહ વાહ સમજનારને, અને સ્વતંત્રતાના યુદ્ધમાં ધન ન આપવું એવી માન્યતા ધરાવનારાં માનવ ક્ષત્રિયાણીઓને ગાંધીજીની મહાન સેવાનાં મહીમાન ગાનાર પ્રત્યે ધૃણાજ ઉપજેને!

પરંતુ જૈન સમાજનો નવયુવાન તેનો ધર્મ ચુકયો નથી. મહાવીરનો ખરો પુત્ર કહેવડાવવા એ યુવાન મહાજનને શોભતા પંથે સંચર્યો છે. યુવક સંઘના સભ્યો માંહેથી શ્રી. વીરચંદભાઇ તથા પરમાનંદભાઇએ, અને વિશાળ જૈન સમાજ માંહેથી શ્રી. મણીલાલ કોઠારી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, શ્રીમતી સરલાબ્હેન, મૃદુલાબ્હેન, વિગેરે માનવંત વ્યક્તિઓએ જૈનોનું નાક રાખ્યું છે.

એ સત્ય અને અહિંસાના બળથી સિંહગર્જન કરતી બહાદુર કોમોએ લાઠી અને બેટનોનો માર ખાઇ રક્ત સરિતાઓ વહેવડાવી છે. અહિંસા જો સાંપ્રત યુદ્ધનું પ્રથમ શસ્ત્ર ન હોત તો આજે હિંદીઓના હાથ હેઠા પડયા હોત. એજ અહિંસાના ઉપદેશથી આપણી ધર્મ ઘેલી પ્રજા જાન માલની કુરબાની કરી રહી છે. અને એજ સિદ્ધાંતના પ્રતાપથી હિંદની શ્રીશક્તિ તથા હિંદનું બાળશૌર્ય આટલું નૂર દાખવી શક્યું છે. જ્ઞાનચક્ષુની વાતો કરનારા સહધર્મી બંધુઓ. તેમની ચર્મચક્ષુઓ ખોલી આ નવીન ઉદ્બવિત ભવ્ય ભાવનામય જગતને નિહાળી શકશે કે?

### પરદેશી વસ્ત્ર.

ધર્મ એટલે કથન અને વર્તન ઉભય. સૂક્ષ્મ દ્રષ્ટિએ જાણવા છતાં પરદેશી વસ્ત્ર પહેરવું અને અન્યને વહોરાવવું કે પહેરાવવું તે પાપકારી છે. પ્રભુસ્પર્શ કરતાં તેને પરિધાન કરવાં તેમાં પાપબંધન છે. શ્રધ્ધાને નામે અધર્મને પોષી ધર્મ કહેવડાવવો એ ઢોંગ છે, આત્મદ્રોહ છે. આજે જૈનોએ સમૂહરૂપે જઇ વસ્ત્રની બનાવટ જોવાની ખાસ જરૂર છે. એ યાત્રા ઘણી બોધદાયી નીવડશે. આપણે જે વસ્ત્રો પહેરી મ્હાલીએ છીએ, અને આપણાં પૂજ્ય દેવસ્થાનોમાં આપણા અપવિત્ર દેહે પ્રવેશીએ છીએ તે ઓછું દુઃખદાયક નથી. આ નગ્ન સત્ય છતાં અમારા કેટલાક મુનિરાજો હજુ સુંવાળા વસ્ત્ર અને કિંમતી સાલો નથી પરિહરી શકયા તે ખીના અસહ્ય છે. 'ધર્મનો પ્રચાર ફક્ત ઉપદેશ કર્યાથી નથી થતો પરંતુ આચરણથી થાય છે.' તે સુવર્ણ વાક્ય વિસ્તૃત રીતે લખવાની હવે કશી આવશ્યકતા નથી. કહ્યું છે કે "વાંસ ખાંડી બોલવા કરતાં એક અધોળ વર્તનમાં મુકવું વધારે સારૂં છે."

### રેંટીયો.

રેંટીયો એ અશરણનું શરણ છે અને સ્વાધીનતાનો દરવાજો છે. આપણું સુદર્શન ચક્ર કેટલાએ જીવોની જીવન દોરી છે. આજે જૈન બંધુઓ સંઘો અને જમણવારોમાં જે પૈસો ખર્ચી ક્ષણીક કીર્તિનું સુખ માણી રહ્યા છે તે ઉદ્યોગ તથા હુન્નરમાં ધનનો સદ્વ્યય કરી સહધર્મીની સેવા તથા પુણ્ય ઉપાર્જન જરૂર કરી શકે. અત્યારે આપણે કંઇક ચિરસ્થાયી કાર્ય કરી શકીએ તોજ ભવિષ્ય ઉજ્વળ બને અને હિંદ સ્વતંત્ર બને.

### સત્યપર અસત્યનું આક્રમણ.

એ પણ આશ્ચર્યજનક છે કે આવી યુધ્ધિ માત્ર ભાગતો પ્રત્યે મનગમતી હલીલો થાય છે. સંગીન કાર્ય અને કાર્ય કરનારની દ્વેષી પત્રકારો ટીકા કરે છે. પરંતુ એ સૌ કોઇ સમજે છે કે એ અવાજ જનતાનો નથી પરંતુ જડતાનો છે. ગાંધીજી જેવી મહાન વ્યક્તિને દંભી અને હિંસક ગણનાર ગલીચ સાહિત્યના ઉત્પાદક તે પત્રકારને તેનું અરણ્ય રૂદન ચાલુ રાખવા સામે કોઇનો વિરોધ નથી. એતો સર્વમાન્ય બાબત છે કે જ્યારે જ્યારે ધર્મ રૂપી પારસમણી કમઅક્કલ અને છીછરી બુધ્ધિવાળા પામર પ્રાણીઓના હાથમાં આવી પડે છે અથવા તો તેઓ એના અસત્ય રીતે ઇજારદારો બને છે ત્યારે તે ધર્મનું સત્ય નિરૂપણ થવું મુશ્કેલ છે. અંત્યજને અડકવું એ પાપ છે એમ માનનાર વ્યક્તિ મનુષ્યત્વ ગુમાવી બેઠો છે એમ કહ્યા વિના નહીંજ ચાલે, તેવીજ રીતે સ્વપક્તિના મનુષ્યોના મતભેદને લીધે તેમનાં પ્રત્યે ગલીચ બોલનાર અને લખનાર ધર્મ ગુમાવી બેઠો છે તેમ કહ્યા વગર પણ નહીં ચાલે. સત્યાગ્રહની લડત ભલે નિષ્ફળ જાય પરંતુ તેથી તે દુરાગ્રહ હતો તેમ નહીંજ કહેવાય.

છેવટે જે બંધુઓ સત્યાગ્રહની લડતને યથાશક્તિ નથી અપનાવી શકયા તેઓને અને જે પ્રતિદીન વ્યક્તિગત વિરોધને લીધે લડતને મુખપત્રદ્વારા કદંગી ચીતરી રહ્યા છે તેમને હું નવીન યુગનો નવીન પ્રકાશ મેળવી માનવ જીવન સાર્થક કરવા માટે વિનવું છું. અસ્તુ.

# શાસનપ્રેમીઓની કર્તવ્ય મિમાંસા.

જૈન ધર્મરૂપી શીતળ નંદનવનમાં સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપી રાજહંસો આજ પર્યંત સ્વઅધિકાર મુજબ પ્રશાંત વહને આનંદ કલ્લોલ કરી રહ્યા હતા. પવિત્ર સાધુ મહાત્માઓ જીવનની આવશ્યકતા અલ્પમાં અલ્પ નિર્દોષ વસ્તુમાં સંતુષ્ટ રહી, ત્યાગ વૈરાગ્યમાં કૃતાર્થ રહેતા, અને આ મુનિપુંગવો જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં પરિમિત મધુર ગીરાથી પાત્રને યોગ્ય દ્રવ્ય ક્ષેત્ર કાળભાવના પરિણામનો દીર્ઘ વિચાર કરી સમયોચિત વિતરાગના સત્ય માર્ગનો ધર્મોપદેશ આપી જનતામાં શાન્તિ સ્થાપતા. અને વિતરાગ પ્રભુના ત્યાગમાર્ગના આદર્શને સ્વજીવનમાં કૃતાર્થ કરી જનતાના હૃદયમાં સુંદર છાપ પાડી જનતાનું કલ્યાણ કરતા. વિના ઉપદેશે પણ એ પવિત્ર મહાત્માઓનું ત્યાગી જીવન મનુષ્યોને ધર્મરસ્તા પર લઇ જવા પ્રેરણા કરતું. જીવન નિભાવવા નિર્દોષ આહાર, અલ્પ મુલ્યના તે પણ પરિમિત વસ્ત્રો, ગૃહસ્થો પાસેથી ભીક્ષામાં ગ્રહણ કરતા, તેના બદલામાં વધુમાં વધુ જનતાનું શુભ શ્રેય કરવા હંમેશાં તેઓ તત્પર રહેતા. (હાલ ગાઢ દુધ મશાલાથી ભરપુર મિષ્ટાન્ન ઉડાવનાર, બહુ મુલ્ય વસ્ત્રથી શરીર પોષણ કરનાર શ્રાવકોના માલપાણી ઉપર જીવન ગુજારનાર આજના શ્રમણો ? શ્રાવકોની અમોને શી પરવા છે ? સાધુ શ્રાવકનું ભલું ઇચ્છે નહિ. એવું વદનારા આ ત્યાગીઓ પોતાને ત્યાગી કહેવરાવતા કેમ શરમાતા નહિ હોય ?)

એ ગીતાર્થ મહાત્માઓ પ્રાયે માનસ શાસ્ત્રના પૂર્ણ અભ્યાસિ રહેતા, મનુષ્યના જીવનને પ્રમાદમાં લઇ જનાર નાનામાં નાની બાબતો ! જે પાછળથી ભયંકર બની આખી સમાજ અને કંઇક આત્માઓનું અધઃપતન કરાવે છે. તેવી બાબતોપર આ જ્ઞાનીઓ નજર રાખવાનું ચુકતા નહિ તેથી જરા જેટલી નાની વાત એ મહાત્માઓની ધ્યાન બહાર રહેતી નહિ.

જ્યારેં જ્યારે સમાજ, તીર્થ કે ધર્મપર કંઇ વિપદનું વાદળ ચડી આવતું ત્યારે ત્યારે તે સમયજ્ઞ ગીતાર્થ જ્ઞાનીઓ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના પરિણામના પરિણામીક બુદ્ધિ બળના યોગે જૈન ધર્મની મહત્તા રાજસભામાં જૈનેતર પંડિતોના હૃદયમાં કરાવી જૈન શાસનની ઉજ્જ્વળતા જગતને બતાવતા. એ મહાપુરૂષોની એ યશોગાથાનું વર્ણન જૈન સાહિત્યમાં અનેક સ્થળે છે. જે વાંચવાથી જાણી શકાય તેમ છે.

( પણ હમણાં સમયના અજ્ઞોએ, રાષ્ટ્રના ભિષણ દુઃખોના દિવસોમાં દિક્ષાના નિમિત્તે મુંબઇમાં મોટો વરઘોડો કાઢયો હતો. તેમાં બેન્ડ વાજા વિગેરે નાના પ્રકારના દેખાવો કરી શુભ્ર વિદેશી વસ્ત્રોથી શરિર શણગારી જૈન ધર્મની જગતમાં હાંસી કરાવી હતી. શરમ, શરમના પોકારોથી ધર્મને વગોવાવ્યો હતો. એ આજના સમય અજ્ઞોની તુચ્છ મનોદશાની નોંધ હવે પછીના ઇતિહાસમાં કેવા અક્ષરે લખાશે ! )

ઉત્તરોત્તર એ પુણ્યશ્લોક મહાપુરૂષોએ વિતરાગના ધર્મબગીચાને, મધુર પરિમિત ગીરા, આદર્શ ત્યાગ, સમયની વિચારણા, ઉદારચરિત્ વિગેરે સદ્ગુણોના જળસિંચનથી આજ પર્યંત હાલ્યો ફુલ્યો રાખ્યો. અને જૈન જનતાએ સુસંપથી એકત્ર રહી જૈન ધર્મનો પ્રભાવ જગતમાં અબાધિત જાળવી રાખ્યો. આ ભુતકાળનો જુનો ઇતિહાસ ?

પરંતુ જેટલું સુંદર હોય છે તેને અવાર નવાર વિઘ્નો આવ્યા કરે, એ કુદરતી વિચિત્ર કસોટી છે. શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પછી આજ પચ્ચીશસો વર્ષના કાળક્ષેપમાં પ્રભુના શાસનને હાની કરાવનારા બે ચાર દુઃખદ પ્રસંગો પ્રભુના શાસનમાં આવી ગયા છે એની કરૂણ કથા શાસ્ત્રમાં નોંધાએલી છે:

"જ્યારે જ્યારે સમાજમાં જ્ઞાનનો અભાવ વધતો જાય "ત્યારે ત્યારે ધર્મઘેલછા વધતી જાય, અને ધર્મપ્રવૃત્તિ વિવેક "શુન્ય થતી જાય. ધર્મની શાન્ત ક્રિયાઓમાં તામસીપણું "આવતું જાય એ સર્વ બીના નિર્વિવાદ છે. ધીરે ધીરે આવી "પ્રકૃતિનું માનસ, સમાજમાં દ્રઢ થતા આખો સમાજ અંધ "ક્રિયાના ઘેનમાં ધર્મઢી બની જાય છે. તેથી ધર્મના સત્ય "રહસ્યથી આખો સમાજ મોટે ભાગે બેનસિબ રહેવા પામે "છે. આવા સંયોગોમાં ગુરૂડમવાદ પોતાનો મુખ્ય ભાવ ભજવે "છે. ધર્મના નિમિત્ત નજીવી બાબતોમાં નિત્ય નિત્ય કલેશના "વાતાવરણ ઉભા કરાવી એ ગુરૂડમવાદ પોતાના જીવનની "ઇતિકર્તવ્યતા માને છે. ધર્મઘેલા (જ્ઞાને શુન્ય) જનસમૂહબળે "સમાજમાં એ ગુરૂડમ પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી જનતાને "ધર્મના નામે અવળા રસ્તે દોરી સમાજની છીન્નભીન્ન અવસ્થા "કરાવીને એ ગર્વીત આત્માઓ પોતાને ધન્ય માને છે અને "ધર્મઘેલા ભક્તો પાસે મનાવે છે. આવા સમયે જો કોઇ "કોઇ પવિત્ર આત્મા ધર્મના ઉદ્ધાર રહસ્યને સત્ય હકિકતમાં "સમજાવવા, તથા સમાજને જ્ઞાન રસ્તાપર લાવવા પ્રયત્ન "કરે તો તે આ ઉદરપોષણી ગુરૂઓને પોષાતું નહિ "હોવાથી, તેવા સંત પુરૂષોને સમાજમાં હલકા પાડવા, અનેક "છળ પ્રપંચો રચી, ધર્મઘેલા જ્ઞાને શુન્ય ભક્તોદ્વારા આખા "સમાજને અને ધર્મને કલેશના વાતાવરણમાં ફુગાડી દે છે."

આમ માનસશાસ્ત્રના અભ્યાસિઓનું કહેવું છે.

તુચ્છ મનોવૃત્તિના માનસે નહિ કરવાના કૃત્યો ! જગતમાં શું શું નથી કર્યા ? શાસ્ત્રના નામે, ધર્મના બ્હાને, પોતાની ક્ષુદ્ર વૃત્તિને ક્યાં નથી પોષી ? અરે ! શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી જેવા પરમ ત્યાગી, આગમના નિષ્ણાત્, દ્રવ્યાનુયોગના પરમ અભ્યાસિ, જ્ઞાનસાર જેવા અનેક મહાન શાસ્ત્રના કર્તા, એવા મહાપુરૂષને પણ આ ધર્મ ઢંગિઓએ, તે કાળે જ્ઞાન શુન્ય જનસમૂહ બળે કષ્ટ આપવામાં ક્યાં કચાશ રાખી હતી ?

આમ અવારનવાર ધર્મઘેલછાનું જોર વિતરાગનો ધર્મ માનનારી સમાજમાં જીવતું જાગતું રહેવા પામ્યું છે. એ ઘણી શોચનીય બીના છે.

વર્તમાન સમયમાં કેટલોક વખત થયા જૈન સમાજમાં પાછી ગુરૂડમ વાદના યોગે નહિ ઇચ્છવાજોગ જૈન સમાજને વિદારનાર પ્રવૃત્તિ કરનારી મતીવિભ્રમોની એક અળખામણી ટોળકી ઉત્પન્ન થઇ છે. તેના કુપથીપ્યાર મહાત્માઓએ ! ધર્મી, અધર્મીના ભેદો પાડી, આજે જૈનોના ગૃહોમાં ગામેગામ કલેષ, કંકાસ કરાવી જૈન સમાજની શાન્તિનો વિનાશ કરાવ્યો છે. મુંબાઇ, સુરત, અમદાવાદ, ખંભાત, પાટણ, જામનગર વિગેરે જ્યાં જ્યાં આ મહાત્માઓ ? ના પનોતા પગલા થયા છે ત્યાં ત્યાં જૈન સમાજને ભયંકર દુર્દશામાં ધકેલી દીધો છે.

રસ વિહોણા એ શાસન રસીકો ? અને તેમના સંત શિરોમણી ! એ જૈન ધર્મના સિદ્ધાંતોના શુધ્ધ સ્વરૂપને અવળા અર્થમાં પ્રરૂપવા સ્થાને સ્થાને પ્રવૃત્તિ આદરી દીધી છે.

આ મતી ભગીતે ટોળકી અને તેમાં નાયકોનું ક્રિયાત્મક પ્રચાર કાર્યની આળખામણી નોંધ નીચે મુજબ છે.

૧ સંત પુરૂષોનો ઉત્કર્ષ સહન નહિં કરવો.

૨ એવા કોઈ સંત પુરૂષ હોય તેને ઉતારી પાડવા નિંદનીય પ્રપંચો આદરવા.

૩ અજ્ઞોમાં ધર્મપ્રીય થવા દીક્ષાનો બોધ આપી જેને તેને (અયોગ્ય પાત્રને) દીક્ષા આપી ટોળું વધારવું.

૪ માતા, પીતા કે વાલી વારસની રજા સિવાય કિશોર વયના કાચી બુદ્ધિના બાળકોને ચોરી છુપીથી સંતાડી, ભગાડી દીક્ષા આપવી અને ઘરે ઘરે માતા પીતાને નાની બાળાઓને રૂદન કરાવવાં.

૫ શ્રી સંઘની આજ્ઞા અને ઠરાવોનું ઉલંઘન કરવું, કરાવવું.

૬ શ્રી સંઘને હાડકાનો માળો કહેવો તથા સાધુને નહિ ઉચિત એવા (પ્રવચનો) ? વદવા.

૭ સ્વ મહાત્મ્ય પ્રગટ કરાવવા નાના પ્રકારના આહુતી લેખો અને પેપરોને પોષવામાં તથા કોર્ટ દરબારમાં શ્રાવકોના દ્રવ્યનો અપવ્યય કરાવવો.

૮ સ્વ પ્રતિજ્ઞા જાળવવા નાના પ્રકારના સર્ટીફીકેટો મેળવવા ભક્તોદ્વારા યાચના કરાવવી.

આમ અનેક વિધ છળ પ્રપંચની પ્રવૃત્તિમાં જીવન વ્યતિત કરનાર મહાત્માઓ ? શાસન પ્રેમીઓ ? ની ઉપર્યુક્ત પ્રવૃત્તિ જૈન ધર્મની જગતમાં ઉજ્વળતા કરાવે છે કે કેમ ? આ પ્રશ્નની મિમાંસા સુજ્ઞ વાંચનાર, હંસ દ્રષ્ટિએ કરશો.

લેખક :—શિવ.

શિવમસ્તુ.

## બાળકોને

અત્યારે સર્વ તૈયારી તમારે માટે થાય છે.
એનો સર્વ લાભ તમનેજ મળવાનો છે.
અત્યારના કામ કરનારાની જગ્યા તમારે લેવાની છે.
દેશનું વાતાવરણ તમને વિશુધ્ધ બનાવે તેવું છે

અત્યારે તમે ખીલવાવાલા હાર છે.
અત્યારે તમારે જીવન રસ ઝીલવો છે.
અત્યારે તમે વાનરસેના કહેવાઓ છો.
અત્યારે તમારે હુપ હુપ કરવાનું છે.

તમારા શરીર મજબુત બનાવો.
તમારો અભ્યાસ ખુબ વધારો.
પારકાને મદદ કરવામાં રસ લો.
તમારી ભાવનાઓ ઉન્નત કરો.

તમારાથી પરદેશી કાપડ ન પહેરાય.
તમારાથી ખાદીજ ધારણ કરાય.
તમારાથી બ્રીટિશ ચીજોને નજ અડાય.
તમારાથી નકામો વખત ન ગળાય.

સેવા સનાતન પરમ ધર્મ છે.
કામ કર્યું તેણે કામણ કર્યું.
ખાધું તે ખોયું, ખવરાવ્યું તે ખાધું.
નવરો બેસે તે નખોદ કાઢે.

ખુબ હાલો, માલો, જીવનના લ્હાવા લો, પણ વિચારજો કે સેવા કરી તે તમારી છે. સેવામાં લુપ્ત નથી, સેવા કરવામાં નીચું જોવાનું નથી, સેવામાં પસ્તાવો નથી, સેવામાં પૈસાની હાનિ નથી.

અભ્યાસ કરો.
ચરખો ફેરવો.
તકલી કાંતો.
રેંટીઓ ચલાવો.

ખુબ તૈયારી કરજો.
અંદર ખુબ ભરજો.
આવી તક નહિ મળે.
આવો અવસર નહિ મળે.

તમે વીરના બાળક છો.
વી ર સ ચા ના છો.
જા તે વી ર જ છો.

વીર શાસન તમારૂં છે.
ભવિષ્યના તમે રાજા છો.
સ્વરાજના તમે ભોક્તા છો.
અમર આશાનાં ફુલો છો.

અડગ રહો, સ્થિર રહો, ઉત્સાહી બનો.
શાંત બનો, ધીર બનો, અહિંસક બનો.
સાધ્ય જાણો, મુદ્દો પકડો, અવસર ઓળખો.

— માટે —

પ્રેમથી, હોંસથી, આનંદથી, રસથી મુક્ત કંઠે

ગા જો—ગ જ વો :

વન્દે વીરમ્ વન્દે ભારતમ્

(મહાવીર જૈન વિદ્યાલયના રિપોર્ટમાંથી.)

# શાસન રક્ષક સાધુઓ અને વર્તમાન સમય.

સમય સમયનું કાર્ય કરે છે તેમ અત્યારે હિંદમાં જૈનોની જે વસ્તી વીસથી પચ્ચીસ લાખની ગણાતી તેમાંથી લગભગ દસ લાખની રહી છે. તેનું કારણ તપાસવા બેસીએ તો ખરેખર એવાં ઘણાં કારણો મળી આવે કે જેથી હૃદય પણ બેસી જાય.

જૈન ધર્મમાં મુખ્ય ગણાતા અંગોમાં 'શ્રાવક' એ એક મુખ્ય અંગ છે. અને તે અત્યારે ઘણીજ દુર્દશા ભોગવી રહ્યો છે. શ્રાવકો અસલથીજ વેપારી ગણાતા અને જેના નામની હાક દુરના દેશના વેપારના બજારમાં વાગતી તેજ શ્રાવક અત્યારે ઘર ઘર ધંધા રોજગાર માટે ફાંફાં મારતો નજરે પડે છે. આજ કાળમાં જૈનોમાં એવા સમર્થ પુરૂષો નથી કે જે જૈન સમાજને પડતો બચાવી શકે. જૈન ધર્મના કેટલાક સાધુઓ તો અત્યારે પોતાના ચેલા વધારવાના ધીકતા ધંધાને વધારવામાં મશગુલ છે. એક પછી એક ચેલા વધારવા તેનીજ જેને ચિંતા છે તેવા સાધુઓ જૈન ધર્મીઓનું શું ભલું કરી શકવાના હતા. જૈન શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે સાધુઓએ પોતાના ગુરૂઓની આજ્ઞામાં નિરંતર રહેવું જોઇએ, એકજ ગામમાં એક કરતાં વધારે ચોમાસું ન કરવું જોઇએ તે ધર્મ આજ્ઞાઓને ઠુકે મુકી જ્યાં સારૂં સારૂં ખાવા પીવાનું મળતું હોય તેવાં શહેરોમાં બબ્બે ત્રણ ત્રણ ચોમાસાં કરે છે અને શિષ્યો વધારવાની પ્રવૃત્તિ ધર્મના અનેક બહાનાં નીચે રચે છે ત્યાં શું ધર્મ સચવાવાનો હતો. જે પંજાબ અને દક્ષિણમાં અત્યારે જૈનો જૈન મટી જૈનેતર થઇ રહ્યા છે તે તરફ તો જૈન ધર્મના શાસનરસીક રક્ષક સાધુઓ ફરતાજ નથી. અને જ્યાં તેમને ચેલાઓ વધારવાનો પ્રખર ધંધો ચાલે તેમ હોય છે તેવાંજ મુંબાઇ, સુરત, પાટણ અને અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં જાણીતા આચાર્યો અને પ્રખરજીઓ વિચરે છે અને પોતાનાં પ્રખર પરિણામો પ્રવર્તાવે છે.

જૈન સાધુઓ તો સદાએ આપણું શુભ ઇચ્છનારા હોવા જોઇએ પણ અત્યારના સમયમાં શાસનરક્ષક સાધુ પોતાનું ભલું ઇચ્છનારા (દીક્ષા આપી ચેલા વધારનારા) છે. દીક્ષા આપતાં, ગમે તે કાર્ય કરવામાં, ગમે તેવો પરીગ્રહ રાખવામાં બાધ નડે તેમ નથી. જાણીતા શાસનરક્ષક સાધુઓ પોતાના બચાવ માટે વોલન્ટીયર કોર અને દીક્ષારક્ષક સંસ્થાઓ ચલાવવામાં, પેપરોમાં લખવા લખાવવામાં જરાએ કર્મબંધન થતાં હોય તેવું માનતા નથી, તેવા શાસનરસીક સાધુઓ તરફથી જૈનના ભલાઓની આશા શું રાખી શકાય? આઝાદીના ચળના પૂરમાં પણ શાસનરક્ષક સાધુઓએ કંઇજ કામ કરી બતાવ્યું નથી. પણ ઉલટા તે સાધુઓ જણાવે છે કે "પહેલાં ધર્મ અને પછી દેશ." પણ તે શાસનરસીક સાધુ સમજતા નથી કે એ દેશ હશે તોજ ધર્મ રહેશે, નહિ તો ધર્મ રહેવાનો નથી; કેમકે જૈન સાધુઓના વ્યાખ્યાનો સાંભળનારા જૈનો શહેરોમાં કે ગામડાઓમાં વસતા ન હોત તો શું સાધુઓ જંગલમાં જઇને ઝાડને ઉપદેશ આપત? માટે તેવા શાસનરસીક સાધુઓ, તમારો ખોટો હઠવાદ છોડી દઇ, દેશના આઝાદીના સમયને અનુસરતો તમારા રોજના હાજી હા કરનાર શેઠીઆઓને સમજાવો અને "ધર્મ ધર્મ" કરી મરતા શાસનપ્રેમીઓને ઉંધે રસ્તે દોરવાનું માંડી વાળો—અને આપણું શુભ ઇચ્છનાર જૈન સાધુ તરીકેની તમારી ફરજ અદા કરો.

# મુનિશ્રી રામવિજયજીને પ્રશ્નો.

(૧) ધી યંગમેન્સ જૈન સોસાયટી ઉપર તમારો સંપૂર્ણ કાબુ નથી?

(૨) ગયા વરસમાં જ્યારે સોસાયટીની વોલંટીયર કોર સ્વદેશ સેવા વગેરે સેવાઓ કરવા જવા તૈયાર હતી ત્યારે તમે ઓર્ડીનન્સ કાઢી તેને અટકાવી નહોતી?

(૩) તમારે અને તમારા ગુરૂને શા માટે ત્રણ માસ અબોલા રહ્યા હતા? તેના કારણો શું હતા?

(૪) અપાશરામાં જો કોઇ તમને આકરા અથવા પ્રશ્નો પુછે છે તો તમે તેને નાસ્તિક વીગેરેની ઉપમા આપી તેને હડધુત કરો છો તે તમને પ્રખર વક્તાને શોભે છે કે?

(૫) તમારા શિષ્યો ખાદી ન પહેરે તે માટે તમે તેમને બાધા આપેલી છે તે ખરૂં છે કે?

(૬) તમારા શિષ્યોમાંથી એક જે અત્યારે ખાદી પહેરે છે, તેને ખાદી પહેરવા બદલ તમે શીક્ષા કરી હતી તે વાત ખોટી છે કે?

(૭) તમે સમય ધર્મને માનો છો ખરા કે?

(૮) તમે સમય ધર્મને ન માનતા હો તો શા માટે વીરશાસન અને જૈન પ્રવચન ચલાવો છો? અને તેમાં અગ્ર લેખો લખો છો અને તેના પ્રુફો સુધારો છો?

## અભિનંદન.

જેલ મહેલમાંથી વિદાયગીરી મેળવી આવેલા જૈનોને અભિનંદવા માટે અમદાવાદમાં તા૦ ૩૦-૧૨-૩૦ ના રોજ શ્રી જૈન સ્વયંસેવક મંડળ તથા શ્રી જૈન બાળ મંડળની સંયુક્ત સંસ્થા તરફથી જાહેર સભા રા. રા. શેઠ નેમચંદ કેશવલાલના પ્રમુખપણા નીચે મળી હતી. તે પ્રસંગે જેલમાં જઇ આવેલા—જૈન સ્વયંસેવક મંડળના સભ્યો—રા. રા. મંગળદાસ નથુભાઇ ખરીદીયા (કેપ્ટન), છોટાલાલ હરીલાલ પરીખ, સેનાલાલ મોતીલાલ, કાન્તિલાલ મગનલાલ, કાન્તિલાલ ચમનલાલ તેમજ શ્રી જૈન બાળ મંડળના સભ્યો—લાલભાઇ મંછુલાલ, કાન્તિલાલ પ્રેમચંદ, વગેરેને અભિનંદન આપવામાં આવ્યું હતું. ભાઇ રતીલાલ સાકરચંદ જેઓ યરોડા જેલમાં શહીદ થયા હતા તેનો ફોટો ખુલ્લો મુકતાં તેમની ઓળખાણ રા. રા. મંગળદાસે આપી હતી. શહીદ જાતે દશા શ્રીમાળી જૈન હતા. મંડળના ચાર વર્ષથી સભ્ય હતા. પોતાની નાની વયમાં હાથ ચાલાકીના પ્રયોગો બહુજ સુંદર રીતે કરી જાણતા હતા. ચાર ભાઇઓમાં કમાઉ હતા તેમની વૃદ્ધ માતુશ્રીને તો ખોટ પડી પણ તેઓએ હિન્દુસ્તાનના ઇતિહાસના ચોપડે અમરતા પ્રાપ્ત કરી છે તેમના આત્માને શાંતિ મળો. બાદ વંદે માતરમનું ગીત ગાઇ સભા વિસર્જન થઇ હતી.

અભિનંદન—શ્રી સ્થંભ તિર્થ જૈન મંડળ મુંબઇની એક જનરલ મીટીંગમાં શ્રીયુત ચીમનલાલ દલસુખભાઇ શાહની ઢોલકા મુકામે થએલ ધરપકડ અને તેમને ત્રણ માસની પ્રાપ્ત થએલ જેલ માટે અભિનંદન આપવામાં આવ્યું હતું.

## : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, મહાજનવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

મુનિશ્રી રામવિજયને આહ્વાન. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૩ જો. | સંવત ૧૯૮૭ ના મહા સુદી ૧. તા૦ ૧૯-૧-૩૧ | છુટક નકલ : ાા આનો.

## નોંધ અને ચર્ચા.

### જૈનો સાવધાન.

ભારતની આઝાદી અંગે ભારતના આંગણે મુક્તિનાં અહિંસક સંગ્રામ મંડાયાં છે. તેમાં ભારતના હજારો વીરો જેલ સેવી રહ્યા છે, હજારો લાઠીએ ખવાયા છે, સેંકડો વિરાંગનાઓ જેલમાં છે, અનેક બહાદુર શહીદોએ પોતાના વહાલા પ્રાણનાં બલીદાનો આપ્યાં છે, ગુજરાતના બહાદુર ટેકીલા ખેડુતો દેશ માટે ફના થઇ રહેલાના કીસ્સા છાપાઓમાં વાંચતાં પાષાણ હ્રદયી મનુષ્યોનાં હૈયાં વલોવાઇ જાય છે. ત્યારે રામવિજયજી ઉપર એની અસર થતી તો કોરાણે રહી, પણ તેને તો વરઘોડા જમણવારો સિવાય કશું સુઝતુંજ નથી.

થોડા દિવસો પહેલા અંધેરીમાં ઉપધાનની ક્રિયા શરૂ થઇ હતી તે પૂરી થતાં ઠાઠમાઠથી મહા સુદ ૫ મે લાલબાગમાંથી વરઘોડો ચઢાવવાનાં છે. ઉપધાન અંધેરીમાં અને વરઘોડો મુંબાઇમાં શાથી? શું! મુંબાઇમાં અવારનવાર સેંકડો માણસો ઘાયલ થાય છે, હડતાલો પડે છે, એટલે ગમગીની ભરેલા સમયમાં મુંબાઇમાં વરઘોડો કહાડી દાઝયા ઉપર ડામ દેવા જેવો તો અંતર ઇચ્છા નથી ને? કે પછી તો જૈનભાઇઓ અને બ્હેનો આ લડતમાં સાથ આપી રહ્યા છે તે સહન નહિ થવાથી જૈન કોમને હલકી પાડવા મુંબાઇમાં વરઘોડો ચઢાવવાની ઇચ્છા થઇ છે? જૈન સાવધ બનજો! જ્યારથી મુક્તિ સંગ્રામ શરૂ થયા ત્યારથી આ સાધુએ (?) વરઘોડા, જમણો વિગેરે વિગેરે કર્યા છે, છતા તમે મૌનજ સેવ્યું, એટલે ઉપધાન અંધેરી છતાં મુંબાઇમાં વરઘોડો ચઢાવવાની ઇચ્છા થઇ છે. તેનું કારણ મુંબઇમાં જૈન સમાજને હલકા પાડવાનું લાગે છે આથી મુંબઇના જૈનો સાવધ રહેજો અને એ વરઘોડામાં જોડી ચુકે સાથ દેતા નહિ પ્રભુ ભક્તિમાં કોઇને વાંધો હોયજ નહિ ને તે કરવાના બીજા સાધનો ક્યાં થોડાં છે?

### અંધેરીના જૈન સંઘને.

અંધેરીનો જૈન સંઘ ઉંઘે છે એમ તો કહેવાયજ નહિ, તે તો જાગતોજ છે, ત્યારે તા૦ ૧૪-૧-૩૧ ના સમાચારમાં અંધેરીના સંઘના નામે વગર સહીથી આમંત્રણ બહાર પડ્યું છે કે મહા સુદ ૬ ના સ્વામી વાત્સલ્યમાં પધારજો.

આ આમંત્રણ શ્રી સંઘ તરફથી છે? કે કોઇ લાડુદાસોએ સંઘના નામનો ઉપયોગ કર્યો છે? અંધેરીના જૈન બાંધવો! જે વખતે જમણવારોનો શું પણ મીઠાઇ ખાવામાં પાપ છે તે વખતે તમારા ગામમાં તમારા નામથી જમણવાર થવાના છે. માટે સાવધ બનજો અને જોજો રખે જમવા જતા નહિ અને બીજા જાય તો વિનયથી સમજાવજો. જો પ્રમાદ સેવશો તો કહેવાશે કે મુંબઇમાં અને પરાઓમાં હજારો માણસ ઘવાતું હતું. અરે! હિંદુસ્થાનમાં કરોડોને એક ટાણુંપણ રોટલો નહોતો મળતો તે માટે મુક્તિના સંગ્રામ ચાલતાં ત્યારે અંધેરીનો સંઘ મોટા જમણવારો કરી માલમલીદા ઉડાડતો એ કલંકમાંથી બચવા સાવધ રહેજો. માલમલીદા ઉડાડવાથી સંયમી નથી થવાતુ તેનાથી તો ઇન્દ્રીયો વકરે છે. અને ઉનમાદ ચડે છે, જો સાચા સંયમી બનવુ હોય, સાચા ત્યાગી થવુ હોય, ઇન્દ્રીયોને કાબુમાં રાખવી હોય તો સાદામાં સાદો ખોરાક લ્યો, કે જેલ જીવન ગુજારો ત્યારેજ સાચા સંયમી બની શકાશે. ઉપધાનની ક્રિયાને ધામધુમોની સાથે કાંઇ સંબંધ નથી.

A.

### હૃદય—ગુંજન.

માનવ! ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણમાંથી કોને અવગણીશ?

ભૂતકાળ ગયો......હા, ગયો. પણ તે પગલાં પાડતો ગયો છે. જુંસાથી તોયે નિશાની રહેશેજ.

ભાવિ તો વર્તમાન જીવાશે તે પ્રમાણેજ ઘડાવાનું છે. ઇચ્છાએ કે અનિચ્છાએ ભવિષ્યને આધીન આપણે થવુંજ પડશે.

અને વર્તમાન તો ભૂત અને ભાવિનો સંધીકાળ છે.

—પછી કોને અવગણીશ?

* * *

ભવિષ્ય તરફ દ્રષ્ટિ રાખી ભૂત તરફ પગલાં માંડનારઃ કે ભૂત તરફ દ્રષ્ટિ રાખી ભવિષ્ય તરફ કૂચ કરનારઃ એ બન્ને વર્તમાનકાળને અવગણે છે.

માટે—

ભૂતકાળના ભવ્ય સંસ્મરણોમાંથી અખૂટ પ્રેરણા અને ભાવીનાં સ્વપ્નને સત્ય કરવાની અનન્ય શ્રધ્ધા એ બન્નેનું બળ મેળવી વર્તમાનને ત્હારૂં કર્મક્ષેત્ર બનાવ! પણ રખે અવગણતો કર્મક્ષેત્રે સંયમને કે શક્તિને!

વીર પુરૂષની ક્ષમા એજ સાચી ક્ષમા છે. અને ખરો સંયમીજ પોતાનાં બળને પશુબળ બનતું અટકાવી શકે છે.

* * *

માનવ! પ્રેરણા, શ્રધ્ધા અને કર્મયોગની ત્રિકાળ મૂર્તિ બની, શક્ત અને સંયમરૂપી બે પાંખો પ્રસારી આદર્શોના અનંત વ્યોમમાં સુખે વિચર!! ત્હારો વિજયજ છે.

—આત્મન્.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# મુનિશ્રી રામવિજયને આહ્વાન.

સ્વર્ગસ્થ પુન્યવંત શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીએ પોતાના હસ્તાક્ષરે આજથી લગભગ અડતાલીસ વર્ષ ઉપર અમદાવાદ નિવાસી શેઠ દલપતભાઈ ભગુભાઈને કાગળ લખેલો તેનો બ્લોક ગુજરાતી તરજુમાં સાથે તા. ૨૯-૧૨-૩૦ની યુવક સંઘ પત્રિકામાં છાપવામાં આવ્યો છે તે વાંચનાર વાંચીને ચોક થયાજ હશે.

સગીર બાળકોને નસાડી ભગાડીને, વિશ્વાસ ઘાતના ધંધા કરી જેલ જવાની લાયકાતવાળાને, પેટનો ખાડો પુરવાની લાલચવાળાને, દેવાદારોને, પૈસા આપીને ખરીદેલાઓને, ઇત્યાદિ આવા અનેક અયોગ્ય માણસોને શાસ્ત્રની પરવા કર્યા સિવાય દીક્ષા આપવાનો ધંધો લઇ બેઠેલા, શ્રી સંઘની સત્તાને હાડકાના માળાના વિશેષણો લગાડનારા, અને સાધુતાને લજવે તેવા અયોગ્ય ખોટા અને મલીન ભાષામાં જેમ આવે તેમ આક્ષેપો કરનાર રામસાગર લબ્ધિની ત્રીપુટી ટોળીમાં મજકુર કાગળથી મહા ગભરાટ ઉત્પન્ન થયો છે.

આટલા ગભરાટનું કારણ? કારણ એજ કે રામવિજયજી વિગેરે જે પ્રવૃત્તિ (અયોગ્ય દિક્ષા અને સંઘસત્તાને ઠોકરે મારવાની) આદરી રહ્યા છે તે પ્રવૃત્તિની વિરૂદ્ધ આ કાગળ જતો હોવાથી તેમના ભક્તોમાં જેઓ કંઇક સમજુ અને સ્વર્ગસ્થ સૂરીશ્વરજી પ્રત્યે માનભરી દ્રષ્ટિએ જોનાર હોય તે અંધશ્રદ્ધાના ચશ્મા ઉતારી પુછપાછ કરવા મંડી પડે અને આસ્તે આસ્તે ગણ્યા ગાંઠ્યા ભક્તોમાંથી પણ કોઇ ઓછા થઇ જાય. તેમ દંભના કીલ્લાના ભૂકા થઇ જાય એ બીકથી ગભરાટમાં આવી પડેલાઓએ છેવટે ગભરાટમાં ને ગભરાટમાં કીલ્લાનું રક્ષણ કરવાની યુક્તિ તરીકે 'કાવત્રા'નો પાસો ફેંક્યો છે.

દંભના કીલ્લાનું રક્ષણ કરવા રામવિજયજીએ એમના શુક્રવારીયામાં તા૦ ૯ જાન્યુઆરી ૧૯૩૧ ના અંકમાં '**મહાપુરૂષના નામે ભયંકર કાવત્રું**' એ મોટા અક્ષરના મથાળા નીચે 'એક જૈન'ની સંજ્ઞાથી લેખ લખીને અથવા લખાવીને ચોરી ઉપર શીરજોરી કરી 'સતા' બનવાનો પાસો ફેંકવાનો પ્રયાસ સેવ્યો છે. રામવિજયજી! આપથી અને આપના શુક્રવારીયાથી, તેમ આપની કચકાં ખાતી સીસોટી ગાઇથી જૈન જનતા સારી પેઠે જાણીતી થઇ ગઇ છે. કારણ કે આપે અને આપની ટોળીએ, ચન્દ્રકાન્ત, મૌન્ય, જૈન, એક જૈન, તટસ્થ જૈન, સત્યનો પુજારી, ભમતો ભૂત, એવા જુદા જુદા બનાવટી નામોથી શ્રીમંતિ કોન્ફરન્સ દેવી, જૈન યુવક સંઘ તેમજ જૈન સમાજના માનનીય આચાર્યોથી સામે ધુળ ઉછાળવા લેખો લખીને, હેન્ડબીલો કઢાડીને જનતાને ઉંધા રસ્તે દોરવવા ક્યાં ઓછા પ્રયાસો કર્યા છે! છતાં જૈન જનતા છેતરાઇ નથી. તે છેતરાય તેમ નથી કારણ કે જનતા આપને સારી રીતે જાણી ગઇ છે. એટલે આપ સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના કાગળને કાવત્રું કે તેથી પણ બીજું કોઇ વિશેષણ લગાડો કે ગમે તેટલા ખોટા ધમપછાડા મારો પણ તે સર્વ ફોગટ ફાંફા માત્ર છે. સગીરોને નસાડવાનાં કાવત્રાં કરવાનો, છાપાઓ ચલાવવાનો, આપની મોરલીએ નાચતી સંસ્થાઓને પોષવાનો, મહાત્માજી જેવા સર્વોત્તમ પુરૂષ સાથે અનેક દેશભક્તોને તથા દેશ સેવિકાઓને ઉતારી પાડવાનો, ખાદી ન પહેરવાની પ્રતિજ્ઞાઓ આપવાનો, ખાદી પહેરનાર શિષ્યને શિક્ષા કરવા વગેરે માટે આપશ્રી ઇજારો લઇ બેઠા છે તે જૈનોથી તો શું પણ જૈનેતરોથી પણ હવે ક્યાં અજાણ્યું છે? છતાં જેમ ડુબતો માણસ તણખલે તરી જવાનાં ફાંફાં મારે તેમ આપશ્રી અને આપની ટોળી ગમે તેવા મુદ્દા ઉભા કરીને શુક્રવારીયાના પાનાં ગમે તેટલાં કાળાં કરો તો પણ આખરે સત્ય તરી અને ચોરના પોટલે ધુળની ધુળજ રહેશે.

આપ શુક્રવારીયામાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીના મજકુર કાગળની ભાષા; અને વપરાયેલા શબ્દોના ઉતારા કરી લોકોને ઉંધે રસ્તે દોરવવા બનાવટીની બુમાબુમ કરવા માંડી છે. ધ્યાન રાખજો કે આ પ્રમાણે બુમાબુમ મારવાથી પાસા પોબાર નહિ પડે. ખરી વસ્તુ સ્થિતિને સમજો અને સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના સાચા શિષ્ય હો! તેમ તેમના પ્રત્યે લાગણી ઉભરાઇ જતી હોય! તો તેમના આદેશ પ્રમાણે વર્તો તેમના મજકુર કાગળ ઉપરથી દરેક સમજી શકે તેમ છે કે તેવા મહા પુરૂષ પણ ભૂલ થાતો શ્રાવક સમક્ષ પશ્ચાતાપ કરતા અને સંઘની સત્તા સ્વીકારતા એટલે આ કાગળ નથી પણ સાચી સાધુતા, સરળતા, સત્યતા, અને સજ્જનતાનો દસ્તાવેજ છે. આવા વખતે આવો દસ્તાવેજ બહાર પડે એટલે તેની વિરૂદ્ધ વર્તાવ કરનારનાં અંતર વલોવાઇ જાય, એ સ્વાભાવિક છે.

આચાર્યશ્રીનો પત્રિકામાં છપાએલો એ કાગળ અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ અને શ્રી સંઘની સત્તાને ઠોકરે મારનાર ભાનભુલેલાઓના ભાન ઠેકાણે લાવવા માટે પડકાર રૂપ છે. એમ સમજીનેજ તેને 'કાવત્રાં' તરીકે જાહેર કરવાનાં ચેડાં કરવામાં આવ્યાં છે. કાવત્રાની બાંગ પોકારનારને લેશપણ વિચાર હોયતો જેમ આવે તેમ થુંક ઉડાડવા પહેલાં જરાર તપાસ કરે કે કાગળ બનાવટી છે કે ખુદ સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના હસ્તાક્ષરનો છે. તેના પુરાવા બહાર ખોળવા નહિ જવું પડે. કારણ કે તેઓશ્રીના હસ્તાક્ષરના અનેક કાગળો અને પુસ્તકો મોજુદ છે. તેમજ આપના ટોળામાં પણ ઘણા પાસે તેમના હસ્તાક્ષરો હશે. જરા એની સાથે સરખાવો અને પછી કાવત્રું લાગે તો હિન્દુસ્થાનમાં અનેક એવા પ્રોફેસરો પડ્યા છે કે અસલ અને બનાવટી અક્ષરોની પરીક્ષા કરી શકે છે. તેવી ખાત્રી કર્યા પછી બુમાબુમ કરી હોત તો અરણ્ય રૂદન જેવું ન થાત છતાં આપે તે કાગળને 'કાવત્રા' તરીકે જાહેર કરી સ્વર્ગસ્થ સૂરીશ્વરજીની ભયંકર બદનામી કરી છે. સ્વર્ગસ્થ સૂરીશ્વરજીએ તા. ... ... ... ના રોજ દલપતભાઇ ભગુભાઇને જે કાગળ લખ્યો છે (જે અમે છાપ્યો છે) તે અમને વિશ્વાસપાત્ર સ્થળેથી મળ્યો છે તેના માટે બનાવટીની શંકા ઉઠાવી શકાય તેમ છે નહિ. અને શ્રી સૂરીશ્વરજીના હસ્તાક્ષરનો છે એમ અમારૂં ચોક્કસ માનવું છે. છતાં જેઓને બનાવટી લાગતો હોય તેઓ સાચા ખોટાની પરીક્ષા માટે લવાદકોર્ટ બેસાડે અને કાગળ બનાવટી છે તેવું સીદ્ધ થાય તો શ્રી સંઘ જે પ્રાયશ્ચિત આપે તે લેવાને અમે તૈયાર છીએ. અને કાગળ સ્વર્ગસ્થ સૂરીશ્વરજીનો ઠરે તો રામવિજય અને લબ્ધિવિજયજીએ અત્યાર સુધી સમાજમાં કલેશની હોળી સળગાવી જે છીન્ન ભીન્ન દશા કરી છે તે માટે પ્રાયશ્ચિત લે. અને હવેથી અયોગ્ય દીક્ષા ન આપવાની તેમ શ્રી સંઘની સત્તાને માથે ચઢાવવાની બાંહેધરી આપે.

રામવિજયજી! આપનું શુક્રવારીયું કાવત્રું કાવત્રું કરીને બુમાબુમ કરી રહ્યું છે તેથી આપને આહ્વાન કરવામાં આવ્યું છે તો આહ્વાનને સ્વીકારી આપની સહીથી જવાબ આપશો. બાકી ગમે તેવા બાહુતોની સહીથી ગમે તેટલું લખશો કે લખાવશો તે કચરાની ટોપલીને સ્વાધિન થશે.

# ડૉ. નગીનદાસ જે. શાહ,

બી. એ. પી. એચ. ડી.

## : ગુણદર્શન :

લેખક : સર્વદમન.

[ગુજરાતી સાહિત્યમાં 'રેખા ચિત્રો' આલેખવાની નવીન પ્રથા શ્રીમતી લીલાવતી મુન્શીએ ઘણા વર્ષો અગાઉ પાડેલી, હમણાં હમણાં ગુર્જર સાહિત્ય આવાં (ગુણ દર્શનો) અને 'સ્મરણ દર્શનો'થી સમૃદ્ધ બનવા માંડ્યું છે. કેળવણી અને બુધ્ધિવાદના આ યુગમાં સમાજને દોરવો એ કાર્ય ઘણું મુશ્કેલ થયું છે. છતાં આવે સમયે ઇશ્વર પ્રેરિત કોઇ વિરલ પુરૂષ કે સ્ત્રી ભુલેલી દુનીયાનું ભોમીયાપણું કરે તો ઘટનાને ઘટતું માન આપી સમગ્ર સમાજે તેમનો આદેશ સેવા કે સંદેશ ઝીલવા તત્પર રહેવું જોઇએ. ગુણ દર્શન એ કે અતિશયોક્તિ ભરેલી સ્તુતિ ન ગણાય. એટલે તટસ્થ ભાવે તુલના કરી વ્યક્તિગત અન્યાય ન થાય એટલી સાવચેતી રાખી ગુણગ્રાહી દ્રષ્ટિએ હું કંઇક લખવાને લલચાયો છું.]

૧

અંગ્રેજીમાં કહેવત છે કે : 'Some are born great, some achive greatness and some have greatness thrust upon them.' એટલે કે 'કેટલાક જન્મથી મહાન થવાજ સરજાયા હોય છે, કેટલાક સ્વશક્તિથી કિર્તી મેળવે છે, ત્યારે કેટલાએકને લાગવગ કે દોલત જેવા બાહ્ય સંજોગો મોટા કહેવરાવવામાં સહાયભૂત બને છે. ડૉ. નગીનદાસ શાહ દ્વિતિય પંક્તિમાં આવી શકે તેમની અખુટ અને અજબ કાર્યશક્તિથી, નિઃસ્વાર્થ સેવા ભાવથી વૈરાગને છાજે તેવી ધગશ અને સુંદર વ્યવસ્થા શક્તિથી જૈન સમાજની નોંધપોથીમાં તેમણે અગ્ર પદ લીધું છે. આજે જે ગણ્યા ગાંઠ્યા યુવક નેતાઓ જૈન સમાજને સડા મુક્ત કરવા અને ઉન્નત બનાવવા મથી રહ્યા છે. તેમાંના તેઓ પણ એક છે. સમાજના પુનરૂત્થાન સમયે કેટલાક દીર્ઘદ્રષ્ટિવાળા પુરૂષો સમાજ કરતાં એક ડગલું આગળ હોય છે. પરંતુ શોચનીય બીના એ છે કે સમાજ એવી સુઘડીએ તેમના અભિલાષ નથી પોષી શકતો. એટલે તેમની પ્રેરણાનું સિંચન સમાજની જડતાને ભીંજવી શકવા સમર્થ હોવા છતાં ભીંજવી નથી શકતું અને જ્યારે એ ઉર્મિ અને ઉત્સાહની સૃષ્ટિ વીતે છે ત્યારેજ સમાજનાં પડળ ઉઘડે છે, ને ભૂતકાળ પ્રતિ દ્રષ્ટિ નાખી પસ્તાવો કરે છે.

ચંદ્ર અને સૂર્ય નભો મંડળમાં પ્રકાશે છે, આખી માનવનો વિકાસ કરે છે. અને સ્વજ્યોતિથી સારીએ સૃષ્ટિને આંગણે અજવાળાં કરે છે. અને એમજ અમારાં નાનકડા નભો મંડળમાં અમારા નગીનભાઇ પ્રકાશ પાથરે છે. એટલે અમારા એ 'ઘર દીવડા' અમારી નાનકડી સૃષ્ટિમાં 'મોટા' છે, પછી ભલે તેઓ જગતની નજરે 'છોટા' હોય. જીવનનો પ્રથમ કાળ પુરો થતાં તેમણે સંસારની જંજાળો અને આંટીઘુંટીમાં ઝંપલાવ્યું. છતા યુગ ભાવનાથી અલગ નહોતા રહ્યા. ભારત દેશથી પાછા ફરતાં હજીતો અભ્યાસનો થાક નહોતો ઉતર્યો ત્યાં તેમને ભાવનગર જૈન યુવક પરિષદનું આમંત્રણ મળ્યું. તેમણે જોયું કે આજના યુવાનો સામાજીક બંધનોને લઇ શિથિળ અને ધગશવિહિન થયા છે પરંતુ આવનારી યુકવે ચેતન પ્રગટશે. એ માનસ પરિક્ષાથી તેઓ ત્યારથીજ જૈન યુવકોની સામાજીક અને ધાર્મિક ક્રાન્તિના સુકાની બન્યા.

અને ત્યાર પછી તેઓએ પોતાની પ્રિય સંસ્થા પ્રત્યેનું ઋણ વાળવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ ગૃહપતિ તરીકેનું પદ સ્વીકાર્યું. જો કે સંસ્થાઓના ઇતિહાસ કોઇ આલેખવા નથી બેસતું પરંતુ કેટલાંએ જીવનમાં, અનેક સ્મૃતિપટોમાં જે જ્યોતનો પ્રકાશ અને સંસ્કાર સિંચન થાય છે તે તો અમર રહે છે. ડૉ. શાહે પશ્ચિમ અને પૂર્વની સંસ્કૃતિનો સમન્વય કર્યો, આજના છાત્રો શું માગે છે, છાત્રો નિર્વિઘ્ને અભ્યાસ કેવી રીતે કરી શકે અને ભાવિ સમાજ સ્તંભોનું ચારિત્ર ઘડતર કયી ઉપયોગી દિશા તરફ કરી શકાય. એ સર્વ પ્રશ્નોનું તેમણે ઉંડુ મનન કર્યું વિદ્યાલયનું આજનું આંતરિક રૂપ તે ઘણે અંશે હેમની મહેનતનું રૂપ છે. તેમની કારકિર્દીએ વિદ્યાલયનો પાયો મજબુત બનાવ્યો છે. એમની સેવાનાં મૂલ્ય શબ્દોમાં શી રીતે આંકી શકાય? અત્યારના તેમના વ્યગ્રતાવાળી જીવનમાં તેઓ હજુ સંસ્થા પ્રત્યે જે મમતા ધરાવે છે. વિદ્યાર્થીગણના હૃદયમાં જે સ્નેહાળ સ્થાન ભોગવે છે તે કોઇ પણ છાત્રપતિ માટે અનુકરણીય વિગત છે.

યુવક સંઘના મંત્રી તરીકે તેમણે જે અથાગ મહેનતથી યુવક સંઘની ભેર ચગાવી હતી તે તો નજ ભુલી શકાય. તેમના વિચારબળ અને વાણીકુશળતાથી ઠેર ઠેર યુવક સંઘો સ્થાપ્યા. તેઓ ગુજરાતી ભાષાના કુશળ વકતા ન હોવા છતાં તેમની પ્રશ્નને છણવાની કળા અનેરી છે. યુવક સંઘનું કાર્ય તેમની છાયા તળે દીપી નીકળ્યું. મને યાદ છે, કે તેઓ આજના સળગતા પ્રશ્નોની ચર્ચામાં અને જૈન સમાજને અનેક રીતે આગળ લાવવાની કલ્પનાસૃષ્ટિ રચવામાં, રાત્રિના એક બે વાગ્યા સુધી સમય વ્યતિત કરતા. તેમણે 'મુંગા સેવક' તરીકે જે કાર્ય કર્યું છે તે જૈન યુવાનો નહીજ વિસરી શકે. વાર્ષિક સભાની ચુંટણી વખતે મત પત્રિકામાં તેઓ સર્વાનુમતે ચુંટાયેલ તે તેમની લોકપ્રિયતાનો નમુનો છે.

૨

અધ્યાપક તરીકેની તેમની અત્યાર સુધીની કારકીર્દી અતિ ઉજ્જ્વળ છે. તેમને સત્તાનો શોખ નથી. મિત્ર ભાવે અને મુરબ્બી ભાવે વર્તી તેઓએ વિદ્યાર્થીઓનો ચાહ મેળવ્યો છે અને જ્યારે જ્યારે વિદ્યાર્થી મંડળ અધ્યાપકોના ગુણગાન કે કુથલી કરવા રોકાયું હોય છે. ત્યારે ડૉ. શાહ ગુણગાનની દ્રષ્ટિએ પ્રથમ પંક્તિમાં ઉભા રહે છે. 'અર્વાચીન આર્થિક વિકાસ'ના વિષયમાં તેઓ પારંગત છે. બી. એ. અને એમ. એની ઉપાધિઓની પરિક્ષામાં તેઓ પરિક્ષક નિમાય છે. Tarrif ના મુશ્કેલ પ્રશ્નપર તેઓએ દળદાર પુસ્તક લખ્યું છે. જૈનોને લગતા આર્થિક પ્રશ્નોમાં તેઓ પાસેથી જૈન સમાજ ઘણી આશા રાખી શકે: આજે જૈનોને બેન્કની જરૂર છે. જૈનો જૈન પ્રજાનો Unemployment bureau સ્થાપવા માગે છે અને તેવાજ સરખી અગત્યના પ્રશ્નોનો જૈન સમાજને ઉકેલ કરવાનો છે. જૈન કોમના અગ્રગણ્યો તેમના કાર્યને ઉત્તેજન આપશે તેવી આશા રાખી શકાય.

# જૈન બાળાનું બલિદાન.

## અહિંસાવાદી મહાજનને નમ્ર અરજ.

કોઈ રાષ્ટ્ર, સમાજ કે જ્ઞાતિમાં સ્વાર્થ, રૂઢી કે માન્યતાના કારણે નિર્દોષના બલીદાન અપાય ત્યારે તેવી સંસ્થાના નાશના નગારાં વાગી ચુક્યાં છે તેમ સમજવું. જ્યારે આગેવાનો કે પટેલીઆઓ રૂઢી કે ખાનદાનીના ગુલામ થઈ ઘોર અત્યાચારો થવામાં હાથારૂપ બને, ત્યારે તે જ્ઞાતિના ચુરેચુરા અવશ્ય ભાવી છે. હમણાં એક કમકમાટીભર્યો બનાવ જોધપુર રાજ્યના સાંડેરાવ ગામમાં બન્યો.

ખુડાલા ગામના રહીશ યુવક માંદા માંદા પરણવા ગયા, પરિશ્રમ ન સહન થવાથી માંદગીએ ગંભીર સ્વરૂપ લીધું. વર અને કન્યાની અનિચ્છા છતાં, ખાનદાની અને રૂઢીના ગુલામ સંબંધીઓએ ચવરીમાં ફેરા ફેરવાવ્યા અને વરરાજા તો જાન વળાવવાના સમય પહેલાં પરલોક સિધાવ્યા. આવી કહેવાતી ખાનદાની ખાતર તેના સંબંધીઓએ આ નાદાન બાળકીને વૈધવ્યના ખાડામાં ગબડાવી પાડી. કન્યાના બીચારા પિતાએ નિરૂપાય બની કન્યાને વળાવી. બાળાના હૃદયદ્રાવક પત્થરને પણ પીગળાવે તેવા રૂદનને ન ગણકારતાં, આ નિરપરાધી બાળાના જીવનને ધુળમાં રગદોળતાં દયા નથી આવી. અને સમાજ સીતમની ભઠ્ઠીમાં બલીદાન અપાય છે.

વેવિશાળ-સંબંધ બાંધવાના વચન અપાયા પછી મુરતીઆનું અવસાન થતાં કન્યાને બીજે લગ્ન કરવામાં કશો વાંધો નથી. તેને વિધવા ગણતા નથી. તો શું હસ્ત મેળાપ થયો એવી બે ઘડીની વિધિ ખાતર કન્યાને વિધવા ઠરાવવી ઉચીત છે? નહિજ જ્યાં સુધી વરકન્યાનું સમ્મેલન થયું નથી ત્યાં સુધી તેને કદી વિધવા નજ ગણાય પરંતુ કન્યાજ ગણાય. અને આવી આફત આવતાં, ધોરાજી પોરબંદર, રાજકોટ, તળાજા, વાંકાનેર વિગેરે સ્થળોની જ્ઞાતિના આગેવાનોએ તેવી બાળાને કન્યા ગણી પરણાવી આપવાની પરવાનગી આપી છે તેના દાખલા મોજુદ છે.

ત્યારે શું ખુડાલાવાળાઓ પોતાની ખોટી કહેવાતી આબરૂ ખાતર આ રાંક બાળાનો જીવન હક્ક ખુંચવી લેશે? અને જે બાઈએ તેના પતિનું મુખ પણ જોયું નથી તેને સમાજ સીતમની ભઠ્ઠીમાં સળગતી રાખશે? અને રાત દીવસના દુઃખ ભરી જીન્દગી સળગાવવામાં આબરૂનું જોખમ હજુ પણ નહિ સમજે!

કન્યાના બીચારા પિતાને પણ પોતાની પુત્રીના દુઃખની દયા નથી? શું એટલી પામરતાએ પહોંચ્યાં છે કે લગ્નની તલવારથી પોતાની દીકરીનું ગંભીર નુકશાન છતાં કઠણ હૈયાને બેસી રહે અને નિષ્ઠુર બની તેને હોમાઈ જવા દે?

અરે શું સાંડેરાવ કે ખુડાલાનાં અહિંસાવાદી મહાજનમાં પણ કોઈ ડાહ્યો પુરૂષ નથી કે તેના હૃદયમાં દયા વસે? અથવા તો ચાર ફેરા ફેરવી ચુક્યા, પોતાનો કરવેરાનો હક લઈ લીધો, લગ્નની શાખ પુરી એટલે હવે મહાજન બીચારા શું કરે? બહુ તો દીલગીરીના બે શબ્દો ઉચ્ચારે અને સગાના શરમમાં કર્તવ્ય ચુકે. આવી શરમ ખાતરજ જ્ઞાતિઓ જીવી શકશે કે? મહાજન માબાપ છે. તો શું માબાપ પોતાને પણ એક મનુષ્ય જાતિનો બાળ, એક અનાથ, નિર્દોષ બાળિકાનો લગ્નની વેદીપર ભોગ અપાતો જોઈ દયા નહિ આવે? આવી કર્તવ્ય વિમુખતાથી તો અહિંસા ધર્મને જરૂર ઝાંખપ લાગશે. હજુ પણ વખત વીતી ગયો નથી. સાંડેરાવ તથા ખુડાલા તેમજ આજુબાજુના મોટાં શહેરોમાં ડાહ્યા પુરૂષો જરૂર હશે. તેઓ હિમ્મત બતાવી, બાળાનો ભવ જરૂર સુધારશે. તેમાં પાછી પાની થશે તો યુવાનો જરૂર બંડ ઉઠાવશે અને જ્ઞાતિઓને નિર્મળ કરવા અધિરા બનશે

વૈધવ્ય માટે સમાજના સખ્ત બંધનો અને ભયંકર દુઃખદ સ્થિતિ જોતાં પુનર્લગ્નનો સવાલ ઉપસ્થિત કરવો પડે છે તેવા જમાનામાં આવા અનેક દાખલા મોજુદ છતાં, નિરપરાધી બાળાના જીવનમાં ઝેર ભરતું અટકાવવા અને તેના અંતરની વેદનાની કારમી ચીસથી શ્રાપિત થતા બચવા હજુ પણ સમય છે. તો જીવદયાના હિમાયતી સાંડેરાવ અને ખુડાલાના મહાજનને તેમજ તે ગામોના પ્રતિષ્ઠીત આગેવાનોનો નમ્ર અરજ છે કે આ બાળા કન્યાજ હતી. અને હજુ પણ કન્યાજ છે. એવો ઠરાવ કરીને આવા ભયંકર પાપમાંથી જૈન સમાજને બચાવશો. એવી નમ્ર અરજ છે. સ્વાતંત્ર્યના યુદ્ધમાં આત્મભોગના પુર વહેવરાવવામાં યુવાનોએ જે ફાળો આપ્યો છે તે જોતાં, ઉપરના ગામોના યુવાનો ઉપર મુજબનો ઠરાવ કરાવવામાં પોતાનો પુરેપુરો ફાળો આપશે અને બહાર ગામના યુવાનો અને સમાજ સુધારકો તેને મદદ કરશે તેમ વિનંતિ કરું છું.

લી. એક યુવક.

---

તેમનું વાંચન એટલું વિશાળ છે કે તેમના સહાધ્યાયીઓએ તેમને 'Referance Library' નું બિરૂદ અર્પણ કર્યું છે. શ્રી. નગીનદાસના જીવનમાં મૌલિકતા કરતાં મહેનતને પ્રથમ સ્થાન છે. જ્યારે જ્યારે તેઓ કંઇ કાર્ય કરવાની જોખમદારી લે છે ત્યારે તેઓ તેને સાંગોપાંગ સફળ કર્યા વિના જંપતા નથી. કોલેજના વાર્ષિક ઉત્સવોમાં તેમને જ્યારે જ્યારે નાણાધ્યક્ષ કે સ્વાગતાધ્યક્ષ નિમવામાં આવે છે ત્યારે તેઓ તેમની અજબ વ્યવસ્થા શક્તિ અને નિયમિતપણાથી સૌ કોઈને તાજુબ કરે છે. એમનો વિદ્યાર્થી ગણ એમની 'ફ્રન્ટીયર મેલ' તરીકે ગણના કરે છે. એક કલાકમાં પચાસ પાનાં પુસ્તક સમજવટ સાથે પુરાં કરવાં તે તેમને માટે જરાયે મુશ્કેલ નથી. આ સિવાય તેમણે સુસ્વભાવ હોવાને લીધે વિશાળ મિત્ર મંડળ ઉભું કર્યું છે. અર્થશાસ્ત્રી સી. એન. વકીલ, વિજ્ઞાન વિશારદ કાન્તીલાલ પંડ્યા તથા ગુજરાતની સંસ્કાર મૂર્તિ આચાર્ય આનંદશંકર ધ્રુવ જેવા જાણીતા પુરૂષો તેમના અંગત મિત્રો છે. આવા શક્તિવંત યુવકની અભિલાષા પોષવામાં જૈન સમાજને ગૌરવ લેવા જેવું છે.

સેવાને શિક્ષણ જેમના જીવન મંત્રો છે તેવા ભાવનાશાળી બંધુ મેળવવાનું જૈન કોમનું અહોભાગ્ય છે. અમે તો ઇચ્છીએ કે ભાઈશ્રી નગીનદાસ સુશિક્ષિત, અનુભવી અને લાગવગ વાળા હોઈ, તેમની એ સર્વ શક્તિઓનો ઉપયોગ જેમ અત્યાર સુધી કરતાં આવ્યા છે તેમ સદાયને માટે કરશે અને અમારી ફુલવાડીનું અમોલું પુષ્પ સદાય વિકસિત રહી તેની પરિમલ સુગંધ સર્વ દિશાએ પ્રસરાવે પ્રભુ તેમને દીર્ઘાયુષ્ય બક્ષો એજ અંતિમ અભ્યર્થના!

# નોંધ અને ચર્ચા-[ચાલુ]

## કેટલાક બળતા પ્રશ્નો : વિધવાઓની હાલત.

વિધવાઓ સબંધી વિચાર કરતાં ઘણી સાવચેતી રાખવાની છે. વિધવા વિવાહનું નામ સાંભળતાંજ રૂઢી પોષક વર્ગ ઉશ્કેરાઇ ઉઠે છે અને પહેલે ધડાકે યુવકો અને યુવક સંઘો પર પોતાની ઇચ્છીને સ્વચ્છંદે વિચરવા દે છે. એથી ઉલટી બાજુએ નજર કરતાં દેખાઇ આવે છે કે કેટલાક યુવકોનો એ ધખારો થઇ પડયો હોય છે કે જ્યાં વિધવા સબંધી કંઇ વાત આવી કે તુરત એ એના વિવાહમાંજ સર્વ પ્રકારનું કલ્યાણ માની બેસવાનો. એ વેળા આગમની વાતો કે અનુભવીઓની સલાહ એને અયુક્ત અને ઢંબગ ભાસવાના. અજાયેબી જેવું તો એ છે કે આમ સ્ત્રી સન્માનની વાતો કરનારા યુવકોમાંના ઘણા સ્ત્રી જાતિના સાચા રક્ષકો કહેવા કેટલી જવાબદારી ઉઠાવે છે એ હજુ પણ શંકિત બાબત જેવું છે આમ સામસામા દ્રષ્ટિ બિંદુ વચ્ચે વિધવાઓનો પ્રશ્ન ઝોલા ખાય છે. આમ છતાં સમય જતાં એ પ્રશ્ન વધુજટિલને ગહન બનતો ગયો છે એટલે એ સબંધે ધિરજથી વિચાર કરવાની પૂરી આવશ્યકતા છે. રૂઢિપોષક કે યુવકના અથવા તો સિદ્ધાંત કે સામાજીક સુધારણાના કોઇપણ મુદ્દાને અન્યાય પહોંચે એ રીતે વિધવા સંબંધી આખાયે પ્રશ્નનો પરામર્શ કરવો ઉચિત છે.

શું રૂઢિપોષકો એમ ઇચ્છે છે કે વિધવાઓને દુઃખની લાગણીજ ન થવી જોઇએ ? શું તેઓ આત્મા વિનાના જડ પુતળાઓ છે કે જેથી તેમને કોઇ જાતની વૃત્તિઓજ ન ઉદ્ભવે ! એક તરફથી પુરૂષજાતિ કરતાં સ્ત્રી જાતિમાં આઠ ઘણો કામ કહેનારા ઋષિઓ અને ધર્મના નામે બાંગો પોકારનારાઓ બીજી બાજુએ કાં તેમના માટે વૈધવ્ય પ્રાપ્ત થતાં શિયળની વાતો પોકારવા લાગી જાય છે ! અને પોતે તો એવા મોહમાં લેપાયલા હોય છે કે બે ત્રણથી પણ ધરાતા નથી ! એવું તો અંતઃકરણ નથી ધરાવતાને કે તેઓ પુરૂષ હોવાથી સર્વતંત્ર સ્વતંત્ર જેવા છે અને જે કંઇ બંધનો છે તે માત્ર અબળા જાતિ સારૂજ સર્જાયલા છે !

જો બાળ લગ્નો પર અંકુશ નહિં મેલીએ અને ઘડપણ પ્રાપ્ત થયા છતાં બાળિકાઓને વધુ તરિકે ધનના બળથી ઉપાડી લાવતા પાછા નહી હઠીએ તો યાદ રાખજો કે જૈન ધર્મ ગમે તેટલા પવિત્ર સિદ્ધાંતોથી ભરપુર હશે અને જૈન સમાજમાં ધરાર પરેલોની હાક વાગતી હશે તો પણ વિધવાઓ જરૂર પોતાનો માર્ગ કહાડી લેશેજ અને યુવાનો એમાં કરણાથી પ્રેરાઇ સહકાર આપશેજ.

વૃધ્ધોએ યુવકોની ભાવના સમજવાની જરૂર છે તેઓ કંઇ પવિત્ર જીવનની વિરૂદ્ધ નથી. જરૂર તેઓ 'સ્નેહ લગ્નની વિધવાઓ' પાસે પુનઃવિવાહની વાત સરખી પણ ઉચ્ચારવાનું ઉચિત નથી માનતા. 'છે વૈધવ્યે વધુ વિમળતા' એ સુત્રમાં તેમનો અડગ વિશ્વાસ આજે પણ છે. આમ છતાં 'દેહ લગ્નની વિધવાઓના નિસ્તેજ ચહેરા નિહાળતાં, પતિ વિહુણી તરૂણીના અમાપ કષ્ટો નજરે જોતાં, બુઢ્ઢા બાવાઓ અને ધર્મના ફિરસ્તાઓને ધનદારા ને હલીલ બની અજ્ઞાન બાળિકાઓનું સર્વસ્વ નષ્ટ કરતાં ચક્ષુ સામે જોઇ, યુવાન હલ્યો બળી ઉઠે છે. છુપા પાપ કરનારને સમાજ નભાવી લે છે એમ જાણી એમને અપાર દુઃખ થાય છે. એમનું અંતર જોર શોરથી પોકાર પાડે છે કે સમજણપૂર્વક વૈધવ્ય પાળનાર અવશ્ય વંદનીય છે પણ લજ્જાની બાહ્યાડંબર ધરનાર કે ગર્ભપાત જેવા પાપો આચરી ઉપરથી મુખ ઉજ્વળ રાખવાનો સ્વાંગ ધરનાર કરતાં ખુલ્લી રીતે ફરીથી લગ્ન કરનાર ઓછા દોષિત છે. જો વૃત્તિઓ પર કાબુ નજ રાખી શકાતો હોય તો જાહેર રીતે એનો એકરાર કરનાર જરૂર પ્રશંસનીય છે. દોષો સમજીને છોડવા એ ઉત્તમ માર્ગ છે. ન છોડી શકાતા હોય તો એ સારૂ પ્રયત્નશીળ રહેવું એ મધ્યમ માર્ગ છે પણ જાણવાલાતેને છોડવાનો યત્ન ન કરતાં એ રસ્તે વળા જઇ કેવળ છાવરતા રહી છતાં જનતાની આંખમાં ધુળ નાંખવાના યત્ન કરવા અને એ દ્વારા સહારૂપી લગ્નને જીર્ણ પગાડી ધર્મને નિંદાસ્પદ બનાવવો એ અધમા અધમ કાર્ય છે. સાચો જૈન એવું પલવાર પણ નજ આચરી શકે. યુવકોના અંતરમાં ભડભડ બળી રહેલી આ આગ આજે જાગતો પોકારી રહેલ છે. એ સામે પ્રત્યેક જ્ઞાતિએ લક્ષ આપવુંજ પડશે. એના તોડ વિના માત્ર 'નાતરા' કરાવનારા લવી જવાથી પરિણામ શૂન્ય આવવાનું. સમયના વેગને કોણ ખાળી શકશે ?

આમ રૂઢિપોષક ને સુધારક વર્ગ વચ્ચેનો વિચાર ભેદ ટુંકમાં જોઇ ગયા. ઉભય સતીઓના ચરણમાં તો પ્રણામજ કરે છે. કુલીન રમણીઓના સતીત્વ ઉભયને ગમે છે. પવિત્રતા પૂજકપણુ બંનેમાં છે. ભિન્નતા એ આવે છે કે પ્રથમને જુના ચીલામાંથી આંખ ઉંચી કરવી નથી ને ચાલુ કાળના સંયોગમાં લક્ષમાં રાખી ઘટતા ફેરફારો કરવા નથી પોતાની લાલસાઓ પૂરે જવી છે. છતાં તેવીજ ઇચ્છાઓ સ્ત્રી જાતિને સંભવે તો આડી લાલબત્તી ધરવી છે. બીજાને નારી જાતિમાં પોતા જેવા આત્માના દર્શન થતાં હોવાથી એના દુઃખો પ્રત્યે એ આંખમીચામણા કરી શકતો નથી. ફરજીઆત બંધનો ન લાદી શકાય એ એની મનોવૃત્તિ છે તેથી તે પોકારી ઉઠે છે.

(ચાલુ) અભ્યાસક.

---

### જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઇ નાં. ૩.

## વડોદરામાં જાહેર સભા.

### શ્રી. સુરેન્દ્ર ઝવેરીને અભિનંદન.

—(૦)—

વડોદરા પ્રાંત સુબા સાહેબની પરવાનગી વગર સરઘસ કાઢવાના ગુન્હા બદલ પકડાયેલા જૈન યુવક સંઘના વીર ભાઇ સુરેન્દ્ર ઝવેરી તથા મગનભાઇ પટેલ અને નાનાલાલ પરેલને અભિનંદન આપવા જૈન યુવક સંઘના આશરા હેઠળ વડોદરા શહેરના શહેરીઓની એક જાહેર સભા તા૦ ૧૧-૧-૩૧ ના રોજ સાંજના ચાર વાગે ઘડીઆળી પોળમાં જૈન ધર્મશાળામાં શ્રીયુત ડાહ્યાભાઇ મગનલાલ વકીલ બી. એ. એલ. એલ. બીના પ્રમુખપણા હેઠળ મળી હતી.

(૧) વૈદ્ય મણીલાલે જણાવ્યું જે વડોદરામાં રાજ્યકીય પ્રકરણની પ્રવૃતિમાં સત્યાગ્રહ આદરતાં સરકારના મહેમાન બનવાનું માન મેળવવા આ ભાઇઓ પ્રથમજ ભાગ્યશાળી થયા છે. ભાઇ સુરેન્દ્ર એક ઉગતા ગર્ભ શ્રીમંત યુવાન છે કે જેણે દુનિયાનો તડકો છાંયડો જોયો નથી. તેમજ સરકારી છે; તેઓ બહુજ થોડા બોલા છે. પણ ખૂબ્ત વિચારક છે કોઇ પણ બાબત એક સીદ્ધાંતરૂપે પરિણમે પછી તેના સેવનમાં આત્મા અર્પણ કરવામાં બીલકુલ અચકાય તેમ નથી. તે તેમના ખાનગી જીવનમાં પ્રસંગમાં જે આવ્યા છે તેઓને સારી પેઠે વીદિત છે. ભાઇ સુરેન્દ્ર જૈન યુવક સંઘના ગત વર્ષના મંત્રિ, તેમજ જૈન સમાજના એક ઉગતા તારા છે. તેમના સહયોગી ભાઇ મગનભાઇ પટેલ અને નાનુભાઇ વડોદરા યુવક પ્રવૃતિના પ્રાણ અને અગ્રણુય નાગરીકો છે એ ત્રણે બંધુઓને હાર્દીક અભીનંદન છે (૨) બાદ કલ્યાણચંદ કેશવલાલ ઝવેરીએ જણાવ્યુ જે તા. ૯-૧-૩૧ ના રાતના ૧૦ા ના આશરે વડોદરા શહેરના નિર્દોષ અને રમતગમત શહેરીઓ ઉપર પોલીસ ખાતાના કેટલાક માણસોએ લાઠી માર ચલાવ્યો છે તે કૃત્યને આ જાહેર સભા સખત રીતે વખોડી કહાડે છે અને નિર્દોષ દુભાઇઓને, બ્હેનોને લાઠી મારના ભોગ થઇ પડ્યાં છે. તેમને જલદીથી આરામ થય એમ અંતઃકરણપૂર્વક ઇચ્છે છે. બાદ લલીતચંદ દીવાનજીએ એ સંબંધી કેટલુંક જાતી અનુભવનું નિવેદન કર્યું હતું. તેમજ પ્રજાને રાજ્ય પિતા, તેમજ કુમાર ધૈર્યશીલરાવની પ્રેમભરી લાગણી બાબત સારૂ માન તેમજ શ્રદ્ધા છે તેની ખાત્રી આપી હતી. બાદ સભા વિસર્જન થઇ હતી. છેલ્લા સમાચાર મુજબ ઉપરોક્ત ત્રણ બંધુઓને માનપૂર્વક છોડી મુકવામાં આવ્યા છે તે બાબત વડોદરાના સત્યાગ્રહીઓને અભિનંદન ઘટે છે.

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

## શ્રી જૈન દવાખાનું, પાયધુની.

**ડીસેમ્બર માસનો રીપોર્ટ:** આ દવાખાનામાં ગયા ડીસેમ્બર માસમાં ૭૭૫ પુરૂષ દરદીઓ, ૭૪૬ સ્ત્રી દરદીઓ અને ૩૭૭ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૮૯૮ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાસ દરદીની હાજરી ૬૩ ની થઇ હતી. બાઇ ડોકટરે ૨૭૨ સ્ત્રી દરદીની સારવાર કરી હતી.

**ઘોઘારી વીશા શ્રીમાળી દવાખાનાનો રીપોર્ટ :** જે અમોને તેના સેક્રેટરીઓ તરફથી મળ્યો છે તે આભાર સાથે સ્વીકારીયે છીયે. દવાખાનાની ઉપયોગીતા ઘોઘારી સમાજ સારી રીતે જોઇ શકી છે. તેથી સાનુકુળિક પ્રયાસથી આ દવાખાનું દીનપર દીન વધારે ઉપયોગી થતું આવ્યું છે. દવાખાના માટે કાયમી ફંડ છે પણ તેના વ્યાજમાંથી દવાખાનાનો વાર્ષિક ખર્ચ નીકળી શકે તેમ નથી તો જ્ઞાતિ બંધુઓ આ સંસ્થાને માટે વધારે દ્રવ્ય વ્યય કરી આબાદ બનાવશે તેવી અમો આશા રાખીએ છીએ. દવાખાનાનો લાભ વિશાળતાથી આપવામાં આવે છે તે માટે કમિટિને ધન્યવાદ ઘટે છે. દવાખાનામાં વપરાતી દવાઓને અંગે ચાલુ સંજોગો અનુસાર ફેરફાર કરવામાં આવ્યો હશે, નહિં તો કરવામાં આવશે એમ અમારી ખાસ સુચના છે.

**શ્રી જૈન વિશ્રામ મંદિર :** આ સંસ્થાની એક જનરલ સભા મહા સુદ ૧ ને સોમવારે સાડા સાત વાગે (મું. ટા.) માંગરોળ જૈન સભાના હોલમાં મળનારી છે.

### કામકાજ.

(૧) સંવત ૧૯૮૩-૮૪-૮૫ ત્રણ સાલનો ઓડીટ થયેલ હિસાબ તમારી પાસે રજુ કરી પાસ કરવા.

(૨) નવી મેનેજીંગ કમિટિની ચુંટણી કરવા.

(૩) ઓડીટરની નીમણુંક કરવા.

## કોન્ફરન્સની ફતેહ.

—(૦)—

**પંદર દીવસમાં વાંધો રજુ કરજો** :—મારવાડ સ્ટેટ પરાદ નીવાસી શા રીખવદાસ હરખચંદ ડભોઇથી જણાવે છે કે "હું ડભોઇમાં પન્યાસ શ્રી રંગવીજયજી મહારાજ પાસે દીક્ષા લેવા માટે આવ્યો છું. પરંતુ મારી દીક્ષાની જાહેરાત જનતા સમક્ષ રજુ કરવામાં આવે અને તે જાહેરાત પછી પંદર દિવસમાં કોઇ વાંધો રજુ ન કરે તો દીક્ષા આપવા કહેલ છે કે જેથી ભવીષ્યમાં વાંધો ન રહે. તો આ માટે જનતાને જણાવવાનું કે હું શા. રીખવદાસ હરખચંદ પન્યાસ શ્રી પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. એ સામે કોઇને કંઇ વાંધો હોય તો મને પંદર દિવસમાં ખબર આપવી."

## ગ્રાહકોને સુચના.

પત્રિકાનું બીજું વરસ જાનેવારીની ૧ લીથી શરૂ થયું છે. લવાજમ મોકલી આપવા નમ્ર સુચના છે.

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાથા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ગલાલવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

ધાર્મિક કેળવણી. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે. Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૪ થો. | સંવત ૧૯૮૭ ના મહા સુદી ૭. તા૦ ૨૬-૧-૩૧ | છુટક નકલ : ૦॥ આનો. |

# અંધેરીમાં જૈનોના જમણ પર પીકેટીંગ.

## રામવિજયજીના ભકતોએ વાનરોને મારેલો માર.

## વૉલંટીયરોની થએલી ધરપકડ.

અંધેરીમાં શેઠ નગીનદાસ કરમચંદના બંગલામાં તા૦ ૨૫-૧-૩૧ ના રોજ જૈનોને માટે જાહેર જમણવાર છે તેમ ખબર પડતાં શ્રી યાહોમ મંડળના વોલંટીયર તથા વાનરો તે જમણ પર પીકેટીંગ કરવા અંધેરી ગયા હતા.

પહેલી બેચ યાહોમ મંડળના કમાન્ડર અને સેક્રેટરીની સરદારી નીચે ગઇ. અને જમણવારમાં ભાગ ન લેવા માટે લોકોને સમજાવવા માંડયા. પીકેટરો જોઇ યંગ મેન્સ જૈન સોસાયટીના વોલંટીયરો અને અહિંસાવાદીઓ રોષે ભરાયા. અહિંસાત્મક પીકેટીંગ સહન ન થવાથી તેઓને મારતા મારતા આગળ લઇ ગયા. ત્યાં શેઠ જીવતલાલ પ્રતાપસી આવી પહોંચતાં વાટાઘાટના બહાને યંગમેનના વોલંટીયરોની સાથે એક બંગલામાં ગયા. ત્યાં પોલીસ બોલાવવાની અને માર મારવાની ધમકી આપી પણ પીકેટરો મકકમ રહ્યા.

**વાનરોને પુર્યા :—**

વાનરોની બીજી બેચ આવતાં તમારા મંડળવાળા તમને બોલાવે છે, તેમ કહી એક બંગલામાં લઇ જઇ એક ઓરડામાં તેમને પુર્યા.

**પોલીસ આવી પહોંચી.**

અહિંસાવાદી મહાજન પીકેટીંગ જોઇ ગભરાયા પણ જમણ છોડવું તેમને પાલવે તેમ નહિ હોવાથી, ગમે તે ભોગે મિષ્ટાન જમવાનો નિશ્ચય કરી પોલીસ બોલાવી.

**વાનરોને પડેલો માર અને વૉલંટીયરોની ધરપકડ.**

પોલીસ આવી પહોંચતાં વાનરોને છોડવા પડયા તેટલામાં પીકેટીંગ માટે ત્રીજી બેચ આવી પહોંચી. છુટેલા વાનરો પણ યાહોમ પીકેટીંગમાં જોડાયા, રામવિજયજીના અગ્રગણ્ય ભગતે યાહોમ મંડળના કેપ્ટન તથા સેક્રેટરીને પોલીસને બતાવ્યા જેથી પોલીસે તેમની ધરપકડ કરી અને બીજી બાજુથી યંગમેનના વૉલંટીયરોએ અને અહિંસા વાદીઓએ વાનરોને માર મારવો શરૂ કર્યો.

**સ્ત્રીઓ પણ પીકેટીંગમાં જોડાઇ.**

આ સમાચાર મળતાં એમ્બ્યુલંસ કાર અંધેરી આવી પહોંચી. જેમ જેમ પીકેટરોની બેચો આવતી ગઇ તેમ તેમ વૉલંટીયરોની ધરપકડ થતી ગઇ અને વાનરોને ઉપરોકત વૉલંટીયરો તથા અંધ શ્રદ્ધાળુઓએ માર મારવો શરૂ રાખ્યો. અને પોલીસ તેમજ વૉલંટીયરોની કોરડન કરી જમવા જનાર માટે આ રીતે સગવડ કરી. આ કોરડનો જોઇ બીજી બાજુથી કેટલીએક સ્ત્રીઓએ પણ પીકેટીંગ કરવા માંડયું.

[જુઓ પાનું ૬ ઠું.]



ભારતનો જ્યોતિર્ધર.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## ધાર્મિક કેળવણી.

ધાર્મિક કેળવણીના સવાલને અંગે જૈન કોમને હજી ઘણું કરવાનું બાકી રહે છે. વિચારો આપનારાઓએ ઘણા વખત વિચારો બતાવ્યા છે છતાં સાધનોને અભાવે તેનો અમલ થઈ શકતો નથી એટલે વિચારો બતાવવા ઉપરાંત કેટલાક વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે. તે પ્રયાસો વધારે નિયમિત અને સતત્ ચાલુ રહેવા જોઈએ ધાર્મિક જ્ઞાનનો પ્રચાર કરનારી સંસ્થાઓ જૈન સમાજમાં છે પણ ખરી. તે સંસ્થાઓ ચોક્કસ દિશામાં જ્ઞાનનો પ્રચાર કરે છે. એટલે કે ચોક્કસ ગ્રંથો જે પ્રદર્શનોથી કોમમાં ફેલાવો પામી શકતા નથી તે છાપવાની કળાની મદદથી સમય ધર્મની મદદથી તે ગ્રંથોનું રક્ષણ કરે છે. સમાજમાં સસ્તી કિંમતે તેનો ફેલાવો કરે છે પણ તે કાર્યની અસર વિશાળતાથી જૈન સમાજમાં થતી નથી સામાન્ય રીતે ધાર્મિક કેળવણી લેનારાની સંખ્યા વસ્તીના પ્રમાણમાં ઘણી ઓછી છે. તેમજ વિશિષ્ટ ધર્મ જ્ઞાનના અભ્યાસીઓની સંખ્યા પણ ઓછી છે. અને તેથી ધાર્મિક અભ્યાસક્રમ માટે ક્રમસર વાંચનમાળાઓ તૈયાર નથી. ધર્મના સાહિત્યના જુદા જુદા વિભાગો અધ્યાત્મ, ઇતિહાસ, તત્વજ્ઞાન, પુરાતત્વ વગેરેને માટે ક્રમસર અભ્યાસ કરવાને માટે ગુજરાતી ભાષામાં ક્રમસર પુસ્તકો તૈયાર નથી. પુસ્તકો તૈયાર કરવા માટે વિદ્વાનો જોઈએ. વિવચનો તથા ભાષાનો તથા જનરલભાષાનો તે અભ્યાસી જોઈએ. આ બાબતમાં ઘણા લખોએ પ્રયાસ કર્યો છે. તેનું પરિણામ આવ્યું નથી. એક ખાસ કમિટિ તે માટે નીમાવી જોઈએ. જૈનેતરોની પણ તેમાં સહાય લેવી જોઈએ, ચોક્કસ સંસ્થાએ આ કામ ઉપાડી લેવું જોઈએ. કારણ કે વ્યક્તિગત કાર્યમાં વ્યક્તિના અભાવે કામ અધુરૂં રહી જાય છે. આ કામ એવું છે કે લાંબા વખતની મહેનત વગર પતે તેમ નથી. એટલે કોઈ સંસ્થાએજ આ કામ ઉપાડી લેવાની ખાસ આવશ્યકતા છે. તે ઉપરાંત પાઠશાળાઓની તપાસ કરવા માટે પણ એક કમિટિ તેજ સંસ્થાએ નીમવી જરૂરની છે. પાઠશાળાઓ, તેના મકાનો, વિદ્યાર્થીઓ, માસ્તરો, ફંડની પરિસ્થિતિ વગેરે વિગતો જાણી તેની સુધારણા માટે વ્યવહારૂ માર્ગો લેવા જોઈએ. આ હકીકતો સમાજ પાસે અંગત ટીકાઓ સિવાય રજુ કરવી જોઈએ. આપણી જરૂરીયાતો કોમ પાસે રજુ કર્યા સિવાય ફંડના સવાલનો ઉકેલ થતો નથી. ચોક્કસ કામના રસીયાઓ મુખ્ય વાતને ભૂલી જઈ દેખાવોમાં માને છે. દેખાવોમાં કોમના દ્રવ્યનો વ્યય કરવામાં તેઓ ધર્મ માને છે, મનાવે છે. સમાજ પાસે વિશ્વાસપાત્ર માણસો બીજો માર્ગ સુચવનારા હોતા નથી. અગર અન્ય માર્ગો સુચવનારાઓનો અવાજ લોકોના મોટા જથ્થાને પોંચતો નથી. તુલનાત્મક લેખો અને ભાષણો તથા ચર્ચાઓ આ કામ સારૂં કરી શકશે. વિભાગવાર ધાર્મિક કેળવણીની પ્રગતિના આંકડા પ્રગટ કરવામાં આવશે જુદા જુદા વિભાગના કાર્યકર્તાઓ સરસાઈ કરી પોતાના વિભાગમાં પ્રગતિ કરવા પ્રેરણા મેળવશે. એજ્યુકેશન બોર્ડ તે કામ હાથમાં લેશે ? જો તે કાર્ય હાથમાં લઈ કમીટી નીમશે તો કોન્ફરન્સના સ્થાનિક મંડળો તેને મદદ કરશે તેમજ પ્રાંતિક સેક્રેટરીઓ પણ સહાય કરનાર નીવડશે. એજ્યુકેશન બોર્ડને કામ લેવાની—ઉપાડવાની હિંમત ક્યારે આવે તે સવાલ વિચારવાનો છે. સાહિત્યને નામે ધામધુમો પાછળ જે જૈન કોમ અનર્ગળ દ્રવ્યનો વ્યય કરે છે તે કોમની કેળવણીની મધ્યસ્થ સંસ્થા પાસેના ફંડની સ્થિતિ તપાસીશું તો ઘણી કંગાળ જણાશે. બોર્ડના કાર્યવાહકો તેમાં વિશેષ પ્રયાસ કરી શકે તે પ્રશંસાયોગ્ય છે. કદાચ કોઈ ટીકાકાર એમ પણ કહે કે બોર્ડની કેટલાક વરસોની મંદતાને લીધેજ તે સંસ્થાને નાણાની મદદ મળતી નથી. ઉત્તમ ઉદ્દેશ કાર્યવાહકોનો સતત્ આત્મભોગ અને સુંદર પ્રચાર કાર્યથી અનેક સંસ્થાઓ જોઈતું દ્રવ્ય મેળવી શકે છે. ધનવાનોને અમો ખાસ કરીને અપીલ કરીએ છીએ કે બોર્ડ પાસે તમો સારા તથા સંગીન કામની આશા રાખતા હો તો તમો પ્રસંગોપાત્ બોર્ડને દ્રવ્યની સારી મદદ કરો. હવે બોર્ડની નવી મેનેજીંગ કમિટિ નીમાઈ છે. જુના તથા નવા ઉત્સાહી સભ્યો મળીને સારી રૂપરેખા તૈયાર કરી સારૂં કાર્ય કરી દેખાડશે. વળી બોર્ડના ઉત્સાહી સેક્રેટરી સરકારની મહેમાનગીરીમાંથી મુક્તિ મેળવવાના છે તેઓ પણ પોતાના અનુભવનો લાભ બોર્ડના કાર્યક્રમને અંગે ઉપયોગમાં લેશે માટે ધનવાનોએ અને સામાન્ય વર્ગે બોર્ડના કામમાં રસ લઈ દ્રવ્યનો ટેકો આપવાની જરૂર છે. કોમ તરીકે હિંદમાં જીવવું હોય તો ધર્મનો અભ્યાસ અને ધર્મમય જીવન વગર ચાલશે નહિ. બાળકોમાં શુષ્ક અને જડ નહિ પણ ચેતનવંતા સંસ્કાર પાડવા હોય તો બાળમાંજ ધર્મજ્ઞાનનો ફેલાવો કરવાની જરૂર છે. વ્યવહારમાં ધર્મજ્ઞાન વિશાળતાથી ફેલાવો ન પામ્યું હોય તો ડગલે ડગલે ધાર્મિક જીવન એકાદ વ્યક્તિને આચરવામાં ઘણી મુશ્કેલી પડે છે. આ એકલા સામાજિક પોશાક લઈ બેસી જવાનો સવાલ નથી પરંતુ જૈન તરીકે વ્યવહારિક જીવન ગાળવાનો છે. આ તો જૈન છે તેના વ્યવહારમાં આ દોષ હોઈ શકે નહિ તેની વાણી વિચાર વર્તનમાં શુદ્ધિજ હોય. હિંસાનો ભાસ ન હોય તેવા ઉત્તમ જૈનો તમારા બાળકોને બનાવવા હોય તો ધાર્મિક કેળવણીના સવાલ માટે સતત પ્રયાસ કરવા કટીબધ્ધ થાઓ.

શ્રી. સુરેન્દ્ર ઝવેરી.



વડોદરા જૈન યુવક સંઘના આત્મા, જેઓએ વડોદરા યુવક સંઘ તરફથી ત્યાંની પોલીસના મનાઈ હુકમનો ભંગ કરી નીકળેલા સરઘસની આગેવાની લીધી હતી. જેથી તેમને ત્યાંજ પકડવામાં આવ્યા હતા, માન પુર્વકના સમાધાન પછી જેમનો છુટકારો થયો છે.

# જૈન સાહિત્યનું વિકાસ–દર્શન.

લેખક :-સર્વદમન.

દરેક પ્રજા, દરેક રાષ્ટ્ર તેમજ પ્રત્યેક ધર્મના અનુયાયીઓ પોતાનું સાહિત્ય સર્જે છે તેમાં અમુકનો હેતુ રહેલો છે. સાહિત્ય એ દરેક પ્રજાના જીવન વિકાસનો, રહેણી કહેણીનો અને તેમની સર્જન શક્તિનો અરિસો છે. કોઇ પણ પ્રજાના ભૂતકાળના અભ્યાસકને તે પ્રજાનાં સાહિત્યમાંથી ભૂત માનસનું પ્રતિબિંબ જરૂર અવલોકવા મળશે. અમુક પ્રજા રાષ્ટ્ર વિકાસમાં, વિશ્વ સંસ્કૃતિમાં, અને માનવ જાતના હિતમાં શું ફાળો આપી રહેલ છે તે જાણવા તેનું સાહિત્ય એ અમૂલ્ય સાધન છે. અને આ ઉપરોક્ત કારણથીજ સાહિત્યનો વિકાસ કરવો એ એક આવશ્યક કર્તવ્ય છે.

## સાહિત્ય અને સંસ્કાર સિંચન.

વાલ્મીકિ, વ્યાસ, અને હોમરનાં મહા કાવ્યોમાંથી આજે સકળ જગત પ્રેરણા પી રહ્યું છે; અને તે અખૂટ ઝરામાંથી અનેક કવિઓ, અનેક કલ્પના કુશળ લેખકો દુનીયાનાં દુઃખીઓને શાંતિ સમર્પી રહ્યા છે. પ્રજાનાં માનસનું ખરેખરું ઘડતર આવા સાહિત્યમાંથીજ થાય છે. કૃષ્ણે ગીતા ગાઇ અર્જુનને પ્રબોધી યુધ્ધે ચઢાવ્યો. ગુરૂ રામદાસે મહાભારત શ્રવણ કરાવી શીવાજીને ધર્મરક્ષા કરવા પ્રેર્યો; અને આવાં અનેક દૃષ્ટાંતો આપણી દૃષ્ટિમાં અનેકવાર આવે છે.

## જૈન સાહિત્ય અને તેનો વિકાસ.

આપણું જૈન સાહિત્ય ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને માગધી ભાષામાં ઘણું ઉંચુ સ્થાન ભોગવે છે; અને સાહિત્યના સ્તંભ રૂપે મનાય છે. હજુ આપણું સાહિત્ય અપ્રસીદ્ધ છે. જૈન સાહિત્યને સાહિત્ય સૃષ્ટિમાં પ્રધાન પદ અપાવવું હોય તો જૈનોને હવે વધુવાર બેઠું નહિં પાલવે. ખંભાત, પાટણ અને સુરત વિ. સ્થળોએ જૈનોનાં સુંદર ભંડારો હોવાનું કહેવાય છે. જૈન તાડપત્રો, શીલા લેખો, અને મુર્તિઓની ઐતિહાસિક ઉપયોગીતા ઘણી અગત્યની છે. આપણાં કિંમતી પુસ્તકોનો, આપણા સંઘરેલ ઇતિહાસનો, અને આપણી સાહિત્ય સમૃદ્ધિનો ઝરો જગતને અજાણ્યો રહે તો તેનું અસ્તિત્વ કશા લાભનું નથી. અને સાહિત્ય પ્રચારની બાબતમાં આપણે કેટલેક અંશે ખ્રીસ્તીઓની રીતિનીતિનું અનુકરણ કરીએ તો તે ભવિષ્યમાં અતિ લાભદાયી નીવડયા વિના નહીં રહે. ખ્રીસ્તીઓનું સર્વ માન્ય બાઇબલ લગભગ ૭૦૦ ભાષામાં લખાયેલું છે. દુનીયાના અનેક સ્થાનોમાં કે પુસ્તક ભંડારોમાં બાઇબલ હોવાનુંજ; તે નિઃશંક બીના છે. આ રીતે આપણાં મહા પુરૂષોનાં વચનો સૌ કોઇ ઝીલે, અને ગ્રહે તેવી ભાવના ધારીને સાહિત્ય વિકાસનાં સાંપ્રત રૂપન પ્રત્યે દુર્લક્ષ રાખવું ન ઘટે. સાહિત્ય વિષયક આપણી કેટલીક સંકુચિતતાઓમાં અત્યંત પરિવર્તનની આવશ્યકતા છે. કેટલાક ભંડારો અમુક સાધુઓનાં નામથી અને સૂચનથીજ ખાસે એટલે તેમાંની પ્રતો અન્ય મુનિરાજોને ન અપાય એવી પરિસ્થીતિ અનેક ઠેકાણે ચાલે છે. કોઇ સાહિત્યનો તૃષાતુર આપણા સાહિત્ય દ્વારે સુધારસ પીવા મથતો હોય તેમાં તેને નિષ્ફળતા મળી છે તેવાં દૃષ્ટાંતો નિહાળ્યાં છે. આવી કરૂણાજનક સ્થીતિ આપણે ક્યાં સુધી ચલાવ્યે રાખશું ?

આવી પરિસ્થીતિનો વિચાર કરતાં મને કેટલીક વ્યવહારૂ યોજનાઓ જડી તે હું વાંચક સમક્ષ રજુ કરૂં છું.

## પ્રદર્શન, પરિષદ અને સંસદ.

આજે જગત એટલું આગળ વધ્યું છે કે 'જાહેરાત' એ વ્યાપારનુંજ નહિં પરંતુ સાહિત્ય, કળા, વિજ્ઞાન ઈ૦ કોઇ વિષયનું આવશ્યક અંગ બન્યું છે. આવી જાહેરાતો માટે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય પ્રદર્શનો ગોઠવવામાં આવે છે. પ્રદર્શનોનાં વિસ્તૃત વર્ણનો વાંચી દેશ દેશનાં માનવીઓ તેનો લાભ લેવા તલસે છે. અને તેજ કારણે સાહિત્ય પ્રદર્શનો ભરાય તે ઇચ્છનીય અને અનુમોદનીય બીના છે. દેશવિરતિ સમાજ અમદાવાદમાં પોષ માસની આખરે જૈનોનું સાહિત્ય પ્રદર્શન ભરે છે તેની જાહેરાત જૈન સાહિત્યનો પ્રેમી આવકારદાયક લેખે છે. પરંતુ તે પ્રદર્શન કશા મતભેદ વિના અને અમુકને માટેજ કીર્તિનો અખાડો ન બન્યું હોત તો ઠીક થાત. આવાં કેટલાંએ પ્રદર્શનો દ્વારા આપણે આપણી એ અણમૂલી મિલ્કતનો વિકાસ કરી શકીએ તો આપણે ફરજ અદા કરી ગણાશે. પરંતુ આવી રીતે જુદાં પ્રદર્શનો ભરવાને બદલે કોન્ફરંસની વાર્ષિક બેઠકો વખતે સાહિત્ય પ્રદર્શનનો સરસ વિભાગ રાખવામાં આવે તો તેનો લાભ વધારે સારી રીતે અને સારી સંખ્યામાં લેવાય તે કથન નિર્વિવાદ છે. આપણો આ પ્રયોગ સફળ નીવડે તો વાર્ષિક સાહિત્ય પરિષદ ભરવી એ શક્ય થઇ પડશે; અને તેવી પરિષદો દ્વારા આપણે અન્ય ધર્મના ધુરંધરો સાથે કંઇ વિનિમય કરી શકવા સમર્થ બનશું તેટલુંજ નહીં પરંતુ સામાન્ય જનતાનું સાહિત્યની બાબતોમાં લક્ષ ખેંચી શકીશું. આ સિવાય આવા મેળાવડાઓ આપણા સમાજમાં સાહિત્ય સંસદોને અને કંઇક માર્ગદર્શક બનતી Literary Societies ને ઉદ્ભવ આપશે જેની સેવાઓ આપણી સાહિત્ય સમૃદ્ધિ પરત્વે અમૂલ્ય થઇ પડશે.

હિંદની સરકારે હમણાંજ એક ઐતિહાસિક દસ્તાવેજોની શોધખોળ માટે મંડળ નીમ્યું છે. મારા જાણવા મુજબ તેમાં એક પણ જૈન સંશોધક નથી. આખી મનુષ્ય જાતને ભૂતકાળ જાણવાની એક જાતની મમતા હોય છે અને તે કારણે જુનાં ચિત્રો અને દસ્તાવેજોના આશ્ચર્યજનક મુલ્ય ઉપજે છે. જૈનો તેમનાં પુરાતન સંગ્રહો માટે ભલે ગૌરવ લે પરંતુ તેને માટે વિશ્વના સાધારણ માનવીને એોછીજ ચિંતા કે દરકાર છે ! આપણાં ચરિત્રોમાં, આપણાં કાવ્યોમાં, આપણાં વ્યાકરણમાં સૌ કોઇ ભાગ્યેજ રસ લે કે જ્યારે તેનાં અણુ માત્રમાં દાન સામાન્ય જન મેળવી શકે. આપણાં ભંડારો અને પુસ્તકાલયોની તપાસણી માટે આવુંજ કમીશન નિમાય અને તેનો અહેવાલ સૂચન સાથે પ્રગટે તો તે જરૂર માર્ગદર્શક નિવડે.

## સસ્તુ અને સરળ સાહિત્ય.

પરંતુ આજે અન્ય વ્યવસાયોમાં ગુંથાયેલા માણસને મુશ્કેલ બાબતોનો નિરાકરણ કરવા સમય નથી. આજ દુનીયાની બજારમાં સસ્તુ અને સાદી સમજણવાળું સાહિત્ય વધારે વંચાય છે. આપણાં પૂજ્ય પુરૂષોનાં ચારિત્રો માંહેથી કે શ્રીપાલ અને ચંદરાજાના રાસાઓ માંહેથી હાલના લોકપ્રિય માસિકોમાં સુંદર, સુગંધિત અને આકર્ષક વાર્તાઓ લખાય, તેમજ આપણા સિધ્ધાંતોનું ગાંધીજી, મહાદેવભાઇ કે કાકા

કાલેલકર જેવાની શુધ્ધ અને સરળ ઢબમાં નિરૂપણ થાય તો તે સમૂહ-માનસને અસરકારક જરૂર નિવડે. પરંતુ આ સુચના અમલમાં મૂકાય તે અગાઉ આપણે લેખકોની સેના તૈયાર કરવી જોઇએ. જૈન સમાજની દોલતનો સાહિત્ય વિષયક સંશોધન કાર્યના રસિકોને અને તત્વજ્ઞાનમાં રસ લેનાર વિદ્યાર્થીઓને લાભ મળે તોજ એવા સેમિનરોની કંઇક સફળતા ખરી.

**અભ્યાસક્રમ.**

આપણે હિંદના વિશ્વ વિદ્યાલયોમાં જૈન 'ચેર' કે માગધી ભાષાનો અભ્યાસક્રમ દાખલ કરાવી શકયા છીએ પરંતુ તેનું ફળ તપાસવાની આપણે પરવા નથી અને પરવા હોય તો તેમાં પણ કેટલી શિથિલતા! કોલેજના વિદ્યાર્થીઓને અધ્યાપકો બાબત કે અભ્યાસક્રમ અને પાઠ્ય પુસ્તકોની બરોબર ટીકાઓ બાબત શું મુશ્કેલીઓ પડે છે તે જાણવા આપણે કદી કોશીષ કરી છે? જ્યાં સુધી આપણે વ્યવસ્થિત કમિટિઓ નીમી આપણા દરેક કાર્યની અને વિભાગની પુરી તપાસણી પ્રસંગોપાત કરીશું નહિ ત્યાં સુધી તે ધનવ્યયના સારાં ફળ આપણે નહીં પામી શકીએ. આ ઉપરાંત આપણી ઘણીખરી કેળવણીની સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ પરત્વે જે અભ્યાસક્રમ રાખવામાં આવે છે તેમાં ટીકા કરવા માટે ઘણું વિશાળ ક્ષેત્ર છે. પાઠશાળાઓ, જૈન કુમાર મંદીરો અને છાત્રાલયોમાં ઉપરોકત મુશ્કેલીઓ સિવાય અનેક મુશ્કેલીઓ નજરે પડે છે. નવયુગની ભાવના ધાર્મિક શિક્ષણના સિંચનથી કંઇક સર્જન શક્તિ વિકાસવા ઇચ્છે છે તેટલુંજ નહિં પરંતુ વિદ્યાર્થીનું માનસ, વિશાળ દ્રષ્ટિબિંદુ અને સહિષ્ણુતા કેમ કેળવી શકે તે પ્રતિ લક્ષ ખેંચે છે. આ પ્રસગે એટલી નોંધ લેવી જરૂરી છે કે મહાવીર જૈન વિદ્યાલય તરફથી ભાષણ તેમજ લેખણ મેણીની યોજના ઘડવામાં આવી છે તે અન્ય સંસ્થાઓ માટે દ્રષ્ટાંત રૂપ છે. અન્ય દેશોમાં આપણાં તત્વ જ્ઞાનમાં ખાસ રસ લેનાર હોય તો તે જર્મન વિચારકોજ છે. જર્મનીએ આખા યુરોપમાં તત્વજ્ઞાનના વિષયોમાં ઇજારો લીધો છે એમ કહીએ તો કશું ખોટું નથી. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે આપણા અભ્યાસકોને જૈન ધર્મનું ઉદ્‌ભવ સ્થાન મૂકી એ સંસ્કૃતિ સમજવા પરદેશ ભ્રમણ કરવું પડે છે. આપણા સાધુ સમુદાયને એ કંઇ ઓછું મ્હેણું નથી. આચાર્યશ્રી ધર્મ વિજય સુરીએ આ વિષયમાં કંઇક પ્રકાશ ફેંકી પાશ્ચાત્ય વિદ્વાનોને આપણા સાહિત્યમાં રસ લેતા કર્યાં છે તે માટે આપણી જૈન જનતા તેમની ઋણી છે.

લેખક ઇચ્છે છે કે આપણાં જૈન શાસ્ત્રના અભ્યાસકો સમાજ આગળ ફરતાં પુસ્તકાલયો યા મફત વાંચનાલયો જેવી યોજનાઓ મૂકી સાહિત્ય વિકાસ વિષેનાં તેમનાં મનોરથો પૂર્ણ કરે. આપણી અપંગ કોન્ફરન્સે ફકત ઠરાવોજ ન કરતાં કંઇક સત્વવાળું કાર્ય ખાસ કરી સાહિત્ય વિષયે કરવું જોઇએ.

છેવટ હું ઇચ્છું છું કે તે ઉજ્વળ ભાવિને પ્રત્યક્ષ નિરખવા હું ભાગ્યશાળી થાઉં!

# સામાજીક અભ્યાસ.

અભ્યાસક: હેમચંદ લધુભાઇ દોશી, જામનગરવાળા.

## લગ્ન અને દંપતિ જીવન.

### લગ્ન એટલે અન્યોન્ય સ્ત્રી પુરૂષોના વિશિષ્ટ તત્વોનું એકીકરણ.

લગ્ન પૂર્વના દેશોમાં (ખાસ કરીને હિંદમાં) એક ધાર્મિક આવશ્યક અને અપૂર્વ પ્રસંગ લેખાય છે. એ એક સંસ્કાર છે. લગ્નને માટે સંસ્કૃતમાં પાણિગ્રહણ શબ્દ વપરાય છે. આપણી લગ્ન પ્રથા અદ્‌ભુત છે. રચાયેલી તો સમજણપૂર્વક હશે પરંતુ અત્યારે એ લગ્ન પ્રથા ઘણાખરા અંશે-મૂળ હેતુથીપર-અર્થ વગરની થઇ ગઇ છે. લગ્ન એ સોદો કે સટ્ટો નથી એ ખાત્રીથી માનજો. લગ્નમાં જીવન વિકાસ, સુખ અને સગવડનો પ્રશ્ન સમાયેલો છે. આવી મહત્વની ક્રીયાને અણસમજ, અજ્ઞાન અને ખોટી શરમથી જેમ તેમ ચાલવા દેવી તે ખરેખર ખેદજનક, દુઃખદ અને દીલગીરીભરેલું છે.

લગ્નની ગંભીરતા લગ્ન કરતી વખતે સમજાય તો લગ્ન અર્ધ સફળ થાય. લગ્ન વખતે દંપતિ જીવનનો હેતુ સમજાય તો ઘણી ગેરસમજો અનાયાસે દૂર થાય. વિચાર અને સાવધાની, હિંમત અને હૃદયબળનું એકીકરણ કરી સમજપૂર્વક નિશ્ચય કર્યા પછીજ પાણિગ્રહણ કરવું. પ્રથા માનીનેજ પાણિગ્રહણ થાય છે તે મુર્ખાઇની પરાકાષ્ટા છે. લગ્નવિધિ દરેકને સમજાવો, ત્હેની ગંભીરતા, રહસ્ય દરેકને ગળે ઉતારો. પતિ-પત્નિ એક બીજાને લગ્ન પહેલાં સમજતાં હોવા જોઇએ અને તોજ લગ્ન-જીવનની મહત્તા અને સફળતા સિધ્ધ થશે. કજોડાં તો નાબુદ થશે.

દુઃખદ અને અનિચ્છનીય છે કે હિન્દના કેટલાક પુત્ર-પુત્રીઓ મા, બાપ અથવા વાલીની ભૂલથી લગ્ન કે દંપતિ જીવન કે પતિ પત્નિ શું તે સમજ્યા સિવાય પારણામાંથી ઝડપાઇ જાય છે. પરમાત્મા! હિન્દના પુત્ર-પુત્રીઓને એ જુલ્મમાંથી બચાવ. માતા પિતા તથા વાલીઓનો પ્યાર કેટલાક પ્રસંગોમાં અકસ્માતિક રીતે ઝેરસમ થઇ પડે છે. વડિલ માબાપો યુવાન પુત્ર-પુત્રીઓની આંખે ભાગ્યેજ જોઇ શકે છે. લગ્ન એ જીવન સરળ બનાવવા માટે છે; નહિં કે બોજારૂપ અને અગવડ ભરેલું. લગ્નનો હેતુ મનુષ્યને કર્મયોગી બનાવવાનો છે. લગ્નનો હેતુ જીવનને **રસીક** બનાવવાનો છે. લગ્નનો હેતુ પ્રજોત્પત્તિ મનાય છે. હેતુ તરિકે એ વાત સારી છે. પ્રજોત્પત્તિ ધર્મ તરીકે કરવી અને અનિચ્છાએ બોજારૂપ ક્રીડા ઉત્પત્તિ કરવી તેનો ફરક સમજાય તો **લગ્ન પાશવી ક્રીયા મટી માનવી થાય.** માત્ર પ્રજોત્પત્તિ પુરતોજ પતિ પત્નિનો શારિરીક સંબંધ હોય (?) તો જગત કદાચ સ્વર્ગીય થાય. પરંતુ આવી સ્થિતિ હજી તો કલ્પનાના જગતમાંજ રમે છે. **વો દીન કહાંસે?** સમજણ પૂર્વક, યોગ્ય યોગનો વિચાર કર્યા પછીજ થતી પ્રજોત્પતિ કંઇક ઓર-અદ્વિતીય હશે. તેવા પ્રજોત્પતિથી માયકાંગલી, બીકણ, અસંસ્કૃત પ્રજાને બદલે

સશક્ત, સુદૃઢ, સુંદર સંસ્કૃત બાલક-બાલીકાઓ જન્મશે. આટલો જીવન ફેર કુદીપડશે અને લગ્ન એટલે ઉન્નતિ. બાકી હાલની અધોગતિ તો કપાળે લખાઇ છેજને. જીવવું અને લગ્ન ત્યારેજ પ્રમાણ કે જ્યારે તમો માત્ર લાયક વારસો જગતમાં મૂકી જાવ. જગતનો બોજો હલકો કરી જાવ.

લગ્ન કરવાં એટલે કવીઓની ભાષામાં તો ઘણું ઘણું કહેવાયું છે. "પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં" "લગ્ન એટલે પૂર્ણતા." "લગ્ન એટલે સંસાર-આદર્શ." લગ્ન એટલે પૂર્ણ-પૂજ્ય અવર્ણનીય આનંદ. પરંતુ વ્યવહારિક ભાષામાં તો લગ્ન કરવું એટલે સંસાર શરૂ કરવો, ચલાવવો. ગામડીયા ભાષામાં "ચાલે પડવું," હાસ્યમાં ન છૂટકે "ગાડું ગબડાવવું."

એક કરૂણ કથનીમાં લખેલું: "કુંવારી અવસ્થામાં મ્હેં તો ઘણાય વ્રતો અને ઉપવાસ કર્યાં હતા, છતાં પ્રેમ વિનાની દુખી જીંદગી મ્હારે ભોગવવી પડે છે ........કોલેજીયનો તો શકુન્તલાની ભૂમિમાં વિચરે છે એમ સાંભળ્યું છે. એ એવા નિરસ કેમ હશે?.........પ્રભુ અમારી તે જીંદગી છે, અમારૂં દુઃખ અમો કોઇને કહી શકીએ નહિં. શું અમારે સ્ત્રીઓને આમ રોવાનુંજ હશે? અમારાં પાપ અથાગ હશે. અમો લાચાર-અન્ય-અવલંબીત, નીરાધાર, રક્ષીત જીવન જીવવા માટેજ જન્મતા હોઇશું? ત્યારે શા માટે ફાંફા મારવા. પતિ એજ મ્હારો પ્રભુ, પ્રભુ સામે બળવો થાય?"

બીજી એક એવીજ કથનીમાં લખેલું: "આદર્શો, સ્વપ્નાઓ, કલ્પનાઓ, મૂર્તિઓ કલ્પી અધમુઓ થયો ત્યારે વિભુ! ત્હેં મ્હને લઇને કર્કશાની સાથે ગોઠવી દીધો? ત્હારે આમ ન્હોતું કરવું જોઇતું. શું તું કહે છે કે "પડ્યું પાનું નિભાવી લે"? અન્યાય પણ નિરૂપાયે ચૂપ રહીને સહન કરવોજ રહ્યો. ત્હને કજીઆજ ગમે છે. ત્હને રંકની કોટે રત્ન બાંધવા પ્રીય લાગે છે. ખારાં જીવનો કરવામાં ત્હને શું મજાહ આવે છે? તર્ક, સમજાવટ, લાલન સર્વે કર્કશા સામે કડડભુસ થાય છે. કર્કશા સાથેનું જીવન સહિષ્ણુતાની પરાકાષ્ઠા છે."

આ બે કથનીઓ આપણી લગ્ન સંસ્થામાં મ્હોટું ગાબડું અને ખામીઓ સાબીત કરે છે. એ ઉતાવળે, અણસમજથી, અજ્ઞાનમાં, ખ્યાલ વગર, બાપદાદાની ખોટી આબરૂના નામે "કુવાનો વિવાહ" કંઇથી થતાં લગ્નોનાં પરિણામો આબેહૂબ સૂચવે છે. "સોળ વરસની સતિ અને નવ વરસનો પતિ" અયોગ્ય કટાક્ષ-ચિત્ર છે. પરંતુ સરળ પતિ અને કર્કશા પત્નિ અને તુંડમીજાજી પતિ અને સગુણી પત્નિની તો કેટલીએ આફતો વારંવાર બહાર પડે છે. કિન્તુ સમાજમાં પતિ માટે અનેક રસ્તા. પત્નિ માટે રોવાનું અને મુંગે મોઢે સહેવાનું: સ્ત્રીઓને સ્વતંત્રતા નહિંજ. વૃદ્ધ પતિ અને યુવાન પત્નિના કજોડાં કરતાં આ કજોડાંઓ વધારે દુઃખદ છે. સંસ્કારી, કેળવાયેલ સ્ત્રીઓને માટે પણ જવલ્લેજ સ્વતંત્રતા નિર્ભયેલ આપણા સમાજમાં દેખાય છે. સ્ત્રી-પુરૂષ સમાનતાનો આદર્શ ઘણો દૂર દેખાય છે.

અભ્યાસ દરમ્યાન થતાં લગ્નોથી કેટલાએ ઉગતા, યશવંત યુવાનો ક્રમભાગે નાસીપાસ થાય છે. કારણ કે: "Learning is a jealous mistress, further lady love is an equally jealous mistress" લગ્ન એ પણ અભ્યાસજ છે. અભ્યાસની પૂર્ણાહુતિ લગભગ પહોંચતા સહચરીનો વિચાર કરવો અને યોગ્ય સહચરી શોધી અભ્યાસ પૂર્ણ થયે લગ્નગ્રંથીથી જોડાવું આ પ્રચલવા યોગ્ય ઇષ્ટ છે. અપવાદ હોઇ શકે છે. ક્યારે અભ્યાસ પૂર્ણ કરી કમાતાં થવું એ નક્કી ન હોય ત્યાં સુધી લગ્ન જેવી બાબતમાં ઉતાવળ કરવી એ કેટલીક વખતે થપાટ ખાવા જેવું છે. પગભર થયા સિવાય એકદમ લગ્ન કરવાં ઘણાંઓને બોજારૂપ થઇ પડે છે. જીવન કલહમાં ફતેહ મેળવતાં લગ્ન કરી ફતેહો આગળ વધારવી.

લગ્ન એ પાણિગ્રહણ છે. તે તો ખરૂં એ કંઇક વધારે છે. એ કવચીત એકાદ દંપતિમાં આત્માનું એકીકરણ હોય છે. પરંતુ એ તો નિર્વિવાદ વાત છે કે પરિણીત જીવન સુખી થવા માટે સમોવડ પતિ પત્નિની જરૂર છે. વિચારો મળતા, (મતભેદ હોય છતાં પદ્ધતિ, ધ્યેય સરખાં) શરિર બંધારણ સરખાં, પ્રકૃતિ-અનુકુળ, વર્તન સાનુકુળ એમ હોય તો લગ્ન જીવન પ્રીય અને સુખદ થાય. પરણે તો સહુ છે. એ મુશ્કેલ નથી. પતિ પત્નિ થતાં પહેલાં બન્ને વ્યક્તિઓ એક બીજાને પીછાનતી, સાધારણ પરિચયમાં આવેલ હોવી જોઇએ. જીવન સાથે ગાળવાનું નક્કી કરતાં પહેલાં કોની સાથે જીવન ગાળવાનું છે એ જાણવું ઇષ્ટ છે. આમ થયું હોય તોજ જીવન ઝેર ન થાય. નહિં તો પછી: "પરણ્યા અને પસ્તાયા" મન દુઃખ, તન દુઃખ કે વચન દુઃખ. આવા દંપતિઓને ન હોય. કલહ જેવી વસ્તુ તેમના જીવનમાંથી નાબુદ થાય.

એક મહાન્ કવી કહે છે: "સૌંદર્ય ભાવના કે જે ગમે તેટલી શુદ્ધ અવસ્થામાં પણ ઝાંખી, અસ્પષ્ટ વિકાર ભાવનામાંથીજ જન્મી શકે. તેનો વિચાર પણ આપણે કરી શકતા નથી." સ્ત્રીઓ સુંદર હોય છે; પરંતુ સૌંદર્યનું વાણી પ્રથક્કરણ કે વિવેચન કરવાની આપણામાં શક્તિ નથી. સૌંદર્ય વિષે વિચારો કરવાની જરૂર નથી. સૌંદર્ય નૈસર્ગિક સ્વાભાવીક વિકાર વિહીન હોય તોજ તે ખરૂં સૌંદર્ય. રંગ સાથે ઓછો સંબંધ છે. સૌંદર્યનો પરમ ગુણ સપ્રમાણતા Symmetry છે.

યૌવનની સાથે સંયમ, વિલાસની સાથે વિકાસ, મંદતા સાથે માધુર્ય યુગ્મત એજ સ્ત્રીત્વ છે. સ્ત્રી-પુરૂષમાં સહચારની સનાતન ભૂખ છે. સૌંદર્ય અને સામર્થ્ય ઉપર આત્માં ઢોળવાની ભક્તિ ભાવના છે. મ્હોટે ભાગે સૌંદર્ય અને યૌવનથી શરિર વિલાસ સહજે જન્મે છે. સંયમ આવા સંજોગોમાં રાખવો મુશ્કેલ છે. ત્યાંજ કસોટી છે. થોડા પાર ઉતરે પણ તે તો મહાન્ આત્માઓ-ત્યાગી આત્માઓ કહેવાય છે.

લજ્જા અને સંકોચના આવરણો દૂર કરવામાંજ પ્રેમની પરિપૂર્તિ છે. લજ્જા અને સંકોચથી અન્યોન્યોનું પુરકતત્વ એકમેક નથી થતું. મર્યાદા હોય લજ્જા બીન-જરૂરી છે. લગ્નથી લજ્જા, સંકોચ ઘણે અંશે દૂર થાય છે. મર્યાદિત દાંપત્યસુખ એજ લગ્નાદર્શ છે; નિરંકુશ-વિલાસ-શૃંગાર વિષય ભાવના નહિંજ.

સ્ત્રી એ પ્રેરણાદાયી તત્વ છે. સ્ત્રીઓ પ્રેરણામૂર્ત પાવાજ સર્જાયેલી હોવા સંભવ છે. પુરૂષોમાં વિજીગીષા છે; સ્ત્રીઓમાં પ્રેરણા છે, પત્નિ પતિને જયવંતો-જવાંમર્દ જોવા ઝંખે છે. પતિ પત્નિને પ્રેરણાવંતી મલપતી સહાનુભૂતિ વર્ષાવતી નીરખવા નીરંતર મથે છે. આદર્શ દંપતિએ વિકાસ માટે સર્જાયેલું જોડું. એકલ-જીવન, ગમે તેવું પ્રતિભાશાળી તોપણ જરૂર અધુરૂં છે. અપરિણીત-જીવનમાં સહેજે ઉણપ-રહે છે.

## જોઈએ છે.

મુંબઈમાં એક પક્ષના જૈન શાસનના રક્ષક (?) સાધુને પોતાનો પક્ષ સબળ કરવાને પડતા જતા શાસનનો ઉદ્ધાર કરવાને દીક્ષા લેનારાઓ જોઈએ છે. આ કહેવાતા શાસન રક્ષક સાધુ પોતાના વ્યાખ્યાનમાં દરરોજ જે પ્રવચન સંભળાવે છે. તેમાં મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે. જૈનો સમય ફર્યો છે. પણ તમે ફરશો તે નહિ ચાલે, તમારા ફરવાથી જૈન ધર્મ રસાતાળ જશે. તમે ફરશો તો અમારા જેવા સાધુ તમને નહિ ફરવા દે, કારણ કે અમે પડતા જતા જૈન ધર્મને ગમે તે (ઉજમણાં, ઉપધાન, દીક્ષા મહોત્સવ, સ્વામી વાત્સલ્યોના નામે થતાં જમણો) ભોગે બચાવશું. માટે હે જૈનો અમારાં પ્રવચનો સમજવા જૈન ધર્મનો અસ્ત થતો તારો સ્થિર કરવા દીક્ષા લો; દીક્ષા ન લઈ શકો તો દીક્ષા લેનારની વચમાં આવનાર અધર્મીઓને અટકાવો. નહિ તો ધર્મ ચાલ્યો જશે. ગમે તેવો માણસ દીક્ષા લે, ગમે તેટલો વખત દીક્ષા પાળે તે જોવાનું નથી, પણ તેણે તો દીક્ષા લીધી છે એટલુંજ બસ છે. દીક્ષા લેવામાં સગાંવહાલાં, માબાપ, વગેરે મંજુરી ન આપે તો કંઈજ વાંધો નથી દીક્ષા એતો, મોક્ષ માર્ગ પ્રાપ્ત કરવાનું પગથીઉં છે તે ચડતાં. કોઈ આડે આવે તો તે પાપનો ભાગીદાર થાય છે. માટે ગમે તે દીક્ષા લે તેમાં કોઈએ આડું આવવું નહિ આ પ્રમાણે પોતાને ચેલા વધારવાનો જેને ભયંકર રોગ લાગુ પડયો છે તે સાધુ પોતાના સંઘાડામાં જેને તેને આવવાની છુટ આપે છે જેને સમાજમાં સ્થાન ન હોય, માથે કરજ હોય. ગમે તેવાં કામને કરનારો હોય તો પણ જો આ જાણીતા સાધુના સંઘાડામાં દીક્ષા લે તો તે એક મહાન તપસ્વી છે એમ તે ટુંક સમયમાં પોતાના પક્ષના શેઠીઆઓની આગળ સાબીત કરતાં ચુકે તેમ નથી માટે જેને દીક્ષા લેવી હોય, માથે ગમે તેમ હોય, સમાજમાં સ્થાન ન હોય, સંસારમાં કમાવાની ઉપાધીમાંથી છુટવા માટે જો જેને ઇચ્છા હોય તેણે અમારા સંઘાડામાં અમારી પાસે દીક્ષા લેવી. એટલે બસ તમે સર્વત્ર પુજાશો.

લી૦ જગદીશ.

( અનુસંધાન પાના પહેલાનું ચાલુ. )

જમનારાઓમાંથી મોટો ભાગ તો પીકેટરોની ધરપકડ અને વાનરોને માર પડતો જોઈ ત્યાંથી સ્ટેશન તરફ ચાલતા થયા, છતાં પોલીસના આશ્રય નીચે અહિંસાની મોટી મોટી વાતો કરનાર રામવિજયના ભક્ત ગાંડા ભગતો આવી રીતે મિષ્ટાન જમ્યા વગર રહી શકયા નથી.

બે પીકેટરોને અંધેરીમાંજ છોડી મુકવામાં આવ્યા હતા. બીજા આઠ પીકેટરોને વીરલા પારલાની પોલીસ ચોકીમાં લઈ જવામાં આવ્યા હતા. સાંજના તેઓના ઠેકાણા લઈ પોલીસ બોલાવે ત્યારે હાજર થવાનું કહી પોલીસે તેમને છોડી મુકયા છે.

લી. કેપ્ટન યાહોમ મંડળી.

**સમાચાર-** પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# મહાત્માજીનો છુટકારો.

## વર્કીંગ કમિટિના જુના ને નવા મેમ્બરોનો થયેલો છુટકારો.

પુ. મહાત્માજીનો આજ રોજ તા૦ ૨૬-૧-૧૯૩૧ ને રોજ યરોડા જેલમાંથી છુટકારો થયો છે. હિંદની પ્રજાને સુભાગ્યે મહાત્માજી આપણી વચ્ચે આવી પહોંચ્યા છે. મહાત્માજીની હાજરીથી અહિંસાવાદનો સિદ્ધાંત પુર જોસથી પ્રસરશે. એ ત્યાગ મૂર્તિની પ્રેરણાથી પ્રજાએ જે ભોગો આજ સુધી આપ્યા છે તે કરતાં વધારે ત્યાગ અને સાચો સંયમ કેળવી દેશ પોતાનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરે એવું ઇચ્છીશું.

—તારાચંદ જી. ભાઇની ચિ. ભત્રીજી જડાવબ્હેન વર્ષ ૧૯ ના કલકત્તામાં પીકેટીંગ કરતાં એક માસની જેલ યાત્રાએ સિધાવ્યાં છે.

## અંધેરીના જૈનોનો ખુલાસો.

મુંબઈ તા૦ ૨૫-૧-૩૧.

૧ અંધેરીમાં તા૦ ૨૪-૧-૩૧ ના દીને અંધેરી જૈન સંઘવતી શેઠ નગીનદાસ કરમચંદ તરફથી જે વરઘોડો દીક્ષા મહોત્સવ પ્રસંગે કાઢવામાં આવ્યો હતો. તથા તા૦ ૨૫-૧-૩૧ ના દીને જે જમણવાર કરવામાં આવ્યું હતું તેની સાથે અમોને કોઈપણ જાતનો સંબંધ નથી.

૨ અમો માનીએ છીએ કે જમણવારે અત્યારના દેશની આજુ પરિસ્થિતી જોતાં જૈન સમાજને કલંકરૂપ છે. જેથી અમો ઉપરોક્ત કાર્યને સખ્ત રીતે વખોડી કાઢીએ છીએ.

લી૦ અંધેરીના જૈનો,

| | |
|---|---|
| શા. કલ્યાણજી મોરારજી. | શેઠ. કાલીદાસ રતનચંદ. |
| શા. કુંવરજી લાલજી ગોવીંદજી | શા. ખુબચંદ સરૂપચંદ. |
| શા. ચુનીલાલ કસ્તુરચંદ. | શા. વાડીલાલ મનસુખલાલ. |
| શા. હરસી મોણસી | શા. ચીમનલાલ નહાનચંદ. |
| શા. રેવજી વિજપાળ | શા. રમણલાલ વાડીલાલ. |
| શા. દેરજી કેશવ. | શા. પોપટલાલ ભીખાચંદ. |
| શા. દયાળચંદ નથુભાઈ | શા. જયંતીલાલ કાલીદાસ |
| શા. પાસુ કરમશી. | અને બીજાઓ |

## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

મુંબઈ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઈવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.

## ગ્રાહકોને સુચના.

પત્રિકાનું બીજું વરસ જાનવારીની ૧ લીથી શરૂ થયું છે. લવાજમ મોકલી આપવા નમ્ર સુચના છે.

: : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાલા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઈ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઈવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઈ ૩ મથેથી પ્રસિદ્ધ કરી છે.